# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 170 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ અષાઢ વદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 July 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

શનિવાર, ૧૯ જુલાઈ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## પાકિસ્તાનને અમેરિકાનો ઝટકો

# પહલગામ હુમલો કરાવનાર ટીઆરએફ આતંકવાદી સંગઠન જાહેર

### જોકે પાકિસ્તાન લશ્કરે તૈયબાના મુખવટારૂપ ટીઆરએફનું નામ બદલીને તેની નાપાક પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની ફિરાકમાં

વૉશિંગ્ટન: અમેરિકાએ પહલગામ આતંકવાદી હુમલાને માટે દોષી પાકિસ્તાનસ્થિત આતંકવાદી સંગઠન લશ્કરે તૈયબાના મુખવટારૂપ સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)ને 'ફૉરેન ટેરરિસ્ટ ઑર્ગેનાઈઝેશન-એફટીઓ' જાહેર કર્યું હતું. જોકે અમેરિકા દ્વારા ટીઆરએફને વૈશ્વિક આતંકવાદી સંગઠન જાહેર કરવાથી પાકિસ્તાનને ઝટકો તો લાગ્યો છે પણ તે ફરી છટકબારી શોધવાની ફિરાકમાં છે. પાકિસ્તાન ટીઆરએફનું નામ બદલીને બીજા નામે તેની આતંકવાદી પ્રવૃત્તિ ચાલુ રાખે તો નવાઈ નહીં.

ભારતે અમેરિકાનાં આ નિર્ણયને સમયસરનો અને મહત્વનો લેખાવી આવકાર્યો હતો અને કહ્યું હતું કે અમેરિકાનું આ પગલું આતંકવાદને અંકુશમાં લેવાને મામલે બંને દેશ વચ્ચે મજબૂત સહકારનું પ્રતિબિંબ પાડે છે.

અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ શિક્ષાત્મક પગલાંની જાહેરાત કરતાં કહ્યું હતું કે આ નિર્ણય પહલગામ આતંકવાદી હુમલાના અસરગ્રસ્તોને ન્યાય અપાવવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલી હાકલ અને આતંકવાદને અંકુશમાં લેવાની અમેરિકાની પ્રતિબદ્ધતાનો હિસ્સો છે.

અમેરિકાના વિદેશ ખાતાએ ટીઆરએફને એફટીઓ અને સ્પેશ્યલી ડેઝિગ્નેટેડ ગ્લોબલ ટેરરિસ્ટ (એસડીજીટી) લેખાવ્યું હતું.

અગાઉ ટીઆરએફએ ૨૬ નિર્દોષ નાગરિકોનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

વર્ષ ૨૦૦૮માં કરવામાં આવેલા મુંબઈ આતંકવાદી હુમલા બાદનો આ સૌથી જીવલેણ હુમલો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■



**જળસ્તર:** ચોમાસાની મોસમમાં પ્રયાગરાજમાં શુક્રવારે ગંગા નદીનું જળસ્તર સતત વધતા આંશિક રીતે ડૂબેલા દશાશ્વામેધ ઘાટ પર મુલાકાતીની રાહ જોઈ રહેલા પૂજારી. (એજન્સી)

## આપ હવે ઈન્ડિ યુતિમાંથી આઉટ

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ૪૦૦ પારના નારા અને બહુમતના સપનાને અધૂરું રાખવામાં વિપક્ષના ઇન્ડિ ગઠબંધનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી જો કે હવે આ ગઠબંધન નબળું પડતું દેખાઈ રહ્યુ છે. લોકસભા ચૂંટણી બાદ જ આમ આદમી પાર્ટીએ ગઠબંધનથી અંતર બનાવી લીધું હતું અને હવે લોકસભાના શિયાળુ સત્ર પૂર્વે આપ આ ગઠબંધનથી તેના તમામ સબંધો પુરા કરી દીધા છે. આપના આ નિર્ણયથી ગઠબંધનની ઉભરતી જતી તાકાત ઘટે અને વિપક્ષનો અવાજ પણ નબળો પડી શકે છે.

સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થઈને ૨૧મી ઓગસ્ટ સુધી (જુઓ પાનું ૨) ▸▸


## 'મુંબઈ સમાચાર'ની નોખી-અનોખી પહેલ

# પ. પૂ. રમેશભાઈ ઓઝાના આશીર્વાદ સાથે સૌ પ્રથમ ભાષા-ભાગવતનું આયોજન

### ગુજરાતી પાણી જેવા પણ છે અને પાણીદાર પણ છે એમ ભાગવત કથાકારે 'મુંબઈ સમાચાર'ની પ્રસ્તુતિ '૫૧ ગુજરાતી' પુસ્તક સ્વીકારતા કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

પોરબંદર: દેશમાં અને ખાસ કરીને મહારાષ્ટ્ર રાજ્યમાં ભાષાને નામે જબરી અરાજકતા ફેલાઈ છે ત્યારે 'મુંબઈ સમાચારે' પ. પૂ. ભાગવત કથાકારના આશીર્વાદ સાથે સૌ પ્રથમ 'ભાષા-ભાગવત'ની અનોખી પહેલ કરી છે.




ભાષા વિવાદ નહીં પણ સંવાદનું માધ્યમ છે અને એ સમાજમાં એકમેકને જોડવાનું કામ કરે છે. આવી પરિસ્થિતિમાં જ્યારે સૌને સ્વીકૃત એવું વિચાર અને શબ્દનું માધ્યમ હોય તો એ છે ભાગવત. આ જ ભાગવતની કથા ભાષા-ભાગવતના રૂપમાં લોકો સમક્ષ રજૂ થાય તો કેવું? આ વિચાર 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ પ્રખર અને પ. પૂ. ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝા સમક્ષ માંડ્યો અને તેમને ભાષા-ભાગવતનાં વિચારને આશીર્વાદ આપવાની વિનંતી કરી.

ભાઈશ્રીએ નીલેશ દવેના વિચારને તરત જ સ્વીકાર્યો હતો અને તેમણે પોતાના વ્યસ્ત સમયપત્રકમાંથી સમય કાઢીને આગામી ચારથી પાંચ મહિનામાં એટલે કે વર્ષ ૨૦૨૬ના માર્ચ-એપ્રિલમાં ભાષા-ભાગવતનું આયોજન કરવાને પોતાના આશીર્વાદ આપ્યા હતા.

ભાઈશ્રીના નેતૃત્વ હેઠળ 'મુંબઈ સમાચાર'ના યજ્ઞમાં રોજે-રોજે ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દૂ ભાષાઓના આગેવાનો, સાહિત્યકારો અને રાજકારણીઓ ભાગ લેશે. તેમ જ દેશની ભાષા એક જ છે એ 'મુંબઈ સમાચાર' દ્વારા વહેતા મુકાયેલા વિચારને આગળ ધપાવશે.

તમે પણ આ અદ્ભુત યજ્ઞમાં જોડાઈ શકો છો અને તેના માટે તમારે 'મુંબઈ સમાચાર' જોતા રહેવું પડશે જેમાં આ સંબંધી જાહેરાત ટૂંકમાં જ કરાશે.

પોરબંદરમાં સાંદીપની આશ્રમમાં 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ અખબાર દ્વારા તાજેતરમાં તેના ૨૦૪મા સ્થાપના દિને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિમોચિત કરાયેલા '૫૧ ગુજરાતી' પુસ્તકની ભાઈશ્રીને ભેટ આપી હતી. આ પુસ્તકમાં એક પ્રકરણ ભાઈશ્રીને પણ સમર્પિત છે.

પુસ્તકના વિચાર તેમ જ 'મુંબઈ સમાચાર' દ્વારા ડૉક્ટરોનું ધન્વન્તરી પારિતોષિક સાથે સન્માન કરવાના પગલાંને ભાઈશ્રીએ વધાવી લીધું હતું તથા 'મુંબઈ સમાચાર'ના માલિક એવા કામા પરિવાર દ્વારા ગુજરાતી ભાષા અને સંસ્કૃતિમાં આપેલા પ્રદાનને પણ ભાઈશ્રીએ બિરદાવી હતી.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ગુજરાતીઓ પાણી જેવા છે. ન પાણી વિના શરબત થાય કે ન તેના વિના રસોઈ થાય. તેઓ જ્યાં રહે ત્યાં પાણીની જેમ ભળી જાય છે.

ગુજરાતી પાણી જેવો પણ છે અને પાણીદાર પણ છે, એમ કહીને તેમણે જય જય ગરવી ગુજરાત અને જય મહારાષ્ટ્ર કહી મહારાષ્ટ્રમાંના ગુજરાતીઓને યાદ કર્યાં હતા. ■

# પશ્ચિમ બંગાળમાં મહિલાઓ પરના અત્યાચાર સામે મનમાં સખત રોષ: મોદી

કોલકાતા: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દુર્ગાપુર ખાતે એક જાહેરસભામાં પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકાર પર નિશાન સાધતાં કહ્યું હતું કે રાજ્યમાં મહિલા પર થતાં અત્યાચાર દુ:ખદ છે અને તેની સામે પોતાના મનમાં રોષ ભભૂકે છે. મોદીએ રાજ્ય સરકાર પર ગુનેગારોને છાવરવાનો અને રક્ષણ પૂરું પાડવાનો આક્ષેપ પણ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળમાં જનસભાને સંબોધતા શાસક તૃણમૂલ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભાજપ એકમાત્ર એવો પક્ષ છે જે વાસ્તવમાં બંગાળની અસ્મિતાનું સન્માન અને રક્ષણ કરે છે તથા તેમણે રાજ્યમાં ઘૂસણખોરી કરાવવા, હિંસા ભડકાવવા અને બંગાળી યુવાનોના હિજરત પાછળ શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દુર્ગાપુરમાં એક જાહેર સભાને સંબોધતા કહ્યું હતું કે 'ભાજપ માટે બંગાળની અસ્મિતા સર્વોપરી છે. જે પણ રાજ્યમાં ભાજપ સરકાર છે, ત્યાં બંગાળીઓનું સન્માન કરવામાં આવે છે.'

વડાપ્રધાન મોદીએ તૃણમૂલ કોંગ્રેસના તાજેતરના આરોપને ફગાવી દેવાનો પ્રયાસ કરતા આ વાત કરી હતી. જેમાં તૃણમૂલ (જુઓ પાનું ૨) ▸▸

**અભિવાદન:** પશ્ચિમ બંગાળના પશ્ચિમ બર્ધમાન જિલ્લાના દુર્ગાપુર ખાતે શુક્રવારે યોજાયેલી એક જાહેર સભા દરમિયાન અભિનેતા અને ભાજપના નેતા મિથુન ચક્રવર્તીએ કેન્દ્રીય પ્રધાન હરદીપ સિંહ પૂરીની ઉપસ્થિતીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું હતું. (એજન્સી)



## 'વિકસિત બિહાર' પૂર્વ ભારતના વિકાસ માટે જરૂરી: પીએમ

પટણા: નોકરી માટે જમીન કૌભાંડનો ઉલ્લેખ કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) પર નોકરી આપવાનું વચન આપીને ગરીબો પાસેથી જમીન છીનવી લેવાનો આક્ષેપ કર્યો હતો અને ભારપૂર્વક કહ્યું હતું કે 'વિકસિત બિહાર' પૂર્વ ભારતના વિકાસ માટે ચાવીરૂપ છે.

બિહાર વિધાનસભાની આવનારી ચૂંટણી અગાઉ મોતીહારી ખાતે એક જાહેરસભાને સંબોધન કરતાં મોદીએ 'બનાયેગા નયા બિહાર, ફીર એકબાર એનડીએ સરકાર'નું નવું સૂત્ર આપ્યું હતું. મોદીનું આ નવું સૂત્ર લોકો અને પક્ષના કાર્યકર્તાઓમાં ઊર્જા ભરી રહ્યું છે. મોદીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસ અને (જુઓ પાનું ૨) ▸▸

## શરાબકાંડમાં છત્તીસગઢના ભૂતપૂર્વ સીએમના પુત્ર ચૈતન્ય બઘેલની ધરપકડ

રાયપુર: લિકર કૌભાંડ કે સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ શુક્રવારે કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની ધરપકડ કરી હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. લિકર કૌભાંડને મામલે પુત્ર ચૈતન્યની ધરપકડ કરવામાં આવ્યા બાદ પિતા ભૂપેશ બઘેલે કહ્યું હતું કે વિપક્ષના નેતાઓને નિશાન બનાવવા ઈડી સહિતની કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

બિહારના દૂર્ગ જિલ્લાસ્થિત તેનાં નિવાસસ્થાને નવેસરથી દરોડા પાડવામાં આવ્યા બાદ પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

પિતા-પુત્ર બંને એક ઘરમાં રહે છે. પક્ષના ટેકેદારો ત્યાં એકઠાં થયાં હોવાને કારણે તેમનાં નિવાસસ્થાનની બહાર મોટા પ્રમાણમાં પોલીસ ગોઠવી દેવામાં આવી હતી.શુક્રવારે ચૈતન્યનો જન્મદિન હતો, એમ પિતા ભૂપેશ બઘેલે કહ્યું હતું.

કેસને મામલે નવા પુરાવાઓ મળી આવ્યા બાદ ચૈતન્ય તપાસ દરમિયાન સહકાર ન આપતો હોવાને કારણે ઍન્ટિ મનીલૉન્ડરિંગ ઍક્ટની કલમ ૧૯ અંતર્ગત તેની ધરપકડ કરવામાં આવી હતી.

વધુ પૂછપરછ માટે તેની કસ્ટડી લેવા રાયપુરસ્થિત સ્પેશ્યલ પીએમએલએ કોર્ટ સમક્ષ ચૈતન્યને રજૂ કરવામાં આવ્યો હતો.

કથિત લિકર કૌભાંડ મારફતે મેળવેલા ૧,૦૭૦ કરોડ રૂપિયામાંથી ચૈતન્યની કંપનીએ ૧૭ કરોડ રૂપિયા મેળવ્યા હતા. આ કૌભાંડને કારણે રાજ્યની તિજોરીને ભારે નુકસાન થયું હોવાનો ઈડીએ દાવો કર્યો હતો. (એજન્સી)■

# અમેરિકામાં ટ્રમ્પ સામે ભભૂકી રહેલો રોષ: લાખો લોકો રસ્તા પર ઊતર્યા

વોશિંગ્ટન: ગત ફેબ્રુઆરી મહિનામાં અમેરિકાના પ્રમુખનું પદ સાંભળ્યા બાદ ડોનલ્ડ ટ્રમ્પ એક પછી એક વિવાદાસ્પદ નિર્ણયો લઇ રહ્યા છે, જેના કારણે તેઓ સતત ચર્ચામાં રહે છે. રિપબ્લિકન ટ્રમ્પના શાસનના હજુ પાંચ મહિના જ વીત્યા છે, એવામાં અમેરિકાના લોકોનો રોષ ફાટી નીકળ્યો છે, લોકો ટ્રમ્પના વિરોધમાં રસ્તા પર ઊતરી આવ્યા છે. છેલ્લા બે દિવસથી અમેરિકાના તમામ ૫૦ રાજ્યોમાં ૧,૫૦૦ વધુ સ્થળોએ ટ્રમ્પ વિરુદ્ધ લાખો લોકો શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા છે.

'ગુડ ટ્રબલ લિવ્સ ઓન' શીર્ષક હેઠળના આ વિરોધ પ્રદર્શનમાં લાખો લોકો જોડાઈ રહ્યા છે. હેલ્થ કેરના ખર્ચમાં કામ, નવી કડક ઇમિગ્રેશન પોલિસી અને અન્ય નિર્ણયોનો સામે નારાજગી દર્શાવતા ટ્રમ્પ વહીવટીતંત્ર સામે વિરોધ કરવામાં આવી રહ્યો છે. પ્રદર્શનકારી અમેરિકાના રાષ્ટ્રધ્વજ અને વિવિધ સૂત્રો લખેલા પ્લે કાર્ડ્સ દર્શાવીને વિરોધ કરી રહ્યા છે.

ન્યૂ યોર્કમાં પ્રદર્શનકારીઓ ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ બિલ્ડિંગ સામે એકઠા થયા હતાં. વોશિંગ્ટન શહેરના વ્હાઇટ હાઉસથી થોડા બ્લોક દૂર એક પાર્કમાં સેંકડો લોકો વિરોધ પ્રદર્શન માટે એકઠા થયા હતાં. મિનિયાપોલિસના ડાઉનટાઉનમાં થયેલા પ્રદર્શનોમાં ભાષણો આપવામાં આવ્યા હતાં. શિકાગોમાં, એટલાન્ટા, સેન્ટ લુઇસ, અન્નાપોલિસ અને ઓકલેન્ડમાં રેલીઓ, કૂચ, કેન્ડલ લાઈટ વિજીલ, ફૂડ ડ્રાઇવ, ડાયરેક્ટ એક્શન ટ્રેનિંગ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

## વિદેશી સહાય પર નવ અબજ ડૉલરનો કાપ: ટ્રમ્પનો પ્રસ્તાવ મંજૂર

વૉશિંગ્ટન: જાહેર પ્રસારણ અને વિદેશી સહાય પર નવ અબજ ડૉલરનો કાપ મૂકવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વિનંતીને સૅનેટે શુક્રવારે મંજૂરી આપી હતી.

પક્ષના એજન્ડાને અનુરૂપ ન હોવાનું જણાવી રિપબ્લિકન પક્ષના સૅનેટરોએ સંસ્થાઓને વધુ ઉગ્ર રીતે નિશાન બનાવવાના પ્રયાસ આરંભ્યા હોવા વચ્ચે સૅનેટે ટ્રમ્પના ઉપરોક્ત પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

દાયકાઓઓમાં પહેલી જ વાર પ્રમુખની આ પ્રકારની વિનંતીને મંજૂરી આપવામાં આવી હતી અને સૅનેટનું કહેવું છે કે આ મંજૂરી અંતિમ નહીં હોય. જાહેર પ્રસારણ અને વિદેશી સહાયની યોજના પર નવ અબજ ડૉલરનો કાપ મૂકવાના પ્રસ્તાવને આપવામાં આવેલી મંજૂરીથી અમુક રિપબ્લિકન સૅનેટરો નારાજ થઈ ગયા હતા છતાં તેમણે આ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

સૅનેટમાં ૨૧૬ વિરુદ્ધ ૨૧૩ મતથી આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. (એજન્સી) ■

# કાવડિયાઓને બદનામ કરવાની મોટી ઝુંબેશ

## યોગી આદિત્યનાથ

વારાણસી (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું કે કેટલાક લોકો સોશ્યલ મીડિયા પર નકલી અકાઉન્ટ બનાવીને કાવડિયાઓને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને તેમને આતંકવાદી અને બદમાશ પણ કહી રહ્યા છે.

અહીં આદિવાસી ગૌરવ બિરસા મુંડા પર રાષ્ટ્રીય સેમિનારને સંબોધતા મુખ્યપ્રધાને કહ્યું હતું કે, ''હાલમાં કાવડ યાત્રા ચાલી રહી છે જેમાં સમાજના શ્રમજીવી વર્ગથી લઈને સમાજના ઉચ્ચ વર્ગ સુધીના દરેક વ્યક્તિ આ અભિયાન સાથે જોડાયેલા છે. આ એકતાનો અદભૂત સંગમ છે જ્યાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી અને દરેક વ્યક્તિ ભક્તિથી ચાલે છે.''

આદિત્યનાથે કહ્યું હતું કે કોઈ ભેદભાવ નથી. કોઈ જાતિનો ભેદ નથી, કોઈ ક્ષેત્રનો ભેદ નથી, કોઈ વર્ગનો ભેદ નથી, કોઈ મતનો ભેદ નથી, કોઈ સંપ્રદાયનો ભેદ નથી. તેઓ 'હર હર બમ બમ' ના નારા લગાવે છે. તેઓ ૩૦૦-૪૦૦ કિલોમીટર ચાલીને ત્યાંથી પાણી લે છે, કાવડને પોતાના ખભા પર મૂકીને એ જ ભક્તિભાવથી પરત ફરે છે.

આદિત્યનાથે કહ્યું કે 'મીડિયા ટ્રાયલ' ચાલી રહ્યું છે. કાંવડ યાત્રાને બદનામ કરવામાં આવી રહી છે. તેમના વિશે ઘણું લખાયું છે, તેઓ તેમને (કાંવડ યાત્રાળુઓને) તોફાની અને આતંકવાદી કહેવાની પણ હિંમત ધરાવે છે. આ માનસિકતા છે કે તેઓ દરેક રીતે ભારતના વારસાનું અપમાન કરે છે. જાતિ વચ્ચે સંઘર્ષ વધારવા માટે નકલી સોશ્યલ મીડિયા એકાઉન્ટ ચલાવવામાં આવી રહ્યા છે અને આરોપ લગાવ્યો કે ''ભારતની શ્રદ્ધાનું હંમેશા અપમાન કરનારા'' લોકો તેની પાછળ છે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કાવડ યાત્રાના બહાને મુસ્લિમ તુષ્ટિકરણ, દિગ્વિજય નહીં સુધરે

**લાંબા** સમયની શાંતિ પછી કૉંગ્રેસના ઓરિજિનલ બડફા સરદાર દિગ્વિજયસિંહ પાછા વરતાયા છે. ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનો બેસી ગયો છે તેથી શ્રાવણ મહિનાના પહેલા દિવસથી શરૂ થતી કાવડ યાત્રા પણ શરૂ થઈ ગઈ છે. દિગ્વિજયસિંહે કાવડ યાત્રાના બહાને પાછો મુસ્લિમ તુષ્ટિકરણનો ખેલ માંડી દીધો છે અને કાવડ યાત્રા ટાણે જ તેમણે વખારમાંથી કાઢીને એક તસવીર મૂકી દીધી છે કે જેમાં રસ્તા પર નમાઝ પઢી રહેલા એક મુસ્લિમને એક પોલીસવાળો લાત મારી રહ્યો છે.

દિગ્વિજયે આ તસવીરની સાથે રોડ પર મુકાયેલી કાવડોની તસવીર પણ મૂકી છે. 'એક દેશ, બે કાયદા' હેડિંગ હેઠળ મુકાયેલી બે તસવીરો દ્વારા દિગ્વિજયસિંહે આક્ષેપ કર્યો છે કે, યોગી આદિત્યનાથ સરકાર બેવડાં ધોરણો બતાવી રહી છે કેમ કે કાવડ યાત્રા માટે રસ્તા ખોલી દેવાયા છે જ્યારે રસ્તા પર નમાઝ પઢી રહેલા મુસ્લિમો પર અત્યાચારો કરાય છે.

દિગ્વિજયસિંહની આ સોશ્યલ મીડિયા પોસ્ટ એ વાતનો પુરાવો છે કે, કૂતરાની પૂંછડી વાંકી વાંકી ને વરસો લગી પાઈપમાં રાખો તોય સીધી ના જ થાય. સાથે સાથે દિગ્વિજય સહિતના નેતાઓને મુસ્લિમ તુષ્ટિકરણ માટે હિંદુઓની લાગણી પર પ્રહાર કરવામાં ને જૂઠાણાં ચલાવવામાં પણ કોઈ છોછ નથી નડતો એ પણ સાબિત થયું છે.

દિગ્વિજયે મૂકેલી મુસ્લિમને લાત મારતી પોલીસની તસવીર દિલ્હીના ઈન્દ્રલોક વિસ્તારની છે અને ચાર મહિના જૂની છે. આ વર્ષના માર્ચમાં આ ઘટના બની પછી આ પોલીસને સસ્પેન્ડ કરી દેવાયો હતો. દિલ્હી પોલીસ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તાબા હેઠળ કામ કરે છે ને કેન્દ્રમાં ભાજપની સરકાર છે.મુસ્લિમ શ્રદ્ધાળુ સાથે ખરાબ વ્યવહાર કરનારા પોલીસને ભાજપની સરકારે જ સજા આપી હતી પણ દિગ્વિજયે એ વાત ગુપચાવીને મુસ્લિમો પર ભાજપ શાસનમાં અત્યાચારો થાય છે એવું સદંતર જૂઠાણું ચલાવ્યું છે.

દિગ્વિજયે રોડ પર કાવડો મુકાયેલી હોવાની તસવીર મૂકી છે એ પણ વિકૃત માનસિકતાનો પરચો છે. રસ્તા પર નમાઝ પઢવાથી ટ્રાફિક જામ થાય છે અને લોકોને તકલીફ પડે છે તેથી તેનો વિરોધ થાય છે પણ કાવડ યાત્રાના કારણે પણ એવું જ થાય છે છતાં કોઈ પગલાં નથી લેવાતાં એવું દિગ્વિજય સ્થાપિત કરવા મથે છે પણ આ પણ મોટું જૂઠાણું છે.

કાવડ યાત્રાના કારણે કોઈને તકલીફ નથી પડી રહી અને વાહનવ્યવહાર શાંતિથી ચાલી રહ્યો છે એવું દિગ્વિજયે મૂકેલી તસવીરમાં જ દેખાય છે એ જોતાં રસ્તા પર નમાઝ પઢવાથી થતી તકલીફો સાથે તેને સરખાવી ના શકાય. બીજું એ કે કાવડ યાત્રાનો રૂટ વરસોથી નક્કી જ છે અને આ રૂટ સાથે હિંદુઓની ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે તેથી તેને બદલી ના શકાય. લોકોને આ વાતની ખબર જ હોય છે તેથી લોકો વૈકલ્પિક રૂટ પસંદ કરે છે. તેના કારણે પણ તકલીફ નથી પડતી. બીજું એ કે, મુસ્લિમોના તાજિયા વખતનાં જુલૂસ કે બીજા કાર્યક્રમોના કારણે પણ આ પ્રકારની સ્થિતિ સર્જાય જ છે. આ દેશના હિંદુઓ સહિષ્ણુ છે તેથી મુસ્લિમોની શ્રદ્ધાને લગતી બાબતોને કારણે પડતી તકલીફો સહન કરે જ છે ને?

ઉત્તર ભારતમાં કાવડ યાત્રાની પરંપરા બહુ જૂની છે અને કરોડો હિંદુઓની શ્રદ્ધા તેની સાથે જોડાયેલી છે. તેની વિરુદ્ધ બોલવાથી હિંદુઓ રાજી થાય ખરા ? કાવડ યાત્રા સાથે હજારો ગામો જોડાયેલાં છે. મહાદેવ એટલે કે ભગવાન શિવની કાવડ યાત્રા શ્રાવણ મહિનાના પહેલા દિવસથી શરૂ થાય છે. ૧૫ દિવસ સુધી ચાલતી કાવડ યાત્રા દરમિયાન કાવડિયા તરીકે ઓળખાતા લોકો પગપાળા ઉત્તરાખંડના હરિદ્વાર, ગૌમુખ, ગંગોત્રી સહિતનાં ગંગા નદીના કિનારે આવેલાં તીર્થસ્થાનોમાં આવે છે. હિંદુઓનાં આ ધર્મસ્થાનોમાંથી કાવડિયા મોટા કળશોમાં ગંગાજળ ભરીને તેને કાવડમાં લટકાવીને પોતપોતાનાં ગામ જાય છે.

ગંગા નદીના જળથી કાવડિયાના ગામ તથા આસપાસના શિવમંદિરમાં અભિષેક કરે છે. કાવડ યાત્રાનું સૌથી મોટું સ્થાન હરિદ્વાર છે. મોટા ભાગના કાવડિયા ગંગાજળ લેવા માટે હરિદ્વારમાં ઊમટે છે કેમ કે હરિદ્વાર ઉત્તર ભારતની ચાર ધામ યાત્રાનું એક તીર્થસ્થાન છે અને હિંદુઓમાં હરિદ્વાર માટે સૌથી વધારે ભક્તિભાવ છે.

કાવડ યાત્રાનું કેન્દ્રસ્થાન ઉત્તરાખંડ હોવાથી ભલે ઉત્તરાખંડમાં લાખો કાવડિયા ઊમટતા પણ તેની અસર સૌથી વધારે ઉત્તર પ્રદેશને થાય છે. ઉત્તરાખંડની સરહદ હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશ એ બે રાજ્યોને અડકે છે તેથી હિમાચલ પ્રદેશથી પણ કાવડિયા ઉત્તરાખંડમાં પ્રવેશે છે પણ વધારે કાવડિયા ઉત્તર પ્રદેશની સરહદેથી પ્રવેશે છે. છેક મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાનથી કાવડિયા આવે છે.

આ બધા કાવડિયા ઉત્તર પ્રદેશની સરહદેથી પ્રવેશે છે તેથી સૌથી વધારે હલચલ ઉત્તર પ્રદેશમાં જોવા મળે છે. ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની સરહદ બહુ લાંબી છે. યુપીના બિજનૌર, સહારનપુર, મુઝફ્ફરનગર અને મેરઠ એ ચાર જિલ્લામાંથી ઉત્તરાખંડમાં ઘૂસી શકાય છે. આ વિસ્તાર મેદાની પ્રદેશ છે તેથી ઠેર ઠેર કાવડિયાઓ છાવણીઓ નાંખીને પડ્યા હોય છે. લાખોની સંખ્યામાં આવતા આ કાવડિયાઓ ઉત્તર ભારતનાં ગામેગામના પ્રતિનિધિ છે ત્યારે તેમની વિરૂધ્ધ બોલવામાં કોઈ ફાયદો જ નથી.

દિગ્વિજયની હરકત એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસીઓ ભૂતકાળમાંથી કશું શીખ્યા નથી અને હિંદુઓની લાગણી દુભાવવામાં ને દુભાવવામાં પતી ગયા તોય સાન ઠેકાણે આવતી નથી. તેમને હજુય એવું જ લાગે છે કે, હિંદુઓને ગાળો દેવાથી ને મુસ્લિમોના પગોમાં આળોટવાથી પાછી સત્તા મળશે.

દિગ્વિજયસિંહ કૉંગ્રેસના ઓરિજિનલ બડફા સરદાર છે. કૉંગ્રેસની મુસ્લિમ પાર્ટી તરીકેની ઈમેજ પડી ગઈ અને હિંદુઓ કૉંગ્રેસથી દૂર ભાગવા માંડ્યા તેના મૂળમાં દિગ્વિજયસિંહ સહિતના નેતાઓ છે. આ નેતાઓને મુસ્લિમો માટે ખરેખર પ્રેમ છે કે નહીં એની તેમને ખબર પણ પોતાની જાતને મુસ્લિમોના હમદર્દ તરીકે સ્થાપિત કરવાની એક તક આ નેતા છોડતા નથી. એ લોકો મુસ્લિમોના હમદર્દ બને તેમાં પણ આપણને વાંધો નથી પણ તકલીફ એ છે કે, હિંદુઓને ગાળો દેવાથી મુસ્લિમો રાજી થાય છે એવા ભ્રમમાં એ લોકો જીવે છે. તેના કારણે હિંદુઓની લાગણી દુભાય એવા લવારા કર્યા કરે છે ને તેમાં ને તેમાં કૉંગ્રેસ મુસ્લિમ પાર્ટી તરીકે ચિતરાઈ ગઈ છે, હિંદુઓ કૉંગ્રેસના નામથી ભડકે છે છતાં આ નેતા છાસવારે આ જ બકવાસ કરવા બેસી જાય છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૧૯-૭-૨૦૨૫, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૮, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૪-૩૮ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૬-૩૨, સાંજે ક. ૧૭-૫૯
- ઓટઃ સવારે ક. ૧૨-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૦ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - નવમી. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૦, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ ત્યાર પછી સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૩ વાહન મોર (સંયોગિયું નથી)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા પાઠ, સુંદરકાંડ પાઠ વાંચન, યમદેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ વાણીમાં વિવાદ ભરપૂર, ચંદ્ર-મંગળ ત્રિકોણ શાંત સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# અમેરિકામાં ગુજરાતી પર વિઝા છેતરપિંડીનો આરોપ

ન્યૂ યોર્કઃ અમેરિકાના લુઇઝિયાનામાં ભારતીય મૂળના એક ઉદ્યોગપતિ પર વિઝા છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ત્રણ પોલીસ વડાઓ સહિત ચાર અમેરિકન કાનૂની અધિકારીઓ પર પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

કોર્ટ દસ્તાવેજ અનુસાર કેલિફોર્નિયાના ઓકડેલના રહેવાસી ચંદ્રકાંત પટેલ, ચાડ ડોયલ, ગ્લિન ડિક્સન, ટેબો ઓનિશિયા અને સિટી માર્શલ માઇકલ સ્લેની પર બુધવારે લા-ફેયેટમાં આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમના પર યુએસ સરકારના યુ વિઝા પ્રોગ્રામ હેઠળ ઇમિગ્રેન્ટ્સના વિઝા દાવાઓને સમર્થન આપવા માટે ખોટો અપરાધ રિપોર્ટ બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

દસ્તાવેજો અનુસાર ઇમિગ્રન્ટ્સે ભારતીય મૂળના ઉદ્યોગપતિ ચંદ્રકાંત પટેલનો સંપર્ક કર્યો હતો જેથી પોલીસ રિપોર્ટમાં તેમનું નામ પીડિતો તરીકે નોંધી શકાય. જેથી તેઓ યુ વિઝા માટે અરજી કરી શકે. તેમણે તેમને પોતાને લૂંટનો ભોગ બનેલા તરીકે વર્ણવવા કહ્યું હતું. યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસ(યુએસસીઆઇએસ)ની વેબસાઇટ પર યુ-વિઝા વિશે માહિતી આપવામાં આવી છે. આ મુજબ યુ વિઝા એવા ઇમિગ્રન્ટ્સ માટે અનામત છે જેઓ ગુનાનો ભોગ બન્યા છે અને જેમણે માનસિક અથવા શારીરિક શોષણનો સામનો કર્યો છે.■

# દિલ્હીમાં ૪૫ શાળા-૩ કોલેજોમાં બૉમ્બની ધમકીઃ વાલીઓ પરેશાન

નવી દિલ્હીઃ દિલ્હીમાં શુક્રવારના રોજ ૪૫થી વધુ શાળાઓ અને ત્રણ કોલેજોને ઈ-મેલ દ્વારા બૉમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. આ અઠવાડિયામાં આ ચોથો દિવસ છે જ્યારે રાષ્ટ્રીય રાજધાનીની શાળાઓને બૉમ્બ ધમકીઓ દ્વારા નિશાન બનાવવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું કે દિલ્હી પોલીસ અને અન્ય ક્વિક રિસ્પોન્સ અધિકારીઓ હાલમાં શોધ અને ક્લિયરન્સ કામગીરીમાં રોકાયેલા છે.

આ સંસ્થાઓને ઇમેલ દ્વારા ધમકીઓ મળવાની શરૂઆત થતાં જ પોલીસ, બૉમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ અને ફાયર વિભાગ શાળાઓ અને કોલેજો ખાતે તાબડતોબ દોડી ગયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે અધિકારીઓ પાસેથી મળેલી તાજા જાણકારી અનુસાર જે ત્રણ કોલેજોને આ પ્રકારની ધમકીઓ મળી છે તેમાં ઉત્તર દિલ્હીમાં ઇન્દ્રપ્રસ્થ(આઇપી) મહિલા કોલેજ, હિન્દુ કોલેજ અને શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ(એસઆરસીસી)નો સમાવેશ થાય છે.

અગાઉ પણ કેટલાક જિલ્લાની શાળાઓને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. દ્વારકામાં છ શાળાઓ- સેન્ટ થોમસ સ્કૂલ, જીડી ગોએન્કા સ્કૂલ, ડીઆઇએસ એજ સ્કૂલ, મોર્ડન ઇન્ટરનેશનલ સ્કૂલ, દ્વારકા ઇન્ટરનેશનલ સ્કૂલ અને લા પેટાઇટ મોન્ટેસરીના વહીવટીતંત્રે પોલીસને ધમકીઓ મળવાની જાણ કરી હતી. ત્યારબાદ આ શાળાઓમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ■

# યમનમાં ભારતીય નર્સને ફાંસીની સજામાંથી બચાવવાના પ્રયાસો ચાલુ છેઃ સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું

નવી દિલ્હીઃ કેન્દ્રએ શુક્રવારે સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે યમનમાં હત્યાના આરોપમાં મૃત્યુદંડની સજા ભોગવી રહેલી ભારતીય નર્સ નિમિષા પ્રિયા સુરક્ષિત રીતે બહાર આવે તે માટે સરકાર શક્ય તેટલા પ્રયાસો કરી રહી છે.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચને જાણ કરવામાં આવી હતી કે જુલાઈમાં નિર્ધારિત પ્રિયાની ફાંસી પર રોક લગાવવામાં આવી છે.

અરજદાર સંગઠન ''સેવ નિમિષા પ્રિયા - ઇન્ટરનેશનલ એક્શન કાઉન્સિલ'' વતી હાજર રહેલા વકીલે હત્યા પીડિતના પરિવારને વાટાઘાટો માટે મળવા માટે કેન્દ્ર દ્વારા નિયુક્ત પ્રતિનિધિમંડળની માંગ કરી હતી.

બારમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં ફાંસી પર રોક લગાવવામાં આવી છે. અરજદાર સરકાર સમક્ષ કેટલીક રજૂઆત કરવા માગે છે, જેને તેઓ આગળ વધારવા માટે સ્વતંત્ર છે, એમ બેન્ચે જણાવ્યું હતું. એટર્ની જનરલ આર વેંકટરામાણીએ જણાવ્યું હતું કે કેન્દ્રના પ્રયાસો ચાલુ છે, અરજદારના વકીલે કહ્યું છે કે ફાંસી પર રોક લગાવવામાં આવી છે.

''પહેલું પગલું એ છે કે, તેમણે ફાંસીની સજા હાલ મુલતવી રાખી છે. આપણે પહેલા માફી મેળવવાની જરૂર છે. બીજા તબક્કામાં બ્લડ મની આવે છે. પહેલા પરિવારે આપણને માફ કરવા પડશે. બ્લડ મની પર ચર્ચા આ પછી થઈ શકે છે,'' એમ વકીલે કહ્યું હતું.

વકીલે કહ્યું કે યમન એવો દેશ નથી જ્યાં કોઈ પણ મુસાફરી કરી શકે કારણ કે સરકાર દ્વારા પરવાનગી ન મળે ત્યાં સુધી ત્યાં જવા માટે પ્રતિબંધ છે.

''તમે સરકારનો સંપર્ક કરો. સરકાર તેના પર વિચાર કરશે. સરકાર પહેલાથી જ તમારા માટે ઘણું બધું કરી રહી છે, તેમના તરફથી શક્ય હોય તે બધું સારી રીતે સંભાળી રહી છે,'' બેન્ચે એવું અવલોકન કર્યું હતું.

અરજદારના વકીલે વિનંતી કરી હતી કે અરજદાર સંગઠનના બે કે ત્રણ લોકોના પ્રતિનિધિમંડળ અને કેરળના એક ધાર્મિક વિદ્વાનના પ્રતિનિધિઓ, જે આ મામલામાં પણ સામેલ છે, તેમને પીડિત પરિવાર સાથે વાટાઘાટો માટે યમન જવાની મંજૂરી આપી શકાય.

વકીલે કહ્યું કે, જો કેન્દ્ર યોગ્ય માને, તો સરકારનો એક પ્રતિનિધિ પણ યમન જઈ શકે છે.

ત્યારે વેંકટરામાણીએ કહ્યું કે, ''મને નથી લાગતું કે આ સમયે ઔપચારિક રીતે કંઈ થઈ શકે એમ છે. અમે ચોક્કસપણે તેના પર વિચાર કરીશું પણ તેને રેકોર્ડ પર નહીં રાખીએ.''

તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે સરકાર કંઈપણ વિપરીત બને તેવું ઇચ્છતી નથી. ■

# ઈઝરાયલે ગાઝાના એક માત્ર કેથલિક ચર્ચ પર હુમલો કર્યો

નવી દિલ્હીઃ ઓક્ટોબર ૨૦૨૩થી ઇઝરાયલી ડિફેન્સ ફોર્સિઝ ગાઝામાં નરસંહાર કરી રહી છે, જેમાં લગભગ ૫૯,૦૦૦ પેલેસ્ટીનિયન નગરિકોના મોતની પુષ્ટિ થઇ છે, મૃતકોમાં ૧૮,૦૦૦ બાળકોનો સમાવેશ થાય છે. જયારે બે લાખથી વધુ લોકો હજુ લાપતા છે, નાકાબંધીને કારણે હજારો લોકો ખોરાક અને દવાના અભાવે મૃત્યુ પામે તેવી શક્યતા છે. એવામાં ઇઝરાયલ ગાઝા પર સતત રોકેટમારો કરી રહ્યું છે. ગઈ કાલે ઈઝરાયલે ગાઝામાં આવેલા એક માત્ર કેથોલિક ચર્ચ પર હુમલો કર્યો હતો, જેમાં ૩ લોકોના મોત થયા છે અને મુખ્ય પાદરી સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે. ગાઝામાં શાળાઓ, હોસ્પિટલો અને આશ્રયસ્થાનો પર હુમલા બાદ હવે ચર્ચ જેવા ધામિક સ્થળો પણ સલામત નથી. કેથોલિક ચેરિટી કેરિટાસ ઇન્ટરનેશનલિસે જાહેર કરેલે એક નિવેદન મુજબ મૃતકોની ઓળખ હોલી ફેમિલી ચર્ચના ૬૦ વર્ષીય ચોકીદાર સાદ સલામેહ; ચર્ચમાં માનસિક સહાય મેળવી રહેલી ૮૪ વર્ષીય મહિલા ફુમૈયા અય્યદ અને તેની નજીક બેઠેલી ૬૯ વર્ષીય નજવા અબુ દાઉદ તરીકે થઇ છે. ■

# જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ મહાભિયોગના મુદ્દે સંસદમાં એકમતઃ સરકાર

નવી દિલ્હીઃ સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શુક્રવારે જણાવ્યું હતું કે ન્યાયાધીશ યશવંત વર્મા વિરુદ્ધ મહાભિયોગ ચલાવાના મુદ્દા પર તમામ રાજકીય પક્ષો એકમત છે. નોંધનીય છે કે જસ્ટિસ યશવંત વર્માના નિવાસસ્થાનમાંથી સળગી ગયેલી ચલણી નોટોના ઢગલા મળી આવ્યા હતા. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ઇન્ટરવ્યૂમાં સ્પષ્ટ કર્યું કે તમામ પક્ષો સાથે વાત કરવામાં આવી છે અને આ મુદ્દા પર સંસદનો મત એક છે. તેમણે કહ્યું હતું કે, 'મેં લગભગ તમામ મુખ્ય રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચા કરી છે. હું એવા પક્ષો સાથે પણ વાત કરીશ જેમના ફક્ત એક જ સાંસદ છે, જેથી સંસદનો આ મામલે એક જ મત રહે. મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે આ સરકાર જ નહી પરંતુ કોગ્રેસ સહિત તમામ પક્ષોના સાંસદો છે જેઓ ન્યાયાધીશ વર્માને હટાવવાના પ્રસ્તાવના પક્ષમાં છે. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર નહીં પરંતુ સંસદના સભ્યો છે જે પક્ષની રેખાઓથી આગળ વધીને ન્યાયાધીશ વર્માને દૂર કરવા માટે પ્રસ્તાવ લાવવાના પક્ષમાં છે, જેમાં કોંગ્રેસનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર એ અત્યંત સંવેદનશીલ અને ગંભીર બાબત છે, કારણ કે ન્યાયતંત્ર એ જગ્યા છે જ્યાં લોકોને ન્યાય મળે છે. જો ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોય તો તે દરેક માટે ગંભીર ચિંતાનો વિષય છે. એટલા માટે ન્યાયાધીશ યશવંત વર્માને હટાવવાના પ્રસ્તાવ પર તમામ રાજકીય પક્ષોએ હસ્તાક્ષર કરવા પડશે. રિજિજુએ કહ્યું હતું કે તેમને ખુશી છે કે મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે આ મામલાની ગંભીરતા સમજી છે અને આ મુદ્દા પર સાથ આપવા પર સહમતિ વ્યક્ત કરી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આપ હવે ઈન્ડિ

ચાલવાનું છે. અગાઉ આ સત્ર ૧૨ ઓગસ્ટ સુધી નિર્ધારિત હતું, પરંતુ મોદી સરકારે તેમાં એક સપ્તાહનો વધારો કર્યો છે.

શિયાળુ સત્રમાં મોદી સરકારને ઘેરવા માટે 'ઇન્ડ' ગઠબંધન દ્વારા વ્યૂહરચના તૈયાર કરવા શુક્રવારે સાંજે ઓનલાઈન બેઠક બોલાવવામાં આવી હતી.

દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ગઠબંધનની બેઠક યોજાઈ હતી, જેમાં આમ આદમી પાર્ટી હાજર નહોતી. ■

### 'વિકસિત બિહાર'

આરજેડીએ સાથે મળીને ગરીબો અને વંચિત વર્ગના લોકોને નામે રાજકારણ કર્યું છે. અગાઉ બિહારની કરવામાં આવેલી અવગણના અને વિકાસ સ્થગિત થઈ જવા બદલ મોદીએ વિપક્ષના જોડાણને દોષી ઠેરવ્યો હતો.

મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે ઑપરેશન સિંદૂરનો નિર્ણય મેં બિહારની જમીન પર લીધું હતું અને વિશ્વ તેની સફળતાનું સાક્ષી બન્યું હતું.

કૉંગ્રેસ અને આરજેડીના શાસનકાળમાં રાજ્યમાં વિકાસ સંપૂર્ણપણે થંભી ગયો હતો કેમ કે તેમણે ક્યારેય ગરીબોના ઉત્કર્ષ અંગે વિચાર્યું જ નહોતું.

કૉંગ્રેસ અને આરજેડીએ ગરીબો અને વંચિત વર્ગના લોકોને નામે રાજકારણ જ કર્યું હતું, એમ મોદીએ કહ્યું હતું.

રાજ્યમાં યુવાનો માટે વધુ તક ઊભી કરવાનું વચન આપતાં મોદીએ કહ્યું હતું કે દેશભરમાં નોકરી અને રોજગારનું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

છેલ્લા ૪૫ દિવસમાં સરકારે બિહારમાં સેલ્ફહેલ્પ ગ્રૂપ માટે રૂ. ૧,૦૦૦ કરોડનું ભંડોળ છૂટું કર્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દેશમાં કુલ ૧.૫ કરોડ લખપતિ દીદીમાંથી ૨૦ લાખ બિહારની છે.

મોતીહારીનો આપણે મુંબઈની જેમ વિકાસ કરવાનો છે, એમ તેમણે કહ્યું હતું. મોદીએ ૭,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ પણ લૉન્ચ કર્યા હતા. (એજન્સી)■

### પશ્ચિમ બંગાળમાં

કોંગ્રેસે કહ્યું હતું કે ભાજપ શાસિત રાજ્યો બંગાળી ભાષાના શ્રમિકોને નિશાન બનાવી રહ્યા છે. મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) પર હુમલો કરતા મોદીએ કહ્યું હતું કે કેન્દ્રમાં ભાજપ સરકારે બંગાળીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપ્યો છે, જ્યારે કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને ટીએમસી જેવા પક્ષોએ દિલ્હી (કેન્દ્ર) માં વર્ષોથી સાથે સરકાર ચલાવવા છતાં તેને 'નજરઅંદાજ' કરી હતી.

ઘૂસણખોરી અંગે સ્પષ્ટ સંદેશ આપતાં તેમણે કહ્યું હતું કે ટીએમસી ઘૂસણખોરોને મદદ કરી રહી છે. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે જે લોકો ભારતના નાગરિક નથી અને ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા છે, તેમના માટે કાયદો બંધારણ મુજબ તેનું કામ કરશે. વડાપ્રધાન મોદીએ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે પશ્ચિમ બંગાળમાં રાજકીય વાતાવરણ ભાવનાત્મક રીતે તણાવપૂર્ણ છે. શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસે આસામ, ગુજરાત, દિલ્હી, ઓડિશા અને મહારાષ્ટ્ર સહિત અનેક ભાજપ શાસિત રાજ્યોમાં બંગાળી લોકોના કથિત ઉત્પીડન પર ચિંતા વ્યક્ત કરી છે. મુખ્યપ્રધાન મમતા બેનર્જીનું નામ લીધા વિના વડાપ્રધાન મોદીએ તેમના પક્ષ પર બંગાળના વિકાસ અને સુરક્ષાના ભોગે વોટ બેન્કનું રાજકારણને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ''ભાજપ બંગાળી અસ્મિતા વિરુદ્ધ કોઈપણ કાવતરું સફળ થવા દેશે નહીં.''

ભારતના બૌદ્ધિક અને સાંસ્કૃતિક જાગૃતિમાં બંગાળના યોગદાનને યાદ કરતાં મોદીએ કહ્યું હતું કે, ''ભાજપ એક અખિલ ભારતીય પક્ષ છે જેના બીજ બંગાળમાં વાવવામાં આવ્યા હતા. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે એક સમયે આ રાજ્ય વિકાસનું કેન્દ્ર હતું, તે હવે 'સ્થળાંતરનું પ્રતીક' બની ગયું છે જ્યાં યુવાનો નોકરીઓ માટે મોટી સંખ્યામાં સ્થળાંતર કરી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે, 'અહીંના યુવાનો હવે બંગાળ છોડીને નોકરીની શોધમાં અન્ય રાજ્યોમાં જવા મજબૂર છે. અહીંની પરિસ્થિતિ રોકાણ અને રોજગાર માટે વધુને વધુ પ્રતિકૂળ બની રહી છે.' ■

# રશિયા પર અત્યાર સુધીના સૌથી આકરા પ્રતિબંધો લાદ્યા છે ઈયુએ

બ્રસેલ્સઃ યુરોપિયન યુનિયને(ઈયુ) એ રશિયા વિરુદ્ધ નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. યુરોપિયન યુનિયનના વિદેશ નીતિના વડાએ જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયને શુક્રવારે યુક્રેન પરના યુદ્ધને લઈને રશિયા સામે નવા પ્રતિબંધોને મંજૂરી આપી હતી જેમાં તેલના ભાવમાં ઘટાડો, નોર્ડ સ્ટ્રીમ ગેસ પાઇપલાઇન સાથે લેવડદેવડ પર પ્રતિબંધ અને વધુ શેડો ફ્લીટ જહાજોને નિશાન બનાવવાનું સામેલ છે. કાજા કલાસે જણાવ્યું હતું કે સંદેશ સ્પષ્ટ છે કે યુરોપ યુક્રેનને સમર્થન આપવામાં પીછેહઠ કરશે નહીં. જ્યાં સુધી રશિયા યુદ્ધ સમાપ્ત નહી કરે ત્યાં સુધી યુરોપિયન યુનિયન દબાણ વધારવાનું ચાલુ રાખશે.

કલાસે કહ્યું હતું કે આ ઉપાય યુદ્ધ સાથે જોડાયેલા રશિયા વિરુદ્ધ આ અત્યાર સુધીનો સૌથી કડક પ્રતિબંધ છે. પ્રતિબંધો એવા સમયે મૂકવામાં આવ્યા છે જ્યારે યુરોપિયન દેશો યુક્રેન માટે અમેરિકાના શસ્ત્રો ખરીદવાનું શરૂ કરી રહ્યા છે.યુરોપિયન યુનિયનને આશા હતી કે જૂથ સાત દેશોની મુખ્ય આંતરરાષ્ટ્રીય શક્તિઓને ભાવ મર્યાદામાં સામેલ કરીને તેનો પ્રભાવ વ્યાપક બનાવશે પરંતુ મધ્ય પૂર્વમાં સંઘર્ષને કારણે તેલના ભાવમાં વધારો થયો અને ટ્રમ્પ સરકારને તેમાં સામેલ કરવામાં આવી નહીં. ૨૦૨૩માં યુક્રેનના પશ્ચિમી સાથીઓએ રશિયન તેલનું વેચાણ પ્રતિ બેરલ ૬૦ ડોલર સુધી મર્યાદિત કર્યું હતું પરંતુ પ્રાઇસ કેપ મોટે ભાગે પ્રતિકાત્મક હતી કારણ કે મોસ્કોના મોટાભાગના ક્રૂડની કિંમત તેનાથી ઓછી હતી. તેમ છતાં તેલના ભાવ વધવાની સ્થિતિમાં આ મર્યાદા ત્યાં જ હતી. ■

### ગુજરાતની ઓઈલ રિફાઇનરી પણ લક્ષ્ય

મોસ્કો/નવી દિલ્હીઃ યુરોપિયન યુનિયને રશિયા સામે ફરી કેટલાક પ્રતિબંધો લગાવ્યા હતા. જેમાં ગુજરાતની વાડીનાર ઓઇલ રિફાઇનરીને પ્રથમ વખત નિશાન બનાવવામાં આવી હતી. આ રિફાઇનરીને નાયરા ઓપરેટ કરે છે, જેમાં રશિયન સરકારની માલિકીની ઓઈલ કંપની રોસનેફ્ટની ૪૯.૧૩ ટકા હિસ્સો છે. આ પ્રતિબંધનો ઉદ્દેશ રશિયાને ઓઈલ નિકાસથી થતી આવક ઘટાડવાનો અને યુક્રેન યુદ્ધ માટે નાણાકીય સંસાધનો મર્યાદિત કરવાનો છે. ઉપરાંત, ભારતીય જહાજોના ફ્લેગ રજિસ્ટ્રીને પણ નિશાન બનાવાયા છે. ■

# લાલુ યાદવ સામે ટ્રાયલ કોર્ટની કાર્યવાહી રોકવાની સુપ્રીમ કોર્ટની ના

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બિહારના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ના વડા લાલુ પ્રસાદ યાદવને મોટો ઝટકો આપ્યો હતો. કોર્ટે સીબીઆઈના નોકરીના બદલામાં જમીન કૌભાંડ કેસમાં ટ્રાયલ કોર્ટની સુનાવણી પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ એન કોટેશ્વર સિંહની બે જજોની બેન્ચે દિલ્હી હાઈકોર્ટને આ કેસની ઝડપથી સુનાવણી કરવા જણાવ્યું હતું. આ મામલો લાલુ યાદવ વિરુદ્ધ સીબીઆઈએ નોંધેલી એફઆઈઆર સાથે સંબંધિત છે. જોકે, સુપ્રીમ કોર્ટે લાલુ યાદવને તેમની તબિયતને ધ્યાનમાં લઇને ટ્રાયલ કોર્ટમાં હાજર રહેવાથી ચોક્કસપણે મુક્તિ આપી છે. આનો અર્થ એ થયો કે હાલ પૂરતું તેમને કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાની જરૂર રહેશે નહીં.

આ મામલો ૨૦૦૪ થી ૨૦૦૯ સુધીનો છે, જ્યારે લાલુ યાદવ રેલવે મંત્રી હતા. એવો આરોપ છે કે તે સમય દરમિયાન મધ્ય પ્રદેશના જબલપુર સ્થિત પશ્ચિમ રેલવે ઝોનમાં ગ્રૂપ ડી ભરતીઓ કરવામાં આવી હતી. સીબીઆઈનો આરોપ છે કે જે લોકોને નોકરીઓ આપવામાં આવી હતી, તેમણે તેના બદલામાં તેમની જમીન લાલુ યાદવના પરિવાર અથવા તેમની સાથે સંકળાયેલા લોકોના નામે ટ્રાન્સફર કરી દીધી હતી. આ જમીનોની કિંમત બજાર કિંમત કરતા ઘણી ઓછી હોવાનું પણ કહેવાય છે. ■

## ગંભીરા બ્રિજ તૂટવા મુદ્દે હાઈ કોર્ટ ખફા, માર્ગ અને મકાન વિભાગની કામગીરી અંગે નારાજગી વ્યક્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા-આણંદ વચ્ચે આવેલા ગંભીરા બ્રિજ ૯મી જુલાઈએ તૂટી પડ્યો હતો. બ્રિજ પરથી પસાર થઈ રહેલા ટ્રક, ટેન્કર, કાર અને રિક્ષા સહિતનાં વાહનો નદીમાં ખાબકતા ૨૧ લોકોનાં મોત નિપજ્યાં હતાં. જો કે રાજ્યના પુલોની સ્થિતિ અંગે હાઈ કોર્ટે આકરું વલણ અપનાવ્યું છે. મોરબી બ્રિજ દુર્ઘટનામાં મામલે ગુજરાત હાઇ કોર્ટમાં સુઓમોટો અરજી દાખલ કરવામાં આવી હતી. આ મામલે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ ડી. એન. રેની બેન્ચે વધુ સુનાવણી હાથ ધરી હતી. હાઈ કોર્ટમાં યોજાયેલી સુનાવણી દરમિયાન વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. હાઈ કોર્ટે કટાક્ષ કર્યો હતો કે, ચોમાસા પહેલા બ્રિજનું ઈન્સ્પેક્શન થયું હતું તો શા માટે વડોદરાની ઘટના બાદ ફરીથી ઈન્સ્પેક્શન કરાયું અને તેમાં રાજ્યમાં ૧૩૩ બ્રિજ બંધ કરવામાં આવ્યા? કોર્ટે હાઈ કોર્ટે માર્ગ અને મકાન વિભાગ વિભાગની કામગીરીને અંગે નારાજગી વ્યક્તિ કરી હતી. ગંભીરા બ્રિજ તૂટવા મુદ્દે એડવોકેટ જનરલે કોર્ટમાં માફી માગવી પડી હતી.

મોરબી બ્રિજ દુર્ઘટના બાદ દરેક બ્રિજ ચેક કરાયા હતા અને તેનો રિપોર્ટ કોર્ટ સમક્ષ વર્ષ ૨૦૨૩માં મૂકવામાં આવ્યો હતો. જે મુજબ દર ચોમાસા પહેલા બ્રિજ ચેક કરવાના હોય છે. એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, સરકારે દરેક અધિકારીઓને બોલાવી ઇન્સ્પેક્શન રિપોર્ટ મંગાવ્યા છે તેને ફરીથી જોવામાં આવશે. એડવોકેટ જનરલે કહ્યું હતું કે, વર્ષમાં બે વખત બ્રિજના ઇન્સ્પેક્શન કરવામાં આવે છે. વડોદરા બ્રિજ દુર્ઘટના અંગે રાજ્ય સરકાર વતી પક્ષ મુક્ત એડવોકેટ જનરલે વેરી સોરી માય લોર્ડ કહીને કોર્ટની માફી માગી હતી.

## પશુપાલકોના વિરોધ સામે સાબર ડેરી ઝૂકીઃ વાર્ષિક ભાવફેર ૯૯૫ રૂપિયા પ્રતિ કિલો ફેટ મુજબ ચૂકવવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પશુપાલકો ભાવવધારાની માગણી સાથે છેલ્લાં પાંચ દિવસથી ધરણા-પ્રદર્શનો કરી રહ્યા છે. અંતે પશુપાલકોના વ્યાપક વિરોધ સામે સાબર ડેરીના વહીવટી તંત્રને ઝૂકવું પડ્યું છે. સાબર ડેરીએ વાર્ષિક ભાવફેર પ્રતિ કિલો ફેટદીઠ રૂ ૯૯૫ ચૂકવવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય સાધારણ સભા પહેલાં જ નિયામક મંડળની બેઠકમાં લેવામાં આવ્યો હતો. અગાઉ પશુપાલકોને રૂ ૯૬૦ પ્રતિ કિલો ફેટ મુજબ એડવાન્સ ભાવફેર ચૂકવવામાં આવ્યો હતો. હવે બાકીના રૂ ૩૫નો તફાવત સાધારણ સભા પછી ચૂકવવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ અંગેનો નિર્ણય આગામી સાધારણ સભામાં રજૂ કરવામાં આવશે, પરંતુ તફાવતની રકમ એડવાન્સ પેમેન્ટની જેમ જ ચૂકવવામાં આવશે. પશુપાલકોનો સાબર ડેરી સામે વિરોધ પાંચમા દિવસે પણ ચાલુ રહ્યો હતો. સાડાત્રણ લાખ પશુપાલકો સાથે જોડાયેલી સાબર ડેરી દ્વારા પશુપાલકોની ભાવવધારાની માગણી ન સ્વીકારાતાં આ વિરોધ શરૂ થયો હતો. પશુપાલકોએ હિંમતનગરમાં હાઈવે પર અને અરવલ્લીમાં મોડાસા - મેઘરજ રોડ પર ટેન્કરોના વાલ્વ ખોલી દૂધ ઢોળ્યું હતું, તો મોડાસામાં પશુપાલકોએ ડેરીમાં ન ભરી દૂધનું સ્થાનિક જરૂરિયાતમંદોમાં વિતરણ કર્યું હતું. પશુપાલકોએ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમની માગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે.

સાબર ડેરીના વાર્ષિક ભાવફેરના મામલે ચાલી રહેલા વિરોધ અને વર્તમાન પરિસ્થિતિના અનુસંધાને નિયામક મંડળના સભ્યોની એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક પહેલાં સાંસદ સહિતના સ્થાનિક અને અગ્રણી આગેવાનો સાથે પણ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. ચેરમેન, વાઈસ-ચેરમેન અને નિયામક મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં વાર્ષિક સાધારણ સભા અને વાર્ષિક ભાવફેરના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી અને ત્યાર બાદ ભાવફેર આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

રાજ્યમાં મલેરિયા સંવેદનશીલ ૨૧ જિલ્લાનાં ૧૯૬ ગામોમાં જંતુનાશક દવા છંટકાવનો પ્રથમ તબક્કો પૂર્ણઃ બીજો તબક્કો પહેલી ઓગસ્ટથી શરૂ થશે

## ધોરણ ૧૦ પૂરક પરીક્ષામાં કુલ ૨૭.૬૧ ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની નિયમિત પરીક્ષા માર્ચ મહિનામાં યોજાઈ હતી, પરંતુ જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા અને જે વિદ્યાર્થીઓ પરિણામ સુધારવા ઇચ્છતા હતા તેમની પૂરક પરીક્ષા જૂન મહિનામાં લેવાઈ હતી, જેનું પરિણામ જાહેર થયું હતું. ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૨૭.૬૧ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ધો-૧૨ સામાન્ય પ્રવાહનું ૫૧.૫૮ ટકા અને ધો-૧૨ સાયન્સનું ૪૧.૫૬ ટકા પરિણામ જાહેર થયું હતું

જુલાઈ ૨૦૨૫માં રાજ્યભરનાં વિવિધ કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષામાં આશરે ૧.૭૮ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે વિદ્યાર્થીઓ નિયમિત પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શક્યા ન હતા, તેમના માટે આ પૂરક પરીક્ષા એક બીજી તક સમાન હતી. આ પરીક્ષામાં કુલ ૨૭.૬૧ ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

## રાજ્યમાં મલેરિયા સંવેદનશીલ ૨૧ જિલ્લાનાં ૧૯૬ ગામમાં જંતુનાશક દવા છંટકાવનો પ્રથમ તબક્કો પૂર્ણઃ બીજો તબક્કો પહેલી ઑગસ્ટથી શરૂ થશે

અમદાવાદઃ રાજ્યમાં ચોમાસા દરમિયાન મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોના નિર્મૂલનની કામગીરીને વધુ સઘન બનાવવા રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાઈ રહી છે. જે અંતર્ગત આરોગ્ય વિભાગની વિવિધ ટીમ દ્વારા વર્ષ ૨૦૨૩થી છેલ્લાં ૩ વર્ષમાં રાજ્યના નાગરિકોના કુલ ૪.૪૮ કરોડ કરતાં વધુ લોહીના નમૂના અને ૪.૪૬ લાખ કરતાં વધુ સીરમના સેમ્પલ લઈને તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૮,૯૫૬ મલેરિયાના કેસ, ૧૫,૮૪૧ ડેન્ગ્યૂના કેસ અને ૧,૩૪૫ જેટલા ચિકનગુનિયાના કેસ નોંધાયા હતા. જેમાં વર્ષ ૨૦૨૫માં છેલ્લાં ૨૮ સપ્તાહમાં ૯૨.૮૬ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૮૬૦ કેસ મલેરિયાના જોવા મળ્યા છે જેને કારણે ૪૦ નાગરિકોનાં મૃત્યુ થયાં હતાં. જ્યારે ડેન્ગ્યુ તપાસ માટે ૬૭ હજારથી વધુ સીરમ લેવામાં આવ્યા હતા જેમાંથી ૭૨૮ કેસ ડેન્ગ્યુના તેમજ ૧૩૦ કેસ ચિકનગુનિયાના નોંધાયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગોની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રહે તે માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. જેમ કે, મલેરિયા માટે સંવેદનશીલ ૨૧ જિલ્લાનાં ૧૯૬ ગામોની અંદાજે ૨.૦૪ લાખની વસ્તીને જંતુનાશક દવા છંટકાવના તા. ૧૬ મે-૨૦૨૫થી ૧૧ જુલાઈ-૨૦૨૫ સુધીના પ્રથમ રાઉન્ડ હેઠળ આવરી લેવામાં આવી છે. જ્યારે જંતુનાશક દવા છંટકાવના બીજા રાઉન્ડની કામગીરી તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૫થી શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ચોમાસાની ઋતુ દરમિયાન વાહકજન્ય રોગો માટે સંવેદનશીલ જણાતા વિસ્તારોમાં પોરાનાશક અને તાવ સર્વેલન્સની કામગીરી સઘન રીતે હાથ ધરવા ૨,૪૬૦ વ્યક્તિઓ સાથેની કુલ ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમ મૂકવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા તા. ૦૯ થી ૨૧ જૂન, ૨૦૨૫ દરમિયાન રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરપાલિકાના વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વે હાથ ધરી તાવ સર્વેલન્સ, પોરાનાશક અને આરોગ્યશિક્ષણની પ્રવૃત્તિ ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવામાં આવી રહી છે. જેમાં ૯૨ ટકા વસ્તી કવર કરવામાં આવી છે. જ્યારે હાઉસ ટુ હાઉસના બીજા રાઉન્ડનું આયોજન આગામી તા. ૨૧ જુલાઇ, ૨૦૨૫થી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં ૩,૪૩૧ જગ્યાએ પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવી છે. આમ, વાહકજન્ય રોગોની સમગ્ર પરિસ્થિતિનું દૈનિક, અઠવાડિક અને માસિક ધોરણે મોનિટરિંગ પણ કરવામાં આવનાર છે તેમ,આરોગ્ય વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું હતું.

## નોન ઉજ્જવલા એલપીજી કનેક્શન સામે ઘરેલુ પીએનજી અપનાવવામાં ગુજરાત દેશમાં અવ્વલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આશરે ૩૬ લાખ પીએનજી ગ્રાહકો છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ અંતર્ગત આવતાં પેટ્રોલિયમ પ્લાનિંગ અને એનાલિસિસ સેલ (પીપીએસી) ના ડેટામાં આ વાત સામે આવી હતી. રાજ્યમાં ૮૨.૭૫ લાખ નોન-ઉજ્જવલા એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ)ના કનેક્શનની સામે ૩૨.૮૮ લાખ ઘરેલુ પીએનજી (પાઈપ્ડ નેચરલ ગેસ)ના કનેક્શનમાં ગુજરાતનો ૩૯.૭ ટકા હિસ્સો છે. પેટ્રોલિયમ પ્લાનિંગ અને એનાલિસિસ સેલ મુજબ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં ઘરેલુ પીએનજી કનેક્શનની સંખ્યા ૩૫.૯૩ લાખ હતી. પીપીએસી અનુસાર, મહારાષ્ટ્રમાં ૪૦.૪૨ લાખ ઘરેલુ પીએનજી કનેક્શન સાથે સૌથી વધુ સંખ્યા છે, તેમ છતાં, ગુજરાત નોન-ઉજ્જવલા એલપીજી કનેક્શનની સામે ઘરેલુ પીએનજી કનેક્શનની દ્રષ્ટિએ દેશમાં ટોચ પર છે.

ગુજરાતનો હિસ્સો લગભગ ૩૯ ટકા છે, જે મહારાષ્ટ્રના ૧૪ ટકા કરતાં ઘણું વધારે છે. પીપીએસી મુજબ, પીએનજી અપનાવવામાં ગુજરાતના કમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ યુઝર્સ અગ્રણી છે. ભારતમાં કુલ ૪૫,૫૧૮ વ્યાપારી પીએનજી કનેક્શન છે, જેમાંથી ૨૪,૧૨૨ ગુજરાતમાં છે. દેશભરમાં ૨૦,૫૫૬ ઈન્ડસ્ટ્રિયલ પીએનજી કનેક્શનોમાંથી એપ્રિલ ૨૦૨૫ના અંતે ગુજરાતમાં ૫૮૫૧ કનેક્શન હતા. ગુજરાત હંમેશાં પીએનજી સેગમેન્ટમાં અગ્રેસર રહ્યું છે, અને વર્ષોથી આ સ્થાન વધુ મજબૂત બન્યું છે. ગુજરાતમાં અંકલેશ્વરમાં, દહેજ અને હજીરામાં નેચરલ ગેસની વહેલી શોધ થઈ હતી અને પીએનજી અપનાવવાનું દાયકાઓ પહેલા શરૂ થયું હતું. છેલ્લાં બે દાયકામાં રાજ્યમાં પીએનજી અપનાવવામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને મુખ્ય કારણ રાજ્ય સરકારની નીતિ છે. ઉપરાંત, દેશનો ૭૦ ટકા આયાતી ગેસ ગુજરાતના બંદરો પર ઊતરે છે, જે પણ એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે યૂઝર ફ્રેન્ડલી પણ છે, તેથી માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતાને કારણે ગુજરાતમાં લોકોએ આને ઝડપથી અપનાવ્યું છે અને શહેરોમાં નવી ઇમારતોમાં ગેસ કનેક્શન એક નવો સામાન્ય નિયમ બની ગયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે દેશમાં પીએનજી અપનાવવાની ગતિ અપેક્ષા કરતાં ધીમી રહી છે, અને સરકાર દેશના ઉર્જા બાસ્કેટમાં ઇંધણ તરીકે ગેસનો હિસ્સો વધારવા માટે વિવિધ પગલા લઈ રહી છે.

## ગુજરાતમાં ઈન્કમ ટૅક્સની તવાઈઃ સુરતના રત્નકલાકારોથી રાજકોટના ટૅક્સ પ્રેક્ટિશનર સુધી ખોટા ક્લેઈમ કરનારાઓ રડાર પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લાં ચાર દિવસથી ખોટી કર કપાત કરીને ઈન્કમ ટેક્સમાં રાહત મેળવતા લોકો સામે આઈટી તપાસ કરી રહ્યું છે. સુરતમાં રત્ન કલાકારો, બિઝનેસમેનો અને પ્રાઇવેટ કંપનીમાં કામ કરતા ઊંચા પગારદારો આઈટીના રડારમાં આવ્યા છે. ઇન્વેસ્ટિગેશન વિંગે કેટલાક રત્નકલાકાર, જાહેર સાહસ કે બેંક કર્મી રિટર્ન ભરતી વખતે પોલિટિકલ પાર્ટી, વીમા, સ્કૂલ ફી વગેરેના આડેધડ ક્લેઇમ કરીને ટેક્સ બચાવી લેતા હતા.

ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ આવા લોકો ઉપર વોચ રાખી રહ્યું છે. માત્ર સુરતમાં નહીં, પરંતુ દક્ષિણ ગુજરાતમાં આ પ્રકારે ખોટા ક્લેઇમ કરીને ટેક્સ ચોરી કરતા હોવાથી તેમને ઝડપી પાડી આવનાર દિવસોમાં આવા કરદાતાઓને રડારમાં રાખી કાર્યવાહી કરવામાં આવશે.

સુરતમાં ચાર સ્થળે તપાસ શરૂ કરાઈ હતી, જેમાં વરાછા અને નાનપુરાના બે સી. એ. અને ટેક્સ કન્સલ્ટન્ટનો સમાવેશ થાય હતો. સુરત, વાપી અને ભરૂચ ખાતેના દરોડામાં ૧૫૦થી વધુ અધિકારીઓ જોડાયા હતા. કેટલાં બોગસ રિટર્ન અને ક્લેઈમ કરાયા છે એની અધિકારીઓ યાદી બનાવી રહ્યા છે. ખોટા ક્લેઈમનો આંકડો કરોડોને પાર જઈ શકે છે. તપાસમાં સામે આવ્યા બાદ જેટલી રકમના ખોટા ક્લેઈમ હશે તેના પર ટેક્સ, વ્યાજ અને પેનલ્ટી ભરવી પડશે. હાલ રિટર્નની જે જૂની ઢબ છે તેમાં આ તપાસ શરૂ કરાઈ છે.

આ ઉપરાંત આઈ. ટી.ની ઇન્વેસ્ટિગેશન વિંગ રાજકોટ, ધોરાજી, ગોંડલ સહિત રાજ્યમાં અલગ અલગ સ્થળો પર તપાસ શરૂ કરવામાં આવી હતી. રાજકોટનાં ટેક્સ પ્રેક્ટિશનરને ત્યાંથી આઈ.ટી.ની ટીમને ૧૫૦ જેટલા લોકોનું લિસ્ટ મળ્યું હતું. હવે આ લોકોને સમન્સ પાઠવી ટેક્સ ભરવા જાણ કરવામાં આવશે.

## ઓલિમ્પિક માટે જમીન પુનઃ ફાળવણીનો ખેડૂતોનો વિરોધ, હાઇ કોર્ટમાં અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા ૨૦૩૬ના ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાના ઔપચારિક દાવા વચ્ચે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગોધાવી ગામના ખેડૂતોના એક જૂથે તેમની જમીનના કેટલાક ભાગોને 'કેઝેડ-૩' શ્રેણીમાં ફરીથી વર્ગીકૃત કરવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારવા ગુજરાત હાઇ કોર્ટમાં અરજી કરી હતી. આ જમીન ફક્ત રમતગમત અને મનોરંજન પ્રવૃત્તિઓ માટે અનામત છે. આ મામલો જસ્ટિસ મૌના ભટ્ટ સમક્ષ આવ્યો હતો, પરંતુ અરજદારોએ સમય માગ્યો હતો. કોર્ટે હવે આ મામલાની સુનાવણી ૨૪ જુલાઈના રોજ નક્કી કરી છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ગુજરાત ટાઉન પ્લાનિંગ અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૯(૧) હેઠળ એક જાહેરનામું બહાર પાડ્યું હતું, જેમાં ગોધાવીમાં લગભગ ૫૦૦ એકર જમીનને કેઝેડ-૩ તરીકે ફરીથી વર્ગીકૃત કરવામાં આવી હતી. આ ઝોનિંગ હેઠળ ફક્ત શૈક્ષણિક, સંસ્થાકીય, રમતગમત અને મનોરંજન પ્રવૃત્તિઓને જ મંજૂરી છે, અને અન્ય કોઈપણ પ્રકારના વિકાસ પર અસરકારક રીતે પ્રતિબંધ છે.

વીરેન્દ્રસિંહ હસમુખસિંહ વાઘેલા અને અન્ય ૪૬ ખેડૂતોએ સરકારના આ નિર્ણયને હાઈ કોર્ટમાં પડકાર્યો હતો અને દલીલ કરી હતી કે તેમની જમીનને પ્રતિબંધિત સંસ્થાકીય અને મનોરંજન ક્ષેત્ર તરીકે વર્ગીકૃત કરવાના નિર્ણયથી તેમની આજીવિકા પર ગંભીર અસર પડશે. તેમની દલીલ હતી કે ફરી વર્ગીકૃત કરવાનો હેતુ ઓલિમ્પિક સ્તરનું માળખાગત બાંધકામ બનાવવાનો છે પરંતુ તેની કિંમત લગભગ ૫૦૦ ખેડૂતોએ ચૂકવવી પડી રહી છે. આ ખેડૂતો હવે અનિશ્ચિતતા અને સંભવિત નાણાકીય નુકસાનનો સામનો કરી રહ્યા છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે સરકારનું આ પગલું મૂળ જમીનમાલિકોના અધિકારો છીનવી લે છે અને ખેડૂતોએ પેઢીઓથી આ વિસ્તારમાં કૃષિ જીવન શૈલીને જાળવી રાખી છે તેને વિક્ષેપિત કરે છે.

## વડોદરામાં ચોમાસામાં પાણી માટે મહિલાઓએ માટલા ફોડી વિરોધ કર્યો

અમદાવાદઃ રાજયમાં ચોમાસા દરમિયાન જ વડોદરામાં પીવાનાં પાણીની સમસ્યા સર્જાઈ હતી. શહેરના કારેલીબાગ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી લોકો પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ માટે ઉચ્ચ સ્તર સુધી ફરિયાદ કરવામાં આવી હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો નહોતો. જેને લઈ મહિલાઓએ સોસાયટીઓની બહાર માટલા ફોડી તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો અને વહેલી તકે ઉકેલ નહીં લાવવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. સ્થાનિકોના કહેવા પ્રમાણે, છેલ્લા ૧૫ દિવસથી અમારા વિસ્તારમાં પાણીની સમસ્યા છે.

## સીટ અલોટમેન્ટના પ્રથમ રાઉન્ડના અંતે એમબીએમાં ૮૦ ટકા સીટો ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (એસીપીસી) દ્વારા એમબીએ અને એમસીએ પ્રોગ્રામ્સ માટે સીટ એલોટમેન્ટના પ્રથમ રાઉન્ડનાં પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં એમબીએમાં ઉપલબ્ધ ૧૪,૮૬૪ બેઠકોમાંથી ૨,૯૦૨ બેઠકો ફાળવવામાં આવી હતી. જ્યારે એમસીએમાં, ૮,૦૩૦ બેઠકોમાંથી ૨,૩૧૭ બેઠકો ભરાઈ ગઈ હતી. આનો અર્થ એ થાય કે એમબીએમાં ૨૦ ટકા અને એમસીએમાં ૨૯ ટકા જ સીટો ભરાઈ છે. પસંદગી પ્રક્રિયા ૧૪ જુલાઈના રોજ સમાપ્ત થઈ હતી, અને પ્રથમ રાઉન્ડ એલોટમેન્ટ ૧૭ જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. ઉમેદવારો ૧૭ થી ૧૯ જુલાઈની વચ્ચે ઓનલાઈન ફી ચૂકવીને પ્રવેશ કન્ફર્મ કરી શકે છે.

## ગુજરાતમાં ૨૮ તાલુકામાં મેઘમહેરઃ ૨૭ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગની હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે રાજ્યમાં ૨૮ તાલુકામાં મેઘમહેર થઈ હતી. ૨૭ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

દાહોદના ફતેપુરામાં સૌથી વધુ ૧.૪૨ ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે માલપુરમાં ૦.૪૭ ઇંચ, વિજયનગરમાં ૦.૩૫ ઇંચ, વાલોડમાં ૦.૨૪ ઇંચ, પોશિનામાં ૦.૨૦ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ ૫૧.૧૬ ટકા થયો છે. કચ્છમાં સૌથી વધુ ૫૮.૪૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૫.૨૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૯.૩૬ ટકા, પૂર્વ મધ્યમાં ૪૯.૩૯ ટકા તથા ઉત્તર ગુજરાતમાં ૪૮.૦૨ ટકા વરસાદ અત્યાર સુધીમાં પડ્યો છે. નર્મદા ડેમ ૫૪.૯૦ ટકા ભરાયેલો છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૫૯.૫૫ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૪૨ ડેમ હાઈ એલર્ટ પર, ૨૧ ડેમ એલર્ટ પર અને ૨૩ ડેમ વોર્નિંગ પર છે.

રાજ્યમાં ૨૬ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. રાજ્યમાં એક સ્ટેટ હાઈવે, એક અન્ય માર્ગ, પંચાયત હસ્તકના ૩૬ માર્ગ અને એક નેશનલ હાઈવે મળી કુલ ૩૯ રોડ રસ્તા બંધ છે.

## સુરતમાં ખાડી પૂર નિવારવા મેગા ડિમોલિશનઃ વરાછામાં છ બિલ્ડિંગ ધરાશાયી

અમદાવાદઃ સુરતમાં ખાડી પૂરની ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે તંત્ર દ્વારા આખરે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એક ઉચ્ચ સ્તરીય બેઠક બાદ સુરત મહાનગરપાલિકા અને કલેક્ટર વિભાગે સંયુક્તપણે મેગા ડિમોલિશન ઝુંબેશ હાથ ધરી છે. શહેરના વરાછા વિસ્તારમાં કોયલી ખાડીના આસપાસનાં દબાણો હટાવવાની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી હતી. વરાછાના બુટભવાની નજીક કોયલી ખાડીની આસપાસની ૬ જેટલી બિલ્ડિંગોને આજે તોડી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ખાડીના પટમાં કુલ ૨૬ જેટલી બિલ્ડિંગો દ્વારા દબાણ કરવામાં આવ્યું હોવાથી તેને પણ તોડી પાડવામાં આવશે.

## રાજકોટ લોકમેળામાં સરકારે એસઓપીમાં છૂટછાટ આપી

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં રાજકોટના જાણીતા લોકમેળાને લઈ સરકારે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરી હતી. મેળામાં આરસીસી ફાઉન્ડેશન અનિવાર્ય રહેશે નહીં, જ્યારે સોઈલ ટેસ્ટ પણ માન્ય રહેશે. આ સિવાય અન્ય નિર્ણય લેવાનું સ્થાનિક પ્રશાસન પર છોડવામાં આવ્યું હતું. જિલ્લા શહેરોમાં ઇન્સ્પેશન કમિટીમાં વર્ગ ૨ કક્ષાના ઇજનેરીની નિમણૂક કરવાની રહેશે. ટેમ્પરરી મેળા માટે ૯૦ દિવસ માટેનું લાઇસન્સ મળી શકશે. મેળા આયોજકોએ એમેઝમેન્ટ રાઇટ અને ગેમિંગ ઝોન એક્ટિવિટી સેફ્ટી રુલ્સ ૨૦૨૪ હેઠળ અરજી કરવાની રહેશે. લોકમેળાની રાઈડસની એસઓપીનો વિવાદ છેલ્લા એક વર્ષથી વકર્યો હતો જેના પગલે તેની સામે રાઈડસ સંચાલકોએ લડતના મંડાણ કર્યા હતા. રાજકોટના ભાતીગળ લોકમેળાની રાઈડસના મુદ્દે ગત વર્ષે રાઈડસ સંચાલકોએ હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યાં હતાં. ત્યારબાદ ચાલુ વર્ષે પણ લોકમેળા માટે રાઈડસ સંચાલકોએ પ્લોટ માટેના ફોર્મ નહીં ભરી રાઈડસ માટેની એસઓપીમાં છુટછાટ આપવાની માંગણી ઉઠાવી આ પ્રકરણમાં રાજયના મુખ્યપ્રધાન, ગૃહ રાજ્ય પ્રધાન, રાજ્ય સરકારના યાંત્રિક વિભાગના સચીવ તેમજ સાંસદને રજૂઆત કરી હતી. જેના પગલે અંતે આજે રાજ્ય સરકારના ગૃહ વિભાગના ઉપ સચીવ શ્રધ્ધા પરમારે લોકમેળા-ગેમઝોન અંગે એસઓપીમાં છુટછાટ આપતો ખાસ પરિપત્ર ઈશ્યુ કર્યો હતો. જે અંતર્ગત લોકમેળાઓમાં રાઈડસના લાયસન્સ આપવા અંગેના સૂચનો કરવામાં આવ્યા હતા. જેમાં હાલના નિયમ મુજબ રાઈડસ માટે લાયસન્સની અરજી કર્યાના ૬૦ દિવસમાં લાઈસન્સ આપવાનું રહે છે તહેવારો દરમ્યાન યોજાતા મેળાના આયોજકોને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને લોકમેળા- આનંદ મેળાઓના કિસ્સામાં લાયસન્સ આપવાની સમય મર્યાદા ઘટાડીને ૩૦ દિવસની કરવાની ભલામણ કરવામાં આવી હતી.

## ગુજરાતમાં પશુપાલક આંદોલન અને ચૈતર વસાવાના સમર્થનમાં કેજરીવાલ રેલીઓ કરશે

અમદાવાદઃ તાજેતરમાં જ વિસાવદર બેઠક પર જીત બાદ આમ આદમી પાર્ટી ગુજરાતમાં પોતાની મજબૂત રાજકીય પકડ બનાવવા માટે પ્રયત્ન કરી રહી છે. ત્યારે હવે આપના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન ફરીથી ગુજરાત આવવાના છે. બન્ને નેતાઓ સાબરકાંઠામાં ચાલી રહેલા પશુપાલકોના આંદોલન અને આપના ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના વિરોધમાં મોટી રેલી યોજશે. આપના પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ બન્ને નેતાના પ્રવાસની જાહેરાત કરી હતી.

આપના પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલ આગામી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે અને આગામી ૨૩ જુલાઈના રોજ મોડાસા ખાતે અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં 'ખેડૂત પશુપાલક મહાપંચાયત' યોજવામાં આવશે તેમજ જેલમાં બંધ આપના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં અને આદિવાસીઓના પ્રશ્નોના ૨૪ જુલાઈના રોજ તેઓ ડેડીયાપાડા ખાતે 'ન્યાય સભા' યોજવાના છે.

ઇસુદાન ગઢવીએ સાબર ડેરીના ભાવફેરનો વિરોધ કરી રહેલા પશુપાલકના મૃત્યુ મુદ્દે સરકાર પર પ્રહારો કર્યા હતાં અને મૃતક પશુપાલકના પરિવારને સરકાર અને સાબર ડેરી દ્વારા ૧ કરોડ રૂપિયા સહાય ચૂકવવામાં આવે તેવી માગ કરી હતી. તેમણે આરોપ કર્યો હતો કે ભાજપ સરકારે પશુપાલકો અને ખેડૂતોની હાલત કફોડી બનાવી દીધી છે.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે આપ ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે જુલાઈ ૫ના રોજ આદિજાતિ વિકાસ કચેરીની સંકલન બેઠક દરમિયાન ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) મીનાતી હળદર | ૩૪ | ૨૦,૦૦૦ |
| ૨) મંજુ બેનરજી | ૪૩ | ૩૦,૦૦૦ |
| ૩) મુન્ના | ૫૭ | ૧,૫૦,૦૦૦ |
| ૪) એમડી સલીમ અન્સારી | ૫૬ | ૧,૫૦,૦૦૦ |
| ૫) માયા દેવી | ૬૦ | ૧,૫૦,૦૦૦ |
| ૬) એમડી સોહરાબ અલી | ૬૨ | ૨૫,૦૦૦ |
| ૭) મુકેશ કુનાર | ૪૪ | ૩૦,૦૦૦ |
| ૮) માનીક રોય | ૫૩ | ૧,૭૫,૦૦૦ |
| ૯) મનોરંજન અનિરિ | ૫૭ | ૩૦,૦૦૦ |
| ૧૦) માયારાની બિસ્વાસ | ૬૨ | ૫૦,૦૦૦ |
| ૧૧) મધુબ ક્ષેત્રપાલ | ૫૨ | ૬૦,૦૦૦ |
| ૧૨) મમાની ગિરી | ૩૭ | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) મરીનલ કાંતિ દાસ | ૫૩ | ૧,૧૯,૦૦૦ |
| ૧૪) માનવાર બીબી | ૫૧ | ૫૦,૦૦૦ |
| ૧૫) માંધાબી પાલ | ૪૦ | ૪૦,૦૦૦ |
| ૧૬) મમતાજ બીબી | ૪૬ | ૨,૧૦,૦૦૦ |
| ૧૭) મુકીમ ખાન | ૪૭ | ૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૮) મહેતાબ સોહેલ ખાન | ૧૬ | ૧૬,૫૦,૦૦૦ |
| ૧૯) મીતાંશ બાળાસાહેબ અસવાલે | ૩ | ૩,૦૫,૦૦૦ |
| ૨૦) મોહમ્મદ રફીક ડોસાની | ૦૩ | ૫,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# ખાડા માટે જવાબદાર એન્જિનિયરો સામે આકરા પગલાં લેવાની પ્રશાસનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તાઓને ખાડામુક્ત કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલી રહ્યું હોવા છતાં છેલ્લા ૪૦ દિવસમાં ૩,૪૫૧ ખાડા પડયા હોવાની ફરિયાદ મુંબઈ મહાનગરપાલિકાએ ચાલુ કરેલી 'પૉટહોલ ક્વિકફિક્સ' મોબાઈલ ઍપ સેવા પર નોંધાઈ છે. રસ્તા પર ખાડા પડવા માટે કૉન્ટ્રેક્ટરને જવાબદાર ગણીને તેની પાસેથી દંડ વસૂલવાની સાથે જ પાલિકાના ઍન્જિનિયરોને પણ કારણ-દર્શાવો નોટિસ ફટકારી છે. બાન્દ્રા અને ધારાવીના ખાડા બાદ અંધેરીના ખાડા માટે પાલિકા નોટિસ આપવાની છે. તેથી ૪૮ કલાકમાં ખાડા ભરવાની સૂચના આપ્યા બાદ પણ કૉન્ટ્રેક્ટર અને એન્જિનિયરોએ બેદરકારી દાખવી તો તેમનું આવી બનશે એવી ચોખ્ખા શબ્દોમાં પ્રશાસને તેમને ચેતવણી આપી છે. અગાઉ બે પ્રકરણમાં છ એન્જિનિયરોને પાલિકા નોટિસ ફટકારી ચૂકી છે.

ચોમાસામાં રસ્તા પર ખાડા પડે નહીં તે માટે તેના પર નજર રાખવા માટે મુંબઈના ૨૨૭ વોર્ડમાં એક્ઝિક્યુટીવ એન્જિનિયર, આસિસ્ટન્ટ અને સબ એન્જિનિયરો પર જવાબદારી સોંપવામાં આવી છે. છતાં રસ્તા પર પડી રહેલા ખાડાને કારણે મુંબઈગરાને હાલાકી થઈ રહી હોવાથી કૉન્ટ્રેક્ટરની સાથે જ પાલિકાના એન્જિનિયરોને જવાબદાર ગણીને તેમની સામે પગલાં લેવામાં આવવાના હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. એન્જિનિયરોએ જો નોટિસનો સમાધાનકારક જવાબ નહીં આપ્યો તો તેમની સામે આકરા પગલાં લેવાની ચેતવણી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પાંચમા પાનાનું ચાલુ

## બળપૂર્વક આવ્હાડને

દેશમુખને બેસાડવામાં આવ્યા હતા એ વાહન સામે આવ્હાડ અને તેમના કાર્યકર્તા વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા ત્યાં પોલીસે અચાનક ગાયકવાડને બીજી કારમાં બેસાડી દીધો હતો. આ અંધાધૂંધી વચ્ચે આવ્હાડ અને તેમના કાર્યકરો અન્ય વાહન સામે વિરોધ કરવા ઊભા થયા હતા. પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કરતા આવ્હાડ જમીન સરસા થઈ ગયા હતા.

પોલીસના વાહનને એક ઇંચ પણ હલવા નહીં દે એવું વલણ અપનાવી આવ્હાડ સીધા કારની નીચે ઘૂસી ગયા હતા. જોકે પોલીસે બળનો ઉપયોગ કરી તેમને દૂર કર્યા હતા. ત્યારબાદ પોલીસનો કાફલો ત્યાંથી નીકળી ગયો હતો. પોલીસને રોકવા અને વિરોધ કરવા બદલ મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં આવ્હાડ અને અન્ય કાર્યકરો સામે કેસ પણ નોંધવામાં આવ્યો છે.

## રાષ્ટ્રવાદી કૉંગ્રેસ, ભાજપના વિધાનસભ્યના કાર્યકરોની ધરપકડ

મહારાષ્ટ્ર વિધાનભવનની લોબીમાં ગુરુવારે થયેલી છૂટા હાથની મારામારી પ્રકરણે ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકર અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર જૂથ)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડના એક-એક કાર્યકરની પોલીસે ધરપકડ કરી હતી. વિધાનભવનની લોબીમાં ગુરુવારે સાંજે આવ્હાડ અને પડળકરના કાર્યકરો વચ્ચે મારામારી થઇ હતી. તેના એક દિવસ અગાઉ બંને વિધાનસભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. મારામારીની ઘટના સીસીટીવે કેમેરામાં કેદ થઇ હતી અને બાદમાં વીડિયો વાયરલ થયો હતો.

કાર્યકરો વચ્ચે મારામારીની ઘટના બાદ વિધાનભવનના સુરક્ષા અધિકારી સચિન વિઠ્ઠલ પાટણેએ આ પ્રકરણે મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન આવ્હાડના કાર્યકર નીતિન હિંદુરાવ દેશમુખ અને પડળકરના કાર્યકર સર્જેરાવ બબન ટકલેને પોલીસ સ્ટેશનમાં લવાયા હતા અને તેમનાં નિવેદન નોંધવામાં આવ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. બંને જણનો ગુનાહિત રેકોર્ડ છે અને ધરપકડ બાદ તેમને શુક્રવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા.

પોલીસ શુક્રવારે સવારે નીતિન દેશમુખને લઇ જઇ રહી હતી ત્યારે આવ્હાડે વિધાનભવન પરિસરના પાછળના ગેટ પાસે આક્રમક ધરણા કર્યા હતા.

## ડાબેરી ઉગ્રવાદ વિરુદ્ધ

(મહારાષ્ટ્ર નિયંત્રણ સંગઠિત ગુના કાયદો) વધુ કડક છે. હું બિલનો વિરોધ કરી રહેલા લોકોને કહેવા માગું છું કે તેનો દુરુપયોગ થશે નહીં. નવા કાયદામાં વ્યક્તિઓની ધરપકડ કરવાનો અધિકાર નથી,' એમ મુખ્ય પ્રધાને ગૃહમાં કહ્યું હતું.

વિપક્ષી નેતાઓએ રાજ્ય સરકાર પર જાહેર સુરક્ષાની આડમાં અસાધારણ કારોબારી સત્તાઓને કાયદેસર બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો.

ગુરુવારે, એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકરના સમર્થકો મહારાષ્ટ્ર વિધાનસભા સંકુલમાં મારામારી કરી હતી.

'સંસદીય શિષ્ટાચાર, આચરણ અને સંદેશાવ્યવહાર જાળવવાની જવાબદારી આપણી છે,' એમ મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું.

આવ્હાડ અને પડળકરના સહયોગી, અનુક્રમે નીતિન દેશમુખ અને સરજેરાવ (ઋષિકેશ) ટકલે, આ ઝઘડામાં સામેલ હોવાનું કહેવાય છે અને રાજ્ય વિધાનસભાના સુરક્ષા કર્મચારીઓ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી છે.

ટકલે વિરુદ્ધ છ ફોજદારી કેસ છે અને દેશમુખનું આઠ કેસોમાં નામ છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

'આ લોકો વિધાનસભામાં લડે છે. આવા લોકોના કારણે આપણે જનતાને વિધાનસભાની મુલાકાત લેતા રોકી શકીએ નહીં. યોગ્ય સુરક્ષાની જરૂર છે. વિધાનસભા સંકુલમાં જોવા મળતા દરેક વ્યક્તિની ઓળખ હોવી જોઈએ,' એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

'જો એક વિધાનસભ્ય ગેરવર્તન કરે છે, તો બધા વિધાનસભ્યોની છબી ખરાબ થઈ જાય છે,' એમ જણાવતાં ફડણવીસે આત્મનિરીક્ષણની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

રાજ્યની શાળાઓમાં હિન્દી પર ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) દ્વારા તેમને આપવામાં આવેલી પુસ્તિકાનો ઉલ્લેખ કરતાં, ફડણવીસે કહ્યું હતું કે પુસ્તિકામાં માશેલકર સમિતિનો અહેવાલ હોવો જોઈએ જેમાં ધોરણ પહેલાથી બારમા સુધી હિન્દીને ફરજિયાત વિષય બનાવવાની ભલામણ કરવામાં આવી હતી.

'શિવસેના (યુબીટી)ના એક નેતા પણ સમિતિનો ભાગ હતા. જો તેઓ માશેલકર સમિતિના અહેવાલને સ્વીકારવામાં આવ્યો હોય તેની પ્રેસ ક્લિપિંગ્સ જોડી હોત તો સારું થાત,' એમ ફડણવીસે તત્કાલીન ઠાકરે સરકાર પર કટાક્ષ કરતા કહ્યું હતું.

## નાનાભાઉનો પેન ડ્રાઇવ

કોની સાથે છેતરપિંડી થઈ છે. કોઈ વર્તમાન કે ભૂતપૂર્વ પ્રધાન તરફથી હની ટ્રેપની ફરિયાદ પણ નથી કે પુરાવા પણ નથી. આવી જ એક ફરિયાદ નાશિકથી આવી હતી. એક મહિલાએ ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સામે આવી ફરિયાદ નોંધાવી હતી. તે મહિલાએ પણ પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી હતી.

ફડણવીસે એવો દાવો કર્યો હતો કે, નાશિકમાં જે હોટલનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે તેના માલિક કોંગ્રેસના ઉમેદવાર હતા. તેમણે પટોલેને ટોણો માર્યો હતો કે આરોપો લગાવવા જોઈએ પણ પુરાવા પણ નક્કર હોવા જોઈએ.

## શું રાજ્યમાં ગુનાઓ વધ્યા છે?

વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં ગુનાઓ વધ્યા છે. આ અંગે ફડણવીસે કહ્યું હતું કે ૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં ગુનાઓની સંખ્યા ૧૧,૬૫૬ જેટલી ઓછી છે. એટલે કે ગુનાઓમાં ૬.૭૫ ટકાનો ઘટાડો થયો છે. આમાં, હત્યા, લૂંટ, હત્યાનો પ્રયાસ જેવા તમામ પ્રકારના ગુનાઓમાં ઘટાડો થયો છે.

સાયબર ગુનાઓની તપાસ દર ૨૦૨૨માં ૧૬.૪૫ ટકાથી વધીને હવે ૧૯ ટકા થયો છે. સાયબર ગુનાઓમાં છેતરપિંડીમાંથી હસ્તગત કરાયેલા નાણાંની ટકાવારી ૨૦૨૧માં ૨.૭૫ ટકાથી વધીને ૨૦૨૪માં ૧૬ ટકા થઈ ગઈ છે.

નાગપુરમાં પણ ગુનાઓમાં ઘટાડો થયો છે. રાજ્યમાં ગુનાઓમાં ઘટાડાનો દર ૬.૫ ટકા છે, જ્યારે નાગપુરમાં આ જ દર ૧૧ ટકા છે. નાગપુરમાં પ્રતિબંધક કાર્યવાહીમાં ૧૨ ટકાનો વધારો થયો છે.

મહિલાઓ સામે હિંસાના કેસોમાં ગુનાઓ ઉકેલવાનો દર ૯૧ ટકા છે. ૯૮ ટકા બળાત્કારના કેસોમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કમનસીબે, ૯૯.૫૨ ટકા બળાત્કારના કેસોમાં, આરોપીઓ પીડિતના પરિચિતો અથવા સંબંધીઓ હોય છે.

## વિપક્ષની રાજ્યપાલ

ભલામણોને અનુસરીને કેટલાક પ્રક્રિયાગત ફેરફારો કરવામાં આવ્યા છે, તેમ છતાં બિલનું મૂળભૂત માળખું દમનકારી, અસ્પષ્ટ અને દુરુપયોગનો અવકાશ ધરાવે છે, એમ પત્રમાં કહેવામાં આવ્યું છે.

તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે વિપક્ષ, નાગરી સમાજ અને બંધારણીય નિષ્ણાતો દ્વારા ઉઠાવવામાં આવેલી મુખ્ય ચિંતાઓને કાં તો અવગણવામાં આવી છે અથવા બાજુ પર રાખવામાં આવી છે.

પ્રતિનિધિમંડળે બિલની વિશાળ સત્તાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જે તેમનો મત છે કે અસંમતિને ગુનાહિત બનાવી શકે છે અને વિપક્ષી ચળવળોને લક્ષ્ય બનાવી શકે છે.

પત્ર મુજબ, ૧૦ જુલાઈના રોજ વિધાનસભામાં રજૂ કરાયેલ સુધારેલું બિલ કારોબારી તંત્રને યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના સંગઠનોને 'ગેરકાયદે' જાહેર કરવાની સત્તા આપે છે, 'ગેરકાયદેસર પ્રવૃત્તિ'ની અસ્પષ્ટ વ્યાખ્યાઓ હેઠળ નિયમિત વિપક્ષી પ્રવૃત્તિઓને ગુનાહિત બનાવી શકાય છે અને ન્યાયિક માધ્યમો દ્વારા જપ્તી, હકાલપટ્ટી અને નાણાકીય દંડની મંજૂરી આપે છે. વિપક્ષે બિલ હેઠળ નીચલી અદાલતોને અધિકારક્ષેત્રમાંથી બાકાત રાખવા અંગે વધુ ચિંતા વ્યક્ત કરી, જેના કારણે કાનૂની ઉપાય માટેના માર્ગો મર્યાદિત થયા. સંશોધિત હેતુ કલમ, જે હવે 'ડાબેરી ઉગ્રવાદી સંગઠનો અથવા સમાન સંગઠનો'ને લક્ષ્ય બનાવે છે, તે વૈચારિક પૂર્વગ્રહ રજૂ કરે છે અને રાજ્યને ખેડૂત જૂથો, વિદ્યાર્થી સંગઠનો અથવા નાગરિક અધિકાર સંસ્થાઓને જાહેર વ્યવસ્થા માટે જોખમ તરીકે સ્થાપિત કરવાની જોગવાઈ ધરાવે છે, એમ પત્રમાં જણાવાયું છે.

'ઉગ્રવાદ કોઈ એક વિચારધારા સુધી મર્યાદિત નથી,' એમ કડક શબ્દોમાં લખાયેલા પત્રમાં ભારપૂર્વક જણાવાયું છે. વિપક્ષે એવી દલીલ કરી હતી કે બંધારણના અનુચ્છેદ ૧૯ અને ૨૧માં સમાવિષ્ટ પ્રમાણસરતાના સિદ્ધાંતોનું આ કાયદામાં ઉલ્લંઘન થાય છે. વિપક્ષી નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી જોગવાઈઓ સંગઠન, માન્યતા અને ભાગીદારીને ગુનાહિત બનાવવા સમાન છે.

## બન્ને એનસીપીના

સાથે જ રહીશું. જે લોકોને આ સ્વીકાર્ય છે તેઓ અમારી સાથે જોડાશે, એમ તેમણે કહ્યું હતું.

'અમારા મુખ્ય જૂથમાં પણ એકીકરણ અંગે કોઈ ચર્ચા થઈ નથી. જ્યારે આવી પરિસ્થિતિ ઊભી થાય અને એક સાથે આવવાનો સમય આવે, ત્યારે અમારે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથે વાત કરવી પડશે, કારણ કે ભાજપનું ટોચનું નેતૃત્વ અમને તેમની સાથે લઈ ગયું હતું. તેમની સાથે સલાહ-મસલત કરવી સ્વાભાવિક છે,' એમ તટકરેએ કહ્યું હતું.

જાલનામાં બોલતા, તટકરેએ ગુરુવારે એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકરના સમર્થકો વચ્ચે વિધાનસભા સંકુલમાં થયેલી મારામારીની નિંદા કરી હતી.

## મુંબઈમાં ગૃહ રાજ્ય

તમને તમારી પ્રિય બહેનના આશીર્વાદ છે અને બીજી તરફ તમે તમારી બહેનોને ડાન્સ બારમાં નચાવો છો? ગૃહ રાજ્યપ્રધાને રાજીનામું આપી દેવું જોઈએ. અજિત દાદા, તમે યોગ્ય કાર્યવાહી કરશો. મુખ્ય પ્રધાને ગૃહ રાજ્ય પ્રધાન પદેથી તેમનું રાજીનામું માંગવું જોઈએ. જો કોઈ કાર્યવાહી નહીં થાય તો તે સાબિત થશે કે સરકારનું સમર્થન છે. અત્યારે મારું માથું શરમથી ઝૂકી ગયું છે.

## હવે સત્ર દરમિયાન

ત્યારે પ્રધાનોને સત્તાવાર બેઠક યોજવાની અને વિધાનસભા સંકુલમાં મુલાકાતીઓને મળવાની મંજૂરી નહીં આપવામાં આવે. સાથે આવનારી વ્યક્તિના વર્તન માટે સંબંધિત વિધાનસભ્યોને જવાબદાર ઠેરવવામાં આવશે.

પડળકર અને આવ્હાડ બંનેએ તેમના સમર્થકો વચ્ચે થયેલી ઝપાઝપી અંગે ગૃહમાં ખેદ વ્યક્ત કર્યો હતો. નાર્વેકરે જણાવ્યું હતું કે ગુરુવારની ઝપાઝપીમાં સંડોવાયેલા અને રાજ્ય વિધાનસભાના સુરક્ષા કર્મચારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવેલા વિધાનસભ્યો જિતેન્દ્ર આવ્હાડ અને ગોપીચંદ પડળકરના સહયોગી નીતિન દેશમુખ અને સરજેરાવ ટાકલેને ગૃહના વિશેષાધિકારના ભંગનો સામનો કરવો પડશે. (પીટીઆઈ)

## મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે

જણાવાયું છે કે, કરારની કલમ ૨૫.૧ મુજબ, આઈઆરબીએ તૃતીય પક્ષના દાવાઓ અને 'ફોર્સ મેજ્યુર' ઘટનાઓને આવરી લેવા માટે પોતાના ખર્ચે યોગ્ય વીમા કવર મેળવવાનું હતું જેમાં બિન-રાજકીય ઘટનાઓનો સમાવેશ થાય છે, જેને કલમ ૨૭.૨માં ભગવાનનું કૃત્ય, રોગચાળો, ભૂકંપ, પૂર, ભૂસ્ખલન, ચક્રવાત, હડતાલ અથવા બહિષ્કાર, કોર્ટના આદેશો, ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિઓ અને કુદરતી પરિસ્થિતિઓ તરીકે વર્ણવવામાં આવી હતી.

કરારના કલમ ૨૭.૭.૨માં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આવી બિન-રાજકીય ઘટનાઓને કારણે થતા નુકસાનના કિસ્સામાં, પક્ષો તેમના સંબંધિત ફોર્સ મેજ્યુર ખર્ચ ભોગવશે અને કોઈપણ પક્ષને તેનો કોઈ ખર્ચ બીજા પક્ષને ચૂકવવાની જરૂર રહેશે નહીં, એમ કેગના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આઈઆરબીએ ફોર્સ મેજ્યુર ઘટનાઓ માટે તેના વ્યવસાયનો વીમો લીધો નહોતો.

અહેવાલમાં જણાવાયું છે કે ૨૩ માર્ચ, ૨૦૨૦ના રોજ કોવિડ-૧૯ લોકડાઉન અમલમાં આવ્યા પછી, ટોલની વસૂલાત ખોરવાઈ ગઈ હતી અને આ કલમ ૨૭.૨ની દ્રષ્ટિએ બિન-રાજકીય ફોર્સ મેજ્યુર ઘટના બની હતી, એમ અહેવાલમાં જણાવાયું છે. આઈઆરબીએ (૨૪ માર્ચ, ૨૦૨૦ના રોજ) એમપીઈએલને ટોલ આવકના નુકસાનને સહન કરવા અને સબ-કન્સેશન ફીમાં માફી આપવા વિનંતી કરી હતી. એમપીઈએલે બિન-રાજકીય ફોર્સ મેજ્યુર ઘટનાઓને લગતી સંબંધિત કલમો ટાંકીને દાવાઓને ફગાવી દીધા હતા, એમ તેમાં જણાવાયું છે.

'ત્યારબાદ, યોગ્ય વળતર માટે આઈઆરબી દ્વારા તેમના કેસ પર વિચાર કરવા માટે સતત વિનંતીઓ પર, એમપીઈએલના ડિરેક્ટર બોર્ડે તેની બેઠકમાં (૨૦ એપ્રિલ, ૨૦૨૦ના રોજ) ટોલ વસૂલાતમાં ૨૫ દિવસના મહેસૂલ નુકસાનની ગણતરીના આધારે વળતર આપવા સંમતિ આપી. વળતરની રકમ ૭૧.૦૭ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી હતી,' એમ અહેવાલમાં જણાવાયું છે. કેગના અહેવાલમાં ભારપૂર્વક જણાવાયું છે કે બિન-રાજકીય ફોર્સ મેજ્યુર ઘટના માટે આઈઆરબીને ૭૧.૦૭ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાનો એમપીઈએલનો નિર્ણય કરારની કલમ ૨૭.૨ અને ૨૫.૧નું પાલન કરતો ન હતો. એમપીઈએલ દ્વારા આઈઆરબીને ૭૧.૦૭ કરોડ રૂપિયાના ફોર્સ મેજ્યુર ખર્ચની ચુકવણી કરારની જોગવાઈઓનું ઉલ્લંઘન અને આઈઆરબીને અનુચિત તરફેણ કરવામાં આવી હતી, એમ તેમાં જણાવાયું છે.

## ઓએનજીસીના નિવૃત્ત

માટે તૈયારી દર્શાવ્યા બાદ તેમને વ્હૉટ્સઍપ પર લિંક મોકલવામાં આવી હતી અને તેના દ્વારા રોકાણ કરવાનું કહેવામાં આવ્યું હતું. દરમિયાન આરોપીઓના કહેવાથી ફરિયાદીએ વિવિધ બૅંક અકાઉન્ટ્સમાં સમયાંતરે ૬૦.૨૬ લાખ રૂપિયા ઑનલાઇન ટ્રાન્સફર કર્યા હતા. જોકે નાણાં શેરબજારમાં રોકવામાં આવ્યા હોવા અંગે તેમને કોઇ માહિતી આપવામાં આવી નહોતી. બીજી તરફ આરોપીઓએ તેમને રૂપિયા પણ પાછા આપ્યા નહોતા. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ ડી.બી. માર્ગ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને તેમની ફરિયાદને આધારે ગુનો દાખલ કરાયો હતો. તપાસ દરમિયાન ફરિયાદીના બૅંક ખાતામાંથી ૧૮ લાખ રૂપિયા જે ખાતામાં ટ્રાન્સફર કરાયા હતા, જેની માહિતી મેળવવામાં આવી હતી અને બાદમાં ગુનામાં સામેલ ચાર જણની ધરપકડ કરાઇ હતી.

## થાણે અને ભિવંડીમાં

પાલિકા દ્વારા તેમના પોતાના પાણી પુરવઠા યોજના હેઠળ તબક્કાવાર થાણે શહેરમાં એક જ સમયે પાણી પુરવઠો કરવામાં આવશે. તેથી આ સમય દરમ્યાન થાણેના ઘોડબંદર રોડ, પાતલીપાડા, બાળકુમ, પવાર નગર, કોઠારી કમ્પાઉન્ડ, ડોંગરી પાડા, વાઘબીળ, સમતાનગર, ઋતુપાર્ક, સિદ્ધેશ્વર, ઈન્ટરનિટી, જૉન્સન, સાકેત, ઉથળસર, રેતીબંદર, કલવા અને મુંબ્રા જેવા વિસ્તારોમાં મંગળવારના સવારના નવ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રહેશે.

શટડાઉનને કારણે પાણી પુરવઠો પૂર્વવત્ આવે ત્યાં સુધી એકાદ-બે દિવસ ઓછા દબાણે પાણી પુરવઠો થવાની શકયતા છે. તેથી નાગરિકોને પાણીનો સ્ટોક કરીને વાપરવાની અપીલ કરવામાં આવી છે.

## જૈન મરણ

લીંબડી નિવાસી હાલ માટુંગા, સ્વ. જયાબેન અને શાંતિલાલ શેઠના સુપુત્ર પ્રવીણભાઈ (ઉં.વ. ૮૨) તે રંજનબહેનના પતિ. કુનાલ તેમજ તોરલના પિતા. સોનાલીબેન તથા ચેતન પડીયાના સસરા. વીરના દાદા તથા વ્રુશાલી અને નંદીનીના નાના. સ્વ. શાંતિલાલ વાઘજીભાઈના જમાઈ તા. ૧૭.૦૭.૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તા. ૨૦.૦૭.૨૫ના રવિવારે, પ્રાર્થનાસભા ૧૦થી ૧૨ રાખેલ છે. સરનામું: રામજી અંદરજીની વાડી, ૩૦૯ ચંદાવરકર લેન, માટુંગા સેન્ટ્રલ (ઈસ્ટ).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ નૂ.ત્રંબૌના સ્વ.દિવાળીબેન શાહ (ઉં.વ.૭૮) અરિહંતશરણ બુધવાર તા.૧૬.૦૭.૨૫ના દેશમાં અવસાન પામેલ છે. વીશાબેન જીવરાજના પુત્રવધુ. પોપટલાલના ધર્મપત્ની. અરવિંદ,દિલીપ, કિરીટ, ઉર્મિલા, પ્રભા, મંજુલા, જયશ્રીના માતુશ્રી. શાંતિ, હેતલ, મિતાલી ચાંપશી, સ્વ. નવીન, હસમુખ, ધીરજના સાસુ.પાર્થ, અક્ષત, હેની, વિહાની, ગ્રાહી, યાશીના દાદી. નંદાસરના સ્વ. બુધ્ધિબેન ડોસા ભોજરાજ બોરીચાના દિકરી. પ્રાર્થનાસભા તા.૧૯.૦૭.૨૫ શનિવાર સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે. સ્થળ: થાણા વર્ધમાન સ્થાનક, તળાવપાળી, થાણા.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર તિલકનગર, સ્વ. સુશીલાબેન વૃજલાલ મહેતાના પુત્રવધૂ દીનાબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. રશ્મીકાંતના ધર્મપત્ની. નેહા વિપુલ ભટ્ટ, હિમાંશુના માતુશ્રી. ભાવીના નાની. જગદીશભાઈ, સ્વ. ભારતીબેન, સ્વ. ઈલાબેનના ભાભી. સ્વ. તારાચંદ ગોરધન જસાણીની દીકરી તા. ૧૭-૭-૨૫ના ગુરુવાર અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ઓસવાલ જૈન**

પાટણ - કોકાના પાડાના હાલ તારદેવ મુંબઈ સેન્ટ્રલ, સ્વ. પ્રવિણચંદ્ર અને સ્વ. વિદ્યાબેનના સુપુત્ર હિતેશભાઈ (ઉં. વ. ૬૫) તા. ૧૭/૦૭/૨૫ના ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. મનીષાબેનના પતિ. રાહુલના પિતા. પાયલબેનના સસરા. દિમીરાના દાદા. પ્રતિભાબેન, સંગીતાબેન અને જયશ્રીબેનના ભાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશાશ્રીમાળી જૈન**

રાજસીતાપુર નિવાસી હાલ વિરાર, અશોકભાઈ અમૃતલાલ શાહના ધર્મપત્ની અ.સૌ.રેણુકાબેન (ઉં. વ. ૭૧) તા. ૧૭/૦૭/૨૫ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે વૈશાલી શૈલેશકુમાર પારેખના માતુશ્રી. ચાર્મી તથા યશના નાની. જીગ્નેશ તથા અમિતના કાકી. પિયરપક્ષે સ્વ. ગાંડાલાલ મોહનલાલ શાહ (ધ્રાંગધ્રા) ના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. એફ/૧૦૩, મીત બીલ્ડિંગ રાજીવ નગર, વિરાર વેસ્ટ.

**સુરત વિશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ જૈન**

સ્વ. લક્ષ્મીચંદ સવચંદ શાહના સુપુત્ર પંકજ શાહ (ઉં. વ. ૭૨) તા. ૧૭/૭/૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામ્યા છે. તે નલિનીબેનના સુપુત્ર. શૈલજાબેનના પતિ. દિપ્તીબેનના ભાઈ. વિદિતના પપ્પા. વિશ્વાના મામા. રાજેન્દ્ર ત્રિવેદીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દિગંબર દશા હૂમડ જૈન**

ગોગા (ભાવનગર) હાલ મુંબઈ ઘાટકોપર, સ્વ. જમનાદાસ તારાચંદ કાપડિયા તથા સ્વ. જસ્કોરબેન કાપડિયાના સુપુત્ર વિજયભાઈ કાપડિયા (ઉં. વ. ૮૨) તા. ૧૪-૭-૨૫ સોમવારના અરિહંતશરણ પામ્યા છે. તે ગં. સ્વ. નીરુબેનના પતિ. અમિત અને જૂહીના પિતા. પુત્રવધૂ. નમિતા અમિત કાપડિયા તથા જમાઈ તુષારભાઈ શાહના સસરા. ચિ. કુશ અને ક્રિતિનના દાદા. શ્રદ્ધાંજલિ સોમવાર, ૨૧મી જુલાઈ ૨૫ના ૨ થી ૪. પારસધામ જૈન મંદિર, ત્રીજે માળે, વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના લક્ષ્મીચંદ પોલડિયા (ઉં. વ. ૭૦) તા. ૧૩-૭-૨૫ના અવસાન પામેલ છે. લાછબાઇ વીજપારના પુત્ર. સુશીલાબેનના પતિ. વિશાલ, મેહુલના પિતા. ખેતશી, કેશવજી, પ્રાગજી, લક્ષ્મીબેન, મંજુલાબેન, સુશીલાબેન, ગુણવંતીબેન, વિમળાબેનના ભાઇ. વાંઢ નાનબાઇ મોરારજી નંદુના જમાઇ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ૧લે માળે, માટુંગા. ટા. : ૪ થી ૫.૩૦. નિ. સુશીલા પોલડીયા, વીંછી ફરિયો, હનુમાન મંદિરની બાજુમાં, મેન બજાર (વઠાણ), બિદડા-૩૭૦૪૩૫.

કપાયાના સાકરબેન ગાંગજી નરસી નાગડા (ઉં. વ. ૮૬) તા.૧૫-૦૭-૨૦૨૫ના હૈદ્રાબાદ મધે અવસાન પામેલ છે. પાનબાઈ નરસી કોરસીના પુત્રવધૂ. ગાંગજીના પત્ની. વાસંતી, શાંતિલાલ, પ્રદીપ, દિલીપના માતુશ્રી. સ્વ. સુંદરબાઈ, સ્વ. હાંસબાઈ ડુંગરસીના પુત્રી. સ્વ. લક્ષ્મીચંદ, સ્વ. વસંત, મુલચંદ, કપાયાના સ્વ. રતનબેન મેઘજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતીલાલ નાગડા, ૫૦૨, ટીએનઆર મહાદેવ એપાર્ટમેન્ટ, બરકતપુરા, હૈદરાબાદ-૫૦૦૦૨૭.

રતાડીયા (ગ.) ના કસ્તુરબેન જાદવજી સાવલા (ઉં. વ. ૮૮) તા. ૧૫-૦૭-૨૫ ના દેહ ત્યાગ કરેલ છે. મઠાબેન નાનજી શિવજીના પુત્રવધૂ. જાદવજીના પત્ની. રમણીક, રંજન, લતા, હીનાના માતુશ્રી. સાડાઉના લાછબાઈ પ્રેમીજી દેવશી મંગરાઈના પુત્રી. લાલજી, ગાંગજી, વિરજી (બચુ), ભાનુમતી, દેવકાના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. રમણીક સાવલા, મહાવીર દર્શન, બાલગૃહ ગલી, લામ રોડ, દેવલાલી-૪૨૨૪૦૧.

**મુમુક્ષુ દિગમ્બર સ્થાનકવાસી જૈન**

વિંછિયા નિવાસી હાલ ભાયંદર, સ્વ. ભાયચંદ પ્રાગજી બોટાદરાના પુત્ર હસમુખલાલ (ઉં. વ. ૮૭) તે સ્વ. મધુકાન્તાબેનના પતિ તા. ૧૭-૭-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. તે દિપક, રૂપા રજનીકાંત મોદી, પ્રિતી વિજય રવાણી, ભાવિકા જીતેન્દ્ર ટોલીયાના પિતા અને અલકાબેનના સસરા. તે મહેન્દ્રભાઈ, સ્વ. હર્ષદભાઈના મોટાભાઈ અને સ્વ. અમૃતલાલ માણેકચંદ બોરડીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખે

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રાજપરા (તણસા) નિવાસી હાલ વિલે પાર્લા, અમુલખભાઈ હઠીચંદભાઈ શાહ (ઉં. વ. ૯૫) મંગળવાર તા. ૧૫-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસીલાબેનના પતિ. પ્રકાશભાઈના પિતાશ્રી. મિરાબેનના સસરા. દર્શિત તથા સ્વ. હિનલના દાદા. સ્વ. મનસુખલાલભાઈ તથા સ્વ. શાંતિલાલભાઈના મોટાભાઈ. તે સ્વસુર પક્ષે ચોગઠ નિવાસી હાલ અમદાવાદ સ્વ. પ્રેમચંદભાઈ નથુભાઈના જમાઈ. ૧૪ રાજલોક વંદના શનિવાર, તા. ૧૯-૭-૨૫ના ૧૦થી ૧૨ રાખેલ છે. એડ્રેસ- અમૃત તારા બેન્કવેટ હોલ, એનએસએમ સ્કૂલ, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રદ્ધાનંદ રોડ, નવપાડા, વિલેપાર્લા ઈસ્ટ.

## પારસી મરણ

આબાન એરચ એન્જિનિયર તે મરહૂમ એરચના ધન્યાની તે મરહુમો સુના એરચ કામાના દીકરી. તે વીરાફ ને અસ્પીના માતાજી. (ઉં.વ. ૮૪) રે.ઠે.: ૬૮૬, મઝદા સી.એચ.એસ, ખરેઘાટ રોડ, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૯-૦૭-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં.

## હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

નવિનચંદ્ર દામોદર સ્વાલી (ઉં.વ. ૮૫) તે મૃદુલાબેનના પતિ. બેનાબેન દામોદર સ્વાલીના સુપુત્ર. જયાબેન લીલાધર કાપડિયાના જમાઈ. વિનિત અને પૂનમના પિતાશ્રી. અતુલ અને પારુલના સસરા. સ્વ. મૂળરાજભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, ધમીભાઈ, જયુભાઈ, મહેશભાઈ અને સ્વ. મઘીબેન, કિશોરીબેન, સ્વ. જયશ્રીબેનના ભાઈ ગુરૂવાર, તા. ૧૭-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૯-૭-૨૫ના ૪.૩૦થી ૬.૦૦. બાલ્કનજી બારી, રાજાવાડી, ઘાટકોપર. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ગુર્જર વણીક**

મુંબઈ નિવાસી, કુમારી સિધ્ધી ભૂપેન્દ્ર ધ્રુવ (ઉં. વ. ૩૮) તે ભૂપેન્દ્ર સુમનલાલ ધ્રુવ અને મીનાક્ષીબેન ભૂપેન્દ્ર ધ્રુવની દિકરી. સ્વ. સુમનલાલ ધ્રુવ અને સ્વ. અનસુયાબેન ધ્રુવની પૌત્રી. સ્વ. પરિમલ ધ્રુવ, સ્વ. પંકજ ધ્રુવ અને આરતી ધ્રુવની ભત્રીજી. શ્રીજીચરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ગુંદરણવાળા હાલ બેંગ્લોર, સ્વ. જેકોરબેન અંબાવીદાસ ચિતલિયાના પુત્ર શાંતિલાલ (ઉં.વ. ૯૭) તે સ્વ. પ્રભાવતીના પતિ. શરદ-પૂનમ, કિશોર-કૃષ્ણા, પ્રકાશ - પલ્લવી, દિલીપ-મીનાના પિતા. અંકિત - એશા, ચિરાગ - પ્રિયંકા, રાધિકા - આમિલ, જાનવી - પ્રિયમ, માનસી - રાહુલ, પૂજા - કુશલના દાદા. જાનબાઈ દેરડીવાળા સ્વ. નરોત્તમદાસ રામજી મહેતાના જમાઈ. મુકુંદભાઈ, વિજયભાઈ, કાન્તાબેન, પદમાબેન, જસવંતીબેન, ચંદ્રિકાબેનના બનેવી તા. ૧૭- ૦૭- ૨૫ના ગુરુવાર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

અ.સૌ. વિના શાંતિકુમાર કાપડિયા (ઉં.વ. ૯૩) તા. ૧૭.૦૭.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. શાંતિકુમાર ધરમશી રતનશીના પત્ની. સ્વ. ધરમશી રતનશીના પુત્રવધૂ. સ્વ. મથુરાદાસ દ્વારકાદાસના દીકરી. અનિરુદ્ધ અને કનિકાના માતા. શિલ્પા અને જયના સાસુ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦.૦૭.૨૫ના ૪.૦૦થી ૬.૩૦. ઠે: વાય.બી. ચવાન હોલ, જગનનાથ રાવ ભોસલે માર્ગ, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચોગઠવાળા, સ્વ. શાંતાબેન ત્રંબકલાલ દેસાઈના પુત્ર યોગેશ (ઉં. વ. ૬૪) ૧૪/૭/૨૫ના અમદાવાદ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હસમુખભાઈ, ભરતભાઈ, વસંતભાઈ, કિરણબેન મુકેશકુમાર કાચરીયાના નાનાભાઈ. જતીન,આનંદ, વિરલ, ધવલ, મોનીશાના કાકા. મોસાળપક્ષે જલારપૂર માંડવાવાળા મણિલાલ મનજી મહેતાના દોહિત્ર. પ્રાર્થનાસભા ૨૦/૭/૨૫ના ૫ થી ૭. કપોળવાડી, જી. એચ. સ્કૂલની સામે, બોરીવલી ઈસ્ટ.

**બાલાસિનોર દશાનીમા વણિક**

દેવયાનીબેન વિનયકાંત કકડીયા (લટકારી) (ઉં. વ. ૮૯) ગુરુવાર ૧૭-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નિલેશ, તુષાર, શિલ્પાના માતુશ્રી. યોગીની, અલકા, પરેશકુમારના સાસુ. મણીબેન ચીમનલાલ દેસાઈ સોજીત્રાવાળાના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ મોટી અરલ હાલે મુલુંડ ચેકનાકા, સ્વ. વિવેક ઠક્કર (છોટુ) (ઉં. વ. ૩૩) તા. ૧૭-૭-૨૫ના રામશરણ પામેલ છે. તે મીના ભરત ઠક્કરના પુત્ર. શાંતાબેન નરસિંહ ભગતના પૌત્ર. માગીબેન હંસરાજ માણેકના દોહિત્ર. નિખિલના નાનાભાઈ. હેતલના દેવર. હનિશ, પરીના કાકા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ સુથાર**

વલસાડના, ગં. સ્વ. કુસુમબેન પંચાલ ૧૪મીને સોમવારે દેવલોક પામ્યા છે. તે સ્વ. મોહનલાલ ઘેલાભાઈ પંચાલનાં પત્ની. મેહુલનાં માતા. સોનલનાં સાસુ. અરવિંદભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. ભાનુબેન પંચાલનાં બેન. દીનાબેન રમેશચંદ્ર હરગોવિંદભાઈ મિસ્ત્રીનાં વેવાણ. શોકસભા ૨૦મીને રવિવારે ૩ થી ૫. જૂના સ્વામીનારાયણ મંદિર હોલ (શેડ), ગ્રાઉન્ડ ફ્લૉર, ૬૦ ફીટ રોડ, વસઈ ૫. લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ મસ્કા કચ્છ હાલે ભાયંદર, ગં.સ્વ. રેખાબેન મહેતા (ઉં. વ. ૭૨) તા. ૧૭/૦૭/૨૫ને ગુરુવારના રામશરણ પામેલ છે. તે સ્વ. કાંતિલાલ મહેતાના ધર્મપત્ની. સ્વ. લક્ષ્મીબેન માધવજી કેશવજી મહેતાના પુત્રવધૂ. ભૌનિક, વિશાલ અને શીતલ ચેતનકુમાર ડેડેચાના માતુશ્રી. ગં. સ્વ. મંગળાબેન પ્રેમજીભાઈ ડેડેચાના વેવાણ. સ્વ. પ્રભાબેન મુરજીભાઈ જોશી, ગં.સ્વ. લીલાબેન ચંદ્રકાંત ભટ્ટ, નિર્મળાબેન શાંતિલાલ જોશીના ભાભી. ગામ બારઈના સાકરબેન કરશનજી ભટ્ટના સુપુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

હળવદ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. વસંતગૌરી, શીવલાલ પારેખના પુત્ર ગુણવંતરાય (ઉં.વ. ૮૦) તે નયનાબેનના પતિ. રશેષ, મનીષા, વૈશાલી અને પિન્કીના પિતા. આશિષ, મનીષ, જયેશ, કેતકીના સસરા. સ્વ. રજનીકાંતભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. હર્ષદભાઈ પારેખના ભાઈ. સ્વ. વ્રજલાલ શીવલાલ દોશીના જમાઈ. શુક્રવાર તા. ૧૮-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**રાજકોટ ગુજરાતી મચ્છુ કઠિયા દરજીજ્ઞાતિ**

સ્વ. વિનોદભાઈ ચાવડા (ઉં.વ.૬૫) ખીરસરાવાળા તે સ્વ. નાગજીભાઈ બાવાલાલ ચાવડાના પુત્ર તથા સ્વ. રતીલાલ પોપટલાલ મકવાણાના જમાઈ. ભરતભાઈ, મુકેશભાઈ રતીલાલ મકવાણાના બનેવી. નિલેષભાઈ નાગજીભાઈ ચાવડાના મોટાભાઈ. મેઘાબેન મોહિતકુમાર ચાવડા અને જિજ્ઞાબેન ચાવડાના પિતાશ્રી તા. ૧૮-૭-૨૫, શુક્રવારે અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૨૧-૭-૨૫, સોમવારે ૪થી ૬. શ્રી ગુજરાતી મચ્છુ કઠિયા દરજીજ્ઞાતિ વાડી, સાંગણવા ચોક, રાજકોટ ખાતે.

**વિસા સોરઠીયા વણિક**

લોએજવાળા હાલ ભીવંડી કરસનદાસ ધારશી શાહ (ઉં. વ. ૮૯) તે બાલાગામવાળા હેમચંદ દયાળ શાહના જમાઈ તા. ૧૭-૭-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જશવંતીબેનના પતિ. હીના, હેમા, દર્શનાના પિતાશ્રી. વીપુલભાઈ, નલીનભાઈ, રાજેશના સસરા. પલક, હીમાની, મીતુલ, ખ્યાતી તથા પાર્થના નાના. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

## વિધાનભવનની લોબીમાં મારામારી

# હવે સત્ર દરમિયાન મુલાકાતીઓને નો એન્ટ્રી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્ય વિધાનસભાના સત્ર દરમિયાન વિધાનભવનમાં પ્રવેશ અંગે મુલાકાતીઓ પર પ્રતિબંધ રહેશે. ફક્ત પ્રધાનો, વિધાનસભ્યો, તેમના સત્તાવાર રીતે નિયુક્ત વ્યક્તિગત સચિવ અને સરકારી અધિકારીઓને જ અંદર પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે.

એનસીપી (એસપી)ના વિધાન સભ્ય જિતેન્દ્ર આવ્હાડ અને ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકરના સમર્થકો વચ્ચે વિધાનભવનમાં ઝપાઝપી થઈ એના એક દિવસ બાદ સ્પીકરે રાજ્ય વિધાનસભાના નીચલા ગૃહમાં આ જાહેરાત કરી હતી. એના એક દિવસ પહેલા બંને વિધાન સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

સ્પીકર નાર્વેકરે વધુમાં જણાવ્યું હતું કે વિધાનસભાની નૈતિક સમિતિની રચના અંગે એક અઠવાડિયામાં નિર્ણય લેવામાં આવશે. સત્ર ચાલુ હોય (જુઓ પાનું ૪) ▸▸



**કડક પહેરોઃ** વિધાનભવનમાં ગુરુવારે થયેલી મારામારી બાદ બહારના મુલાકાતીઓના પ્રવેશ પર સત્ર દરમિયાન નો-એન્ટ્રીનો આદેશ આપ્યા પછી શુક્રવારે બધાના આઈડી કાર્ડ તપાસીને અંદર જવા દેવામાં આવ્યા હતા. (અમય ખરાડે)



# બળપૂર્વક આવ્હાડને પોલીસ વેન સામેથી ખસેડાયા, ગુનો નોંધાયો

મુંબઈઃ ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકર અને શરદ પવારની એનસીપીના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડના કાર્યકર્તાઓ વચ્ચે વિધાનસત્ર દરમિયાન બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આ કાર્યકર્તાઓની અટકાયતના વિરોધમાં અન્ય કાર્યકરો સાથે આવ્હાડે પોલીસ વાહન સામે બેસી આંદોલન કર્યું હતું. આ મામલે પોલીસે હવે આવ્હાડ સામે પણ ગુનો નોંધ્યો છે. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ વાહનની સામે બેઠેલા આવ્હાડ અને કાર્યકરોને વિખેરવા માટે બળપ્રયોગ કર્યો હતો.

પોલીસે કાર્યકર્તા નીતિન દેશમુખને તાબામાં લેતા આવ્હાડએ એનો વિરોધ કર્યો હતો. એક કલાક સુધી આવ્હાડ અને તેમના કાર્યકરો પોલીસની ગાડી સામે બેસી રહ્યા હતા. આ વખતે કાર્યકર્તાને લઈ જવા નહીં દે તેવું વલણ આવ્હાડે લીધું હતું. એક તરફ નીતીન (જુઓ પાનું ૪) ▸▸

### ‘હિન્દી ફરજિયાત તો કરો...’, રાજ ઠાકરેનો ફડણવીસને પડકાર

# દુકાનો જ નહીં, શાળાઓ પણ બંધ કરીશું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી હિન્દી અને મરાઠી વિરુદ્ધ મુદ્દે રાજકારણ ગરમાયું છે. થોડા દિવસો પહેલા, થાણે જિલ્લાના મીરા ભાઈંદરમાં આયોજિત મરાઠી વિરુદ્ધ અમરાઠીના મુદ્દે વેપારીઓની કૂચનો જવાબ આપવા માટે મનસે કાર્યકરોએ બિનમરાઠી વેપારીઓના વિરોધમાં કૂચ કાઢી હતી.

ત્યારબાદ, શુક્રવારે મીરા ભાઈંદરમાં જ મનસે પ્રમુખ રાજ ઠાકરેની જાહેર સભા યોજાઈ હતી. આ વખતે, રાજ ઠાકરેએ ફરજિયાત હિન્દીના મુદ્દા પર દેવેન્દ્ર ફડણવીસને જાહેરમાં પડકાર ફેંક્યો હતો. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે તેઓ હિન્દી ભાષાને ફરજિયાત બનાવશે. હવે, રાજ ઠાકરેએ તેમના આ નિવેદન પર જાહેર પડકાર ફેંક્યો છે.

‘જો તમે આત્મહત્યા કરવા માગતા હો, તો કરો. મહારાષ્ટ્રમાં પહેલા ધોરણથી પાંચમા ધોરણ સુધી હિન્દી લાવવાનો પ્રયાસ કરી જુઓ. માત્ર દુકાનો જ નહીં, હું શાળાઓ પણ બંધ કરાવી દઈશ. શું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન હિન્દી માટે લડી રહ્યા છે?, એમ રાજ ઠાકરેએ ફડણવીસને પડકાર ફેંકતા જણાવ્યું હતું.

રાજ ઠાકરે મરાઠીના મુદ્દા પર આક્રમક જોવા મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ‘જો તમે મહારાષ્ટ્રમાં રહો છો, તો મરાઠી શીખો, યોગ્ય રીતે વ્યવસાય કરો. જો તમે રૂઆબ બતાવશો, તો તમને માર મારવામાં આવશે,’ એવી ચેતવણી રાજ ઠાકરેએ ઉચ્ચારી હતી.

તાજેતરમાં મરાઠી ભાષા બોલવા પ્રકરણે મનસેના કાર્યકરો દ્વારા વેપારી સહિત અન્યોની મારપીટ કરવામાં આવી હતી. આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. એવામાં રાજ ઠાકરેએ મુખ્ય પ્રધાનને ઉક્ત પડકાર ફેંક્યો છે. ■

## ‘ન તો હની કે ટ્રેપ’

# નાનાભાઉનો પેન ડ્રાઇવ બૉમ્બ ફુસકોઃ ફડણવીસ

### નાશિકમાં જે હોટલનો ઉલ્લેખ થઈ રહ્યો છે તેના માલિક કૉંગ્રેસના ઉમેદવાર હતાઃ ફડણવીસનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હની ટ્રેપ કેસ હાલમાં ગૃહમાં ચર્ચાઈ રહ્યો છે, પરંતુ તેમાં ન તો હની છે ન તો ટ્રેપ છે. એવું માનવામાં આવે છે કે નાના પટોલે ગૃહમાં પેન ડ્રાઇવ બોમ્બ નાખ્યો હતો, પરંતુ નાનાભાઉનો બોમ્બ અમારા સુધી પહોંચ્યો નથી. ગૃહ વિભાગને પહોંચાડવામાં આવ્યો નથી તેવું નિવેદન આપતાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં એવી સ્પષ્ટતા કરી કે કોઈ વર્તમાન કે ભૂતપૂર્વ પ્રધાને હજી સુધી હની ટ્રેપ અંગે ફરિયાદ કરી નથી.

રાજ્યમાં ગયા એક અઠવાડિયાથી હની ટ્રેપનો કેસ ચર્ચામાં છે. ૭૨ વર્તમાન અને ભૂતપૂર્વ અધિકારીઓ અને કેટલાક મોટા નેતાઓ હની ટ્રેપમાં ફસાયેલા છે અને એવી ચર્ચા છે કે આ હની ટ્રેપનો માસ્ટરમાઇન્ડ નાશિકનો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આખરે વિધાનસભામાં આ બાબતનો જવાબ આપ્યો હતો. ગૃહ વિભાગ ફડણવીસ હેઠળ આવતા હોવાથી તેમના નિવેદનનું મહત્વ વધી ગયું છે.

ફડણવીસે કહ્યું હતું કે હાલમાં એવું વાતાવરણ છે કે વર્તમાન અને ભૂતપૂર્વ પ્રધાનો એકબીજા સામે શંકાની નજરે જોઈ રહ્યા છે. દરેક વ્યક્તિ વિચારી રહી છે કે (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે ટોલ કંપનીને શા માટે ૭૧ કરોડની માફી?

### કેગના અહેવાલમાં સરકારની આકરી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોવિડ-૧૯ (કોરોના)ના લોકડાઉન દરમિયાન મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે ટોલ ઓપરેટરને આપવામાં આવેલા ૭૧.૦૭ કરોડ રૂપિયાની અનિયમિત મહેસૂલ માફી બદલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલમાં મહારાષ્ટ્ર સરકારની ટીકા કરવામાં આવી છે.

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો અહેવાલ શુક્રવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી)ની માલિકીની અને નિયંત્રિત સરકારી કંપની, મુંબઈ પુણે એક્સપ્રેસવે લિમિટેડ (એમપીઈએલ)એ પહેલી માર્ચ, ૨૦૨૦થી ૩૦ એપ્રિલ, ૨૦૩૦ના સમયગાળા માટે આઈઆરબી એમપી એક્સપ્રેસવે પ્રાઇવેટ લિમિટેડ (આઈઆરબી) સાથે ટોલિંગ, ઓપરેશન, મેઇન્ટેનન્સ અને ટ્રાન્સફર (ટીઓટી) માટે ૮૨૬૨ કરોડ રૂપિયાની પેટા-કન્સેશન ફી માટે પેટા કરાર કર્યો હતો.

‘એમએસઆરડીસીને આઈઆરબી દ્વારા ચૂકવવાની અગાઉની રકમ ૬૫૦૦ કરોડ રૂપિયા હતી (પહેલી માર્ચ, ૨૦૨૦ના રોજ ચૂકવવાની બાકી રકમ વાર્ષિક ૯.૫ ટકા વ્યાજ સાથે, જો વિલંબ થાય તો) જ્યારે બાકીના ૧૭૬૨ કરોડ રૂપિયા આગામી ત્રણ વર્ષમાં ચૂકવવાના હતા. ટોલની વસૂલાત પહેલી માર્ચ, ૨૦૨૦થી શરૂ થઈ હતી અને કરાર પ્રગતિમાં છે,’ એમ તેમાં જણાવાયું છે. અહેવાલમાં (જુઓ પાનું ૪) ▸▸

### અનિલ પરબનો સનસનાટીભર્યો આરોપ

# મુંબઈમાં ગૃહ રાજ્ય પ્રધાનની માતાના નામે ડાન્સ બાર

મુંબઈઃ વિધાનસભા ચોમાસુ સત્રનો શુક્રવારે અંતિમ દિવસ હતો. તે દરમ્યાન ઠાકરે જૂથના વિધાનસભ્ય અનિલ પરબે ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે કાંદિવલીમાં સાવલી ડાન્સ બાર ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમની માતા જ્યોતિ કદમના નામે છે. પોલીસે આ બાર પર દરોડો પાડ્યો હતો અને ૨૨ બારબાળાની અટકાયત કરી હતી. ડાન્સ બાર પર પ્રતિબંધ હોવા છતાં આ બાર કેવી રીતે ચાલુ છે? એવો પ્રશ્ન પણ અનિલ પરબે ઊઠાવ્યો હતો.

અનિલ પરબે કહ્યું કે કાંદિવલીમાં એક સાવલી બાર છે. પોલીસે અહીં દરોડો પાડ્યો, તે સમયે ૨૨ બારબાળા અને ૨૨ ગ્રાહકો અને ચાર કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી હતી. અને ગ્રાહક સામે કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આ સ્થળે પંચનામા કર્યા હતા. તે બારનું પરમિટ ગૃહ પ્રધાનની માતા જ્યોતિ રામદાસ કદમના નામે છે. અનિલ પરબે વધુમાં કહ્યું કે, એક તરફ, (જુઓ પાનું ૪) ▸▸

# મહિલાઓને જૂનવાણી રીતરિવાજોથી મુક્ત કરવી જોઈએઃ ભાગવત

પુણેઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શુક્રવારે કહ્યું હતું કે કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ માટે મહિલાઓનું સશક્તિકરણ આવશ્યક છે અને તેમને પ્રતિકૂળ રીતરિવાજો અને પરંપરાઓથી મુક્ત કરવા જોઈએ. મહારાષ્ટ્રના સોલાપુરમાં નહીં નફો, નહીં નુકસાનના ધોરણે ચાલતા ઉદ્યોગવર્ધિની દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ભાગવતે કહ્યું કે મહિલાઓ કોઈ પણ સમાજનો સૌથી મહત્વપૂર્ણ હિસ્સો હોય છે. (પીટીઆઈ)■

# ડાબેરી ઉગ્રવાદ વિરુદ્ધ જન સુરક્ષા બિલઃ મુખ્ય પ્રધાન

### ઈસ્લામ અને આઈએસઆઈએસ વચ્ચેના તફાવતનું આપ્યું ઉદાહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય વિધાનસભાના ચાલુ ચોમાસુ સત્રમાં મંજૂર કરાયેલું મહારાષ્ટ્ર વિશેષ જન સુરક્ષા બિલ ડાબેરી પક્ષો અથવા સરકાર વિરોધી અવાજો વિરુદ્ધ નથી, પરંતુ ડાબેરી ઉગ્રવાદને લક્ષ્ય બનાવવા માટે છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં વિપક્ષ દ્વારા પ્રાયોજિત અંતિમ સપ્તાહના પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા, ફડણવીસે કહ્યું કે ડાબેરીઓ અને ડાબેરી ઉગ્રવાદ વચ્ચે તફાવત છે, જેમ ઇસ્લામ અને (પ્રતિબંધિત આતંકવાદી જૂથ) આઈએસઆઈએસ વચ્ચે તફાવત છે. ‘વિશેષ જન સુરક્ષા બિલ એક ઉદાર કાયદો છે. એમસીઓસીએ (જુઓ પાનું ૪) ▸▸

# વિપક્ષની રાજ્યપાલ સમક્ષ ધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિપક્ષી નેતાઓના એક પ્રતિનિધિમંડળે શુક્રવારે રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને મહારાષ્ટ્ર સ્પેશિયલ પબ્લિક સિક્યુરિટી બિલ ૨૦૨૪ વિરુદ્ધ એક પત્ર સુપરત કર્યો હતો, જેમાં તેમણે એવો દાવો કર્યો હતો કે તે અત્યંત ‘દમનકારી, અસ્પષ્ટ અને દુરુપયોગ માટે અવકાશ’ ધરાવે છે. વિપક્ષી નેતાઓએ રાજ્ય સરકાર પર જાહેર સુરક્ષાની આડમાં અસાધારણ કારોબારી સત્તાઓને કાયદેસર બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. જોકે સંયુક્ત સમિતિની (જુઓ પાનું ૪) ▸▸

# ઓએનજીસીના નિવૃત્ત અધિકારી સાથે ૬૦ લાખની ઑનલાઇન છેતરપિંડીઃ ગુજરાતથી ચારની ધરપકડ


મુંબઈઃ ઓએનજીસીના નિવૃત્ત અધિકારીને શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચ આપીને ૬૦.૨૬ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં ગુજરાતથી ચાર જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ડી. બી. માર્ગ પોલીસ સ્ટેશનની સાયબર ટીમે પકડી પાડેલા આરોપીઓની ઓળખ વેરાવળના જાવેદભાઇ મોહંમદભાઇ સુમારા (૪૦), ગિરગઢડાના જિજ્ઞેશભાઇ મોહનભાઇ કલસરિયા (૨૭), સુરતના મહાદેવ જસુભાઇ ગેઢિયા (૩૦) અને રવિ રામજીભાઇ આજગિયા (૩૬) તરીકે થઇ હતી. તેમની પાસેથી ચાર મોબાઇલ, સાત સિમકાર્ડ તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસના ફરિયાદી ૭૪ વર્ષની વયના હોઇ તેમણે એપ્રિલ, ૨૦૨૪માં ટ્રેડિંગ ઍપના માધ્યમથી શેરબજારમાં રોકાણ કર્યું હતું. ૨૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ આરોપીએ વ્હૉટ્સઍપ પર તેમનો સંપર્ક સાધ્યો હતો અને શેરબજારમાં રોકાણ અંગે વિવિધ સ્કીસ વિશે માહિતી આપી હતી. ફરિયાદીએ રોકા (જુઓ પાનું ૪) ▸▸

# બાન્દ્રામાં ત્રણ માળની ચાલ તૂટી પડતા ૧૫ જખમીઃ બેની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)



(અમય ખરાડે)

મુંબઈઃ બાન્દ્રામાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની ચાલનો અમુક હિસ્સો શુક્રવારે સવારે તૂટી પડતા કુલ ૧૫ લોકો જખમી થયા હતા. તેમાંથી બેની હાલત ગંભીર હોઈ તેમના પર પરેલમાં આવેલી કેઈએમ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તો ૧૨ લોકો પણ બાન્દ્રાની શતાબ્દી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

બાન્દ્રા(પૂર્વ)માં બીકેસીમાં ભારત નગરમાં નમાઝ કમિટી મસ્જિદ નજીક ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની ચાલ નંબર ૩૭નો બીજો અને ત્રીજો માળનો અમુક હિસ્સો વહેલી સવારના ૫.૫૬ વાગ્યાની આસપાસ અચાનક તૂટી પડ્યો હતો. વહેલી સવારનો સમય હોવાથી મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા. અનેક લોકો ચાલના કાટમાળ હેઠળ ફસાઈ ગયા હતા. તેમની બૂમો સાંભળીને આજુબાજુના લોકો મદદે દોડી આવ્યા હતા. તો ઘટના સ્થળે ફાયરબ્રિગેડ, પોલીસ અને ડિઝાસ્ટર કંટ્રોલની ટુકડી પહોંચી ગઈ હતી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. પ્રાથમિક સ્તરે મળેલી માહિતી મુજબ બિલ્ડિંગમાં સિલિન્ડરનો સ્ફોટ થયો હતો અને ત્યારબાદ બિલ્ડિંગનો અમુક હિસ્સો અચાનક તૂટી પડયો હતો.

આઠથી દસ લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડે લગભગ સાડા દસ વાગ્યા સુધીમાં તમામ લોકોને બહાર કાઢયા હતા અને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા, જેમાં ૬૫ વર્ષની રેહાના અંસારી અને ૬૮ વર્ષના મોહમ્મદ અંસારી ૫૦ ટકાથી વધુ દાઝી ગયા હોવાથી તેમની હાલત ગંભીર હોવાથી તેમને કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયારે બાકીના આઠ લોકો પર ભાભા હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તમામ લોકોની હાલત સ્થિર હોવાનું હૉસ્પિટલ પ્રશાસને જણાવ્યું હતું. ■

# ઈસ્લામપુર થશે હવે ઈશ્વરપુર

મુંબઈઃ સાંગલી જિલ્લાના ઇસ્લામપુરનું નામ બદલીને ઈશ્વરપુર કરવામાં આવશે એવી જાહેરાત શુક્રવારે મહારાષ્ટ્ર સરકારે ચોમાસુ સત્રના છેલ્લા દિવસે રાજ્ય વિધાનસભામાં કરી હતી. ગુરુવારે મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો અને રાજ્ય સરકાર કેબિનેટના નિર્ણયને મંજૂરી માટે કેન્દ્રને મોકલશે, એમ ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે વિધાનસભામાં જણાવ્યું હતું. હિંદુત્વ સંગઠન, શિવ પ્રતિષ્ઠાન, દ્વારા સાંગલી કલેક્ટરને ઇસ્લામપુરનું નામ બદલીને ઈશ્વરપુર કરવાની માંગણી કરતો મેમોરેન્ડમ મોકલવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે. ઇસ્લામપુરના શિવસેનાના એક નેતાએ જણાવ્યું હતું કે નામ બદલવાની માંગ ૧૯૮૬ થી કરવામાં આવી છે.■

# થાણે અને ભિવંડીમાં મંગળવારે પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ શહાડમાં વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં મીટર બદલવાનું કામ તથા પાઈપલાઈનમાં રહેલા ગળતરને બંધ કરવાનું મહત્ત્વનું કામ મહાવિતરણ કંપની મારફત કરવામાં આવવાનું છે. આ કામ ૨૪ કલાકનું શટડાઉન લઈને કરવામાં આવવાનું છે. તેથી થાણે મહાનગરપાલિકાને તથા ભિવંડીને મેસર્સ સ્ટેમ પ્રાધિકરણ તરફથી કરવામાં આવતો પાણી પુરવઠો મંગળવાર ૨૨ જુલાઈના સવારના નવ વાગ્યાથી બુધવાર ૨૩ જુલાઈના સવારના નવ વાગ્યા સુધી ૨૪ કલાક માટે બંધ રહેશે. ભિવંડી પાલિકાના વિસ્તારમાં તથા થાણે (જુઓ પાનું ૪) ▸▸


અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ. ૧૮૨૨ વર્ષ ૨૧૨



પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.


# બન્ને એનસીપીના એકીકરણ માટે ભાજપ સાથે વાત કરવી પડેઃ તટકરે

છત્રપતિ સંભાજીનગર/જાલનાઃ એનસીપીના સિનિયર નેતા સુનીલ તટકરેએ શુક્રવારે અહીં જણાવ્યું હતું કે જો હરીફ શરદ પવારના નેતૃત્વ હેઠળના જૂથ સાથે વિલીનીકરણની શક્યતાઓ ઊભી થાય તો રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ ભાજપની સાથે સલાહ-મસલત કરવી પડશે.

અત્યાર સુધી, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી અને હરીફ એનસીપી (એસપી)ના એકસાથે આવવાની શક્યતાઓ ખૂબ જ ઓછી છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

‘(એકીકરણ અંગે) કોઈ ચર્ચા ચાલી રહી નથી. પરંતુ અમે જાહેર ઠરાવ પસાર કર્યો છે કે અમે એનડીએ (જુઓ પાનું ૪) ▸▸

# દહીંહાંડીમાં ૧.૫ લાખ ગોવિંદાઓને વીમા કવચ

મુંબઈઃ જન્માષ્ટમી મહોત્સવ દરમિયાન દહીંહાંડીનું અનેરું મહત્ત્વ છે. હજારોની સંખ્યામાં ગોવિંદાઓ મટકી ફોડવા પિરામિડ રચે છે. આ ભવ્ય આયોજન જોવા વિદેશથી પણ લોકો આવે છે.

મહારાષ્ટ્રની સંસ્કૃતિમાં દહીંહાંડીની માનવ વધતી લોકપ્રિયતાને નજરમાં રાખીને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્ર રાજ્ય રમતગમત વિભાગને આ વર્ષે દહીંહાંડી ઉજવણીમાં ભાગ લેનારા ૧.૫ લાખ ગોવિંદાઓને વીમા કવચ પૂરું પાડવાનો નિર્દેશ આપ્યો છે, જે જન્માષ્ટમી સાથે સંકળાયેલા જોખમી માનવ પિરામિડ કાર્યક્રમમાં વિશેષ સલામતીનું પગલું બની રહેશે. કૃષ્ણ જન્મોત્સવનો આ તહેવાર આ વર્ષે ૧૬ ઓગસ્ટે આવે છે.

રાજ્યના સંસ્કૃતિ પ્રધાન આશિષ શેલાર સાથે દહીં હાંડી સમન્વય સમિતિના એક પ્રતિનિધિમંડળે ફડણવીસની મુલાકાત લીધી હતી અને વર્તમાન વીમા યોજનાના વિસ્તરણ માટે અપીલ કર્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ■




સ્મૃતિ મંધાનાએ ગઈ કાલે ૨૯મો જન્મદિન ઉજવ્યો હતો.

# ‘લૉર્ડ્સની લડાઈ’ ભારતીય પુરુષો ન જીતી શક્યા, પણ મહિલાઓને જીતવાનો સુવર્ણ મોકો

## ઈંગ્લૅન્ડ સામે આજે બપોરે ૩.૩૦ વાગ્યાથી બીજી વન-ડેઃ ગઈ કાલની બર્થ-ડે ગર્લ આજે સ્મૃતિ મૅચવિનર બનશે?

લંડનઃ ક્રિકેટના મક્કા તરીકે જગમશહૂર લૉર્ડ્સમાં સોમવારે ભારતની મેન્સ ટીમના ખેલાડીઓ (ખાસ કરીને રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ) યજમાન ઇંગ્લૅન્ડ સામે સિરીઝની ત્રીજી ટેસ્ટ ન જીતી શક્યા અને સિરીઝમાં ૧-૨થી પાછળ રહી ગયા, પરંતુ ભારતની મહિલા ટીમ વન-ડે શ્રેણીની પ્રથમ મૅચ જીતીને ૧-૦ની સરસાઈ સાથે લૉર્ડ્સમાં આવી છે અને આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડે છે. શ્રેણી ત્રણ જ મૅચની છે આ બીજી મૅચ પણ જીતીને હરમનપ્રીત કૌરની ટીમ ૨-૦થી સિરીઝનો વિજય મેળવી શકશે.

ભારતીય મહિલા ટીમે સાઉધમ્પ્ટનની પ્રથમ વન-ડે ચાર વિકેટે જીતી લીધી હતી. આ વર્ષે વન-ડેનો વર્લ્ડ કપ ભારતમાં રમાવાનો છે અને એ પહેલાં ભારતીય મહિલા ટીમ એક પછી એક વન-ડે જીતીને વિશ્વ કપ માટે બહુ સારી પૂર્વતૈયારી કરી રહી છે. ભારતીય ટીમ ૨૦૨૨થી માંડીને અત્યાર સુધીમાં ઇંગ્લૅન્ડની ધરતી પર સતત ચાર વન-ડે જીતી છે અને આજે પાંચમી જીતવાનો મોકો છે.

ભૂતપૂર્વ ક્રિકેટ અમોલ મુઝુમદાર ભારતની મહિલા ટીમનો કોચ છે અને તેના કોચિંગમાં હરમનપ્રીત ઍન્ડ કંપનીએ તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝ ૩-૨થી જીતી લીધી અને હવે વન-ડે શ્રેણીમાં પણ વિજય મેળવવાની તૈયારી થઈ રહી છે.

મુખ્ય ફાસ્ટ બોલર રેણુકા સિંહ ઠાકુર તથા પૂજા વસ્ત્રાકરની ગેરહાજરીમાં પણ ભારતીય ટીમ ઇંગ્લૅન્ડની મુશ્કેલ પિચો પર જીતી રહી છે એ મોટી સિદ્ધિ કહેવાય.

વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ ગઈ કાલે ૨૯મો જન્મદિન ઉજવ્યો હતો.

તે ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં સર્વોત્તમ રમી હતી. હવે આજે તેણે મૅચ-વિનિંગ પર્ફોર્મ કરીને આ બર્થ-ડેને યાદગાર બનાવવાનો જરૂર નિર્ધાર કર્યો હશે. ■

# મહિલા ક્રિકેટર પ્રતિકા રાવલ તો પુરુષ ખેલાડીઓથી પણ એક ડગલું આગળ વધી, બે બ્રિટિશ ખેલાડી સાથે ટકરાઈ



સાઉધમ્પ્ટનઃ મૅચ દરમ્યાન જો કોઈ ખેલાડી હરીફ પ્લેયર સાથે જાણી જોઈને ટકરાય કે તેની સાથે કે અમ્પાયર સાથે ગેરવર્તન કરે તો આઇસીસીની આચારસંહિતા મુજબ એ ખેલાડીને દંડ કરવામાં આવે છે અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ પણ લખવામાં આવે છે. આવી જ એક હરકત ભારતની મહિલા ખેલાડી પ્રતિકા રાવલે કરી એટલે તેની ૧૦ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી છે. સ્લો ઓવર-રેટ બદલ આઇસીસીએ ઇંગ્લૅન્ડની મહિલા ટીમને મૅચ ફીનાં પાંચ ટકાનો દંડ પણ કર્યો છે.

સામાન્ય રીતે પુરુષ ખેલાડીએ મેદાન પર હરીફ પ્લેયર સાથે ખભો ટકરાવ્યો હોય કે તેને ધક્કો માર્યો હોય એવા ઘણા કિસ્સા બની ગયા છે. તાજેતરમાં ઑસ્ટ્રેલિયાની ટૂરમાં વિરાટ કોહલીએ બૉક્સિંગ-ડે ટેસ્ટના પહેલા દિવસે યુવાન બૅટ્સમૅન સૅમ કૉન્સ્ટૅસ સાથે ખભો ટકરાવ્યો એને પગલે મૅચ રેફરીએ વિરાટની ૨૦ ટકા મૅચ ફી કાપી લીધી હતી. તાજેતરમાં લૉર્ડ્સની ટેસ્ટના ચોથા દિવસે મોહમ્મદ સિરાજે બ્રિટિશ બૅટ્સમૅન બેન ડકેટને આક્રમક અંદાજમાં સેન્ડ-ઑફ આપ્યું એવું કહીને તેમ જ સિરાજે તેની સાથે ખભો ટકરાવ્યો એ બદલ સિરાજની દંડ તરીકે ૧૫ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી હતી.

મહિલા ક્રિકેટમાં બુધવારે બન્યું એવું કે ભારતને ઇંગ્લૅન્ડ સામેની વન-ડે જિતાડવામાં ઓપનર તરીકે ૩૬ રનનું યોગદાન આપનાર ઓપનિંગ બૅટર પ્રતિકા રાવલ ભારતીય ઇનિંગ્સની ૧૮મી ઓવરમાં સિંગલ દોડતી વખતે બોલર લૉરેન ફિલર સાથે અથડાઈ હતી. પ્રતિકાએ પછીની ઓવરમાં બોલર સૉફી એકલ્સ્ટન સાથે પણ એવું વર્તન કર્યું હોવાનું જણાતાં મૅચ રેફરી સારા બાર્લેટે પ્રતિકાને ૧૦ ટકા મૅચ ફીનો દંડ કર્યો હતો.


પ્રતિકાની વિકેટ ૧૯મી ઓવરમાં એકલ્સ્ટને લીધી હતી. પ્રતિકા તેના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ હતી અને ડ્રેસિંગ રૂમ તરફ પાછા જતી વખતે પ્રતિકા તેની સાથે ટકરાઈ એવું જણાતાં તેને દંડ કરાયો હતો. ૨૪ મહિનાના સમયગાળામાં પ્રતિકાનું આ પહેલું જ અફેન્સ હતું અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ પણ લખવામાં આવ્યો છે.

દરમ્યાન ભારતની ઇનિંગ્સમાં નિર્ધારિત સમયમાં (છૂટછાટ માટે થોડો વધુ સમય અપાયા પછી પણ) બ્રિટિશ ટીમે એક ઓવર ઓછી બોલિંગ કરી એ બદલ તેમને પાંચ ટકા મૅચ ફીનો દંડ કરાયો હતો. પ્રતિકાએ પોતાની કસૂર કબૂલી અને બ્રિટિશ ટીમની સુકાની નૅટ સિવર-બ્રન્ટે પણ પોતાની ટીમ વતી સ્લો ઓવર-રેટની ભૂલ કબૂલ કરી લીધી એટલે તેમના માટે અલગથી સુનાવણી નહોતી રાખવામાં આવી.

પ્રતિકાએ વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના સાથે ૪૮ રનની અને હર્લીન દેઓલ સાથે ૪૬ રનની ભાગીદારી કરી હતી. ભારતે આ વન-ડે ચાર વિકેટે જીતીને સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી. હવે બીજી વન-ડે શનિવાર, ૧૯મી જુલાઈએ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) લૉર્ડ્સમાં રમાશે. ■

# બ્રાયન લારાની ચોંકાવનારી વાત, રિચર્ડ્સના રુઆબને લીધે પાંચ દિવસ બાથરૂમમાં વીતાવ્યા હતા!





પોર્ટ ઑફ સ્પેનઃ વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ કૅપ્ટન અને ક્રિકેટના સૌથી મોટા લેજન્ડ્સમાં ગણાતા બ્રાયન લારાએ તાજેતરમાં પોતાની ડેબ્યૂ ટેસ્ટને લગતો જે કિસ્સો સંભળાવ્યો એ ક્રિકેટના ચાહકોને ચોંકાવી દે એવો છે. ‘પ્રિન્સ ઑફ પોર્ટ ઑફ સ્પેન’ તરીકે ઓળખાતા લારાએ કહ્યું હતું કે જ્યારે તેણે પહેલી વાર સર વિવિયન રિચર્ડ્સ સાથે ટીમ શૅર કરી હતી ત્યારે તેની (લારાની) શરૂઆત ડ્રીમ સ્ટાર્ટ જેવું નહોતું. ઊલટાનું, લારા માટે એ આરંભ ડરામણો બની ગયો હતો.

લારા ૫૬ વર્ષનો છે. તે પહેલી ટેસ્ટ ડિસેમ્બર, ૧૯૯૦માં લાહોરમાં પાકિસ્તાન સામે રમ્યો હતો. એ ટેસ્ટના પ્રથમ દાવમાં તેણે ૪૪ રન કર્યા હતા અને અબ્દુલ કાદિરના બૉલમાં આમિર મલિકના હાથમાં કૅચઆઉટ થયો હતો. બીજા દાવમાં તે ફક્ત પાંચ રન કરીને ઇમરાન ખાનના બૉલમાં સલીમ મલિકના હાથમાં કૅચ આપી બેઠો હતો. જોકે લારાની કરીઅર શાનદાર હતી. તે ડિસેમ્બર, ૨૦૦૬માં (૧૬ વર્ષ બાદ) અંતિમ ટેસ્ટ પણ પાકિસ્તાનમાં પાકિસ્તાન સામે રમ્યો હતો. એ અંતિમ ટેસ્ટમાં તે કૅપ્ટન હતો અને પ્રથમ દાવના શૂન્ય બાદ બીજા દાવમાં તેણે ૪૯ રન કર્યા હતા. એ ટેસ્ટ પાકિસ્તાને જીતી લીધી હતી. લારાએ ૧૩૧ ટેસ્ટમાં ૩૪ સેન્ચુરીની મદદથી ૫૨.૮૮ની બૅટિંગ સરેરાશે કુલ ૧૧,૯૫૩ રન કર્યા હતા. અણનમ ૪૦૦ રન તેનો હાઇએસ્ટ સ્કોર છે જે વિશ્વવિક્રમ પણ છે.

લારા હોમટાઉન ટ્રિનિદાદના પોર્ટ ઑફ સ્પેનમાં પહેલી વાર છેક ૧૯૯૩માં (ડેબ્યૂના અઢી વર્ષ બાદ) ટેસ્ટ રમ્યો હતો. તેણે એક પૉડકાસ્ટ પર કહ્યું છે કે ‘મને પહેલી વાર જ્યારે ટ્રિનિદાદમાં ટેસ્ટ રમવા માટે વેસ્ટ ઇન્ડિઝની ટીમમાં સામેલ કરવામાં આવ્યો ત્યાર બાદ એક દિવસ હું સવારે ૮.૦૦ વાગ્યે પ્રૅક્ટિસ માટે મેદાન પર પહોંચી ગયો હતો.’ જોકે પત્રમાં ટીમ માટેનો રિપોર્ટિંગ ટાઇમ ૯.૦૦ વાગ્યાનો હતો. તમામ દિગ્ગજ ખેલાડીઓ જેમ કે વિવ રિચર્ડ્સ, ગોર્ડન ગ્રિનિજ, ડેસ્મંડ હેઇન્સ, માલ્કમ માર્શલ ડ્રેસિંગ રૂમમાં આવ્યા ત્યારે અગાઉથી જ મેદાન પર પહોંચી ગયેલા લારાને થયું કે આ બધા તેના માટે હીરો છે અને તેમની સાથે રમવાનો મોકો મળ્યો છે એટલે સામે ચાલીને તેમને મળવું જ રહ્યું. આવું વિચારીને લારા હિંમત ભેગી કરીને મેદાન પરથી ઉપર આવીને ડ્રેસિંગ રૂમની નજીક પહોંચ્યો ત્યારે તેણે જોયું કે તેની ક્રિકેટ-બૅગ ડ્રેસિંગ રૂમમાંથી ઉડતી બહાર આવી રહી હતી. રૂમની અંદરથી કોઈએ તેની એ બૅગ બહાર ફેંકી હતી. તેણે રૂમમાં જઈને જોયું તો તેનો બધો સામાન પણ વેરવિખેર હતો. લારાએ રૂમની બહાર જઈને બૅગ ઉપાડી લીધી અને ચુપચાપ અંદર જઈને બાથરૂમ પાસે જઈને બેસી ગયો.

લારાએ પૉડકાસ્ટમાં કહ્યું છે કે ‘મેં મારી બૅગ જ્યાં રાખી હતી એ જગ્યા વિવ રિચર્ડ્સની બૅગ માટેની હતી. રિચર્ડ્સ હંમેશાં એ જગ્યાએ પોતાની બૅગ રાખતા હતા. મેં તેમની જગ્યાએ મારી બૅગ રાખી હતી એ તેમને કદાચ નહોતું ગમ્યું. ત્યાર બાદ મેં મારી કરીઅરની એ શરૂઆતના અરસાના પાંચ દિવસ ડ્રેસિંગ રૂમના બાથરૂમમાં જ વીતાવ્યા હતા.’

ખુદ લારાના મોઢે આ વાત કોઈને પણ ચોંકાવી દે એવી છે. આના પરથી સાબિત થાય છે કે સામાન્ય રીતે ડ્રેસિંગ રૂમમાં નવા ખેલાડીઓ પર કેટલું બધુ દબાણ હતું. ખાસ કરીને ટીમમાં જો દિગ્ગજો ભર્યા હોય તો નવાસવા ખેલાડીએ ખૂબ સાવચેતીભર્યું વર્તન કરવું પડે. નહીં તો આવી બને.

લારાએ પૉડકાસ્ટમાં નાનપણનો વધુ એક કિસ્સો સંભળાવ્યો હતો. જોકે એ કિસ્સો આનંદ અપાવનારો હતો. લારાએ કહ્યું કે ‘૧૯૭૫માં વેસ્ટ ઇન્ડિઝની ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ હતી ત્યારે અમે આખી રાત જાગીને રેડિયો કૉમેન્ટરી સાંભળતા હતા. અમારા ઘરમાં ત્રણ બેડરૂમ હતા. પિતા મને અને મારા ભાઈને પ્રથમ સત્રની કૉમેન્ટરી સાંભળવાની જ છૂટ આપતા હતા. ત્યાર પછી અમારે સૂઈ જવું પડતું હતું, કારણકે વહેલી સવારે અમારે સ્કૂલે જવાનું હતું.’ ■

# જાડેજા, નીતીશ, બુમરાહ અને સિરાજે ૧૪૮ વર્ષની ટેસ્ટ-ક્રિકેટને નવો વિશ્વવિક્રમ આપ્યો

## છેલ્લી ત્રણ વિકેટ સાથે સંકળાયેલા ચાર બૅટ્સમેન કુલ ૩૦૦ બૉલ રમ્યા એવું પહેલી જ વાર બન્યું




લંડનઃ લૉર્ડ્સમાં ભારતનો ઇંગ્લૅન્ડ સામે સિરીઝની ત્રીજી ટેસ્ટમાં પરાજય થયો, પરંતુ એમાં ભારતીય ખેલાડીઓએ કેટલાક વિક્રમો પોતાના નામે કર્યા હતા જેમાં ખાસ કરીને

એક રેકૉર્ડ એવો છે જે ઘણાના ધ્યાન બહાર રહી ગયો છે. ભારતના નીચલા ક્રમના ચાર બૅટ્સમેન (રવીન્દ્ર જાડેજા, નીતીશ રેડ્ડી, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ)એ ભેગા થઈને આ વિક્રમ પોતાના સહિયારા નામે કર્યો હતો.

વાત એવી છે કે કોઈ ટેસ્ટના ચોથા દાવમાં છેલ્લી ત્રણ વિકેટ માટે બૅટ્સમેનોએ કુલ ૩૦૦ બૉલનો સામનો કર્યો હોય એવું ૧૪૮ વર્ષના ટેસ્ટ-ઇતિહાસમાં પહેલી જ વખત બન્યું છે. જાડેજા સોમવારે ભારતની ટીમ માટે તારણહાર બની રહ્યો હતો, પણ તેને બીજા ત્રણ બૅટ્સમેનનો સારો એવો સાથ મળવા છતાં છેવટે ભારતે પરાજય જોવો પડ્યો હતો.

જોકે આ વર્લ્ડ રેકૉર્ડ પરથી સાબિત થાય છે કે ભારતના નીચલા ક્રમના બૅટ્સમેનોએ નેટમાં પ્રૅક્ટિસ કરીને બૅટિંગ ઘણી સુધારી લીધી છે, તેઓ હવે પૂંછડિયા તરીકે ખૂબ ધીરજ અને સમજદારીથી રમે છે.

જાડેજાની આઠમી વિકેટ માટે નીતીશ રેડ્ડી સાથે ૯૧ બૉલમાં ૩૦ રનની, નવમી વિકેટ માટે બુમરાહ સાથે ૧૩૨ બૉલમાં ૩૫ રનની અને દસમી વિકેટ માટે સિરાજ સાથે ૮૦ બૉલમાં ૨૩ રનની ભાગીદારી થઈ હતી. ખુદ જાડેજા ૨૬૬ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૮૧ બૉલમાં બનાવેલા ૬૧ રને અણનમ રહ્યો હતો. નીતીશે ૫૩ બૉલમાં ૧૩ રન, બુમરાહે ૫૪ બૉલમાં પાંચ રન અને સિરાજે ૩૦ બૉલમાં પાંચ રન કર્યા હતા.

જાડેજા તેમ જ નીતીશ, બુમરાહ અને સિરાજના સમાવેશ સાથે ભારતની છેલ્લી ત્રણ વિકેટમાં કુલ ૮૮ રન બન્યા હતા. આ ૮૮ રન ૩૦૧ બૉલમાં બન્યા હતા અને એ સાથે જાડેજા, નીતીશ, બુમરાહ, સિરાજે ઇંગ્લૅન્ડનો ૨૦૧૫ની સાલનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો હતો. ૧૦ વર્ષ પહેલાં દુબઈમાં પાકિસ્તાન સામેની ટેસ્ટમાં ઇંગ્લૅન્ડની છેલ્લી ત્રણ વિકેટમાં ૧૧૯ રન બન્યા હતા. એ ૧૧૯ રન ૨૯૪ બૉલમાં બન્યા હતા. ઇંગ્લૅન્ડ વતી એ કુલ ૨૯૪ બૉલ રમનારાઓમાં આદિલ રાશીદ, સ્ટુઅર્ટ બ્રૉડ, માર્ક વૂડ અને જેમ્સ ઍન્ડરસનનો સમાવેશ હતો. ■

# રવિ શાસ્ત્રી સાથે જોવા મળી શાહી પરિવારની મૉડલ, જાણો કોણ છે એ મિસ્ટ્રી ગર્લ!

લંડનઃ તાજેતરમાં પૂરી થયેલી વિમ્બલ્ડન ટેનિસ ચૅમ્પિયનશિપ દરમ્યાન ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન રવિ શાસ્ત્રી સાથે એક દિવસ એક મિસ્ટ્રી ગર્લ જોવા મળી હતી. એ મહિલા બ્રિટનના શાહી પરિવાર સાથે સંબંધિત છે અને તેનું નામ ઇસાબેલા હાર્વી છે. વિમ્બલ્ડનનું સમાપન થઈ ગયું છે. મહિલાઓમાં ઇગા સ્વૉન્ટેક અને પુરુષોમાં યાનિક સિનર પહેલી જ વાર આ સૌથી લોકપ્રિય ટેનિસ ચૅમ્પિયનશિપ જીત્યા છે. આ ચૅમ્પિયનશિપ જોવા દુનિયાભરમાંથી જાણીતી હસ્તીઓ આવી હતી અને એમાં ભારતીયોમાંથી વિરાટ કોહલી, અનુષ્કા શર્મા, સચિન તેન્ડુલકર, તેની પુત્રી સારા તેમ જ અભિનેત્રી પ્રિયંકા ચોપડાનો પણ સમાવેશ હતો.

ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની વર્તમાન સિરીઝ માટેના કૉમેન્ટેટર રવિ શાસ્ત્રી પણ દર વર્ષની માફક આ વખતે પણ વિમ્બલ્ડન જોવા આવ્યા હતા અને ત્યારે એક તબક્કે તેમની સાથે ઇસાબેલ હાર્વી હતી. ઇસાબેલે પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શાસ્ત્રી સાથેનો ફોટો શૅર કર્યો એ સાથે લોકોને આ મહિલા વિશે જાણવાની તાલાવેલી થઈ હતી.

ઇસાબેલ હાર્વી બ્રિટનના શાહી પરિવારની મહિલા છે. તે હાર્વી બ્રિસ્ટલના છઠ્ઠા માર્કવેસની નાની દીકરી છે. તેની બહેન લૅડી વિક્ટોરિયા હાર્વી પણ મશહૂર મૉડલ છે.


લૅડી ઇસાબેલ ૪૮ વર્ષની છે. તે લક્ઝરી જીવન છોડીને પોર્ટુગલમાં સાદગીભર્યું જીવન જીવે છે. લૅડી વિક્ટોરિયાને એક સમયે પાર્ટી ગર્લ તરીકે લોકો ઓળખતા હતા. તેના અનેક અફેર હતા જેમાં તેના બૉયફ્રેન્ડમાં ખાસ કરીને ફૂટબોલર જ્યોર્જ બેસ્ટના પુત્ર કાલમ બેસ્ટ અને એફ-વન રેસર ડેવિડ કુલ્થર્ડનો સમાવેશ હતો. ■

# ઈંગ્લૅન્ડના મહાન ક્રિકેટર ડબ્લ્યૂ. જી. ગ્રેસ, જ્યારે ડ્રેસિંગ રૂમમાંથી ઑસ્ટ્રેલિયન ખેલાડીનું ‘અપહરણ’ કરી ગયા હતા

## મહાન બ્રિટિશ ઑલરાઉન્ડરની ગઈ કાલે ૧૭૭મી જન્મજયંતી હતીઃ તેમણે ૫૪,૦૦૦થી વધુ રન કર્યા હતા અને ૨,૮૦૦થી વધુ વિકેટ લીધી હતી

લંડનઃ ઇંગ્લૅન્ડના મહાન ઑલરાઉન્ડર અને ક્રિકેટ જગતના ગ્રેટેસ્ટ પ્લેયર્સમાં ગણાતા ડબ્લ્યૂ. જી. ગ્રેસ (વિલિયમ ગિલ્બર્ટ ગ્રેસ)ની ગઈ કાલે (શુક્રવાર, ૧૮મી જુલાઈએ) ૧૭૭મી જન્મજયંતી હતી એ નિમિત્તે તેમની કારકિર્દીને લગતા જાદુઈ આંકડા પર નજર કરવાની સાથે એક એવો કિસ્સો જાણીશું જે ક્રિકેટના દોઢ સૈકાથી વધુ સમયના ઇતિહાસમાં ક્યારેય નહીં બન્યો હોય. ડબ્લ્યૂ. જી. ગ્રેસ એક વખત લૉર્ડ્સના ડ્રેસિંગ રૂમમાંથી બિલી મિડવિન્ટર નામના ખેલાડીનું ‘અપહરણ’ કરી ગયા હતા. અહીં ‘અપહરણ’નો અર્થ એ થાય છે કે ડબ્લ્યૂ. જી. ગ્રેસ ત્યારે બિલીને પોતાની સાથે રમવા માટે જબરદસ્તીથી લઈ ગયા હતા.

સૌથી પહેલાં આપણે ડબ્લ્યૂ. જી. ગ્રેસની કરીઅરના મૅજિક ફિગર્સ પર નજર કરી લઈએઃ ૧૮૪૮ની ૧૮મી જુલાઈએ ઇંગ્લૅન્ડના બ્રિસ્ટોલમાં જન્મેલા ગ્રેસ સાથી ખેલાડીઓ અને ચાહકોમાં ડબ્લ્યૂ.જી. તેમ જ ધ ડૉક્ટર તરીકે જાણીતા હતા. તેઓ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન અને રાઇટ-આર્મ પેસ બોલર હતા. ૫૦ વર્ષની ઉંમરે ઇંગ્લૅન્ડની ટેસ્ટ ટીમનું સુકાન સંભાળનાર અને ટેસ્ટ જગતના ઑલ્ડેસ્ટ કૅપ્ટન ડબ્લ્યૂ. જી. ગ્રેસે ૧૮૮૦માં ૩૨ વર્ષની ઉંમરે ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. તેઓ ૧૮૮૦થી ૧૮૯૯ સુધીમાં બાવીસ ટેસ્ટ રમ્યા હતા જેમાં તેમણે બે સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરીની મદદથી ૧,૦૯૮ રન કરવા ઉપરાંત નવ વિકેટ પણ લીધી હતી અને ૩૯ કૅચ ઝીલ્યા હતા. જોકે તેમની કરીઅરના ખરા આંકડા ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટના છે. તેમણે ૧૮૬૫થી ૧૯૦૮ સુધીની ૪૩ વર્ષની પ્રથમ કક્ષાની કારકિર્દીમાં ૮૭૦ મૅચમાં કુલ ૧૨૪ સેન્ચુરી તથા ૨૫૧ હાફ સેન્ચુરીની મદદથી ૫૪,૨૧૧ રન કર્યા હતા જેમાં ૩૪૪ રન તેમનો હાઇએસ્ટ સ્કોર હતો. તેમણે એ ૮૭૦ મૅચમાં ૮૭૬ કૅચ ઝીલ્યા હતા. તેમણે એ ૮૭૦ મૅચમાં કુલ ૨,૮૦૯ વિકેટ



લીધી હતી. તેમણે ૬૪ મૅચમાં ૧૦ કે વધુ વિકેટ લીધી હતી. ૨૪૦ દાવમાં તેમણે પાંચ કે વધુ વિકેટ મેળવી હતી.

બિલી મિડવિન્ટર નામના ઑલરાઉન્ડર ઑસ્ટ્રેલિયા તેમ જ ઇંગ્લૅન્ડ વતી ટેસ્ટ રમ્યા હતા. તેઓ ઇંગ્લૅન્ડની ગ્લુસેસ્ટરશર કાઉન્ટી ક્લબની ટીમ વતી પણ રમ્યા હતા. તેમનો જન્મ ૧૮૫૧માં ગ્લુસેસ્ટરશર કાઉન્ટીમાં થયો હતો અને થોડાં વર્ષો બાદ તેઓ ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થયા હતા અને તેમને ઑસ્ટ્રેલિયા ઉપરાંત ગ્લુસેસ્ટરશર કાઉન્ટી વતી પણ રમવાનો અધિકાર હતો.

બન્યું એવું કે ૧૮૭૮માં એક વખત તેઓ (બિલી) ઑસ્ટ્રેલિયા વતી લંડનમાં લૉર્ડ્સની મૅચમાં રમવું કે લંડનના જ ઓવલમાં ગ્લુસેસ્ટરશર વતી રમવું એ વિશે મૂંઝવણમાં હતા. ઑસ્ટ્રેલિયન ટીમ લૉર્ડ્સમાં મિડલસેક્સ કાઉન્ટી સામે જે પ્રૅક્ટિસ મૅચ રમવાની હતી એમાં ભાગ લેવાનું બિલીએ નક્કી કર્યું હતું. જોકે ડબ્લ્યૂ. જી. ગ્રેસ ઇચ્છતા હતા કે તેઓ ગ્લુસેસ્ટરશરની મૅચમાં રમે. ડબ્લ્યૂ. જી. ગ્રેસને ખબર પડી કે બિલી ઑસ્ટ્રેલિયા વતી લૉર્ડ્સમાં રમવાના છે ત્યારે તેઓ લૉર્ડ્સના સ્ટેડિયમમાં દોડી ગયા હતા અને ત્યાંના ડ્રેસિંગ રૂમમાંથી જબરદસ્તીથી બિલીને પોતાની સાથે ઓવલ લઈ ગયા હતા. ઑસ્ટ્રેલિયાની પ્લેઇંગ-ઇલેવન ટીમ પ્લેઇંગ-ટેન થઈ ગઈ હતી.






### ભારતના જુનિયર ક્રિકેટરોની લૉર્ડસમાં સફર

ભારતના અન્ડર-૧૯ ટીમના ખેલાડીઓ હાલમાં ઈંગ્લૅન્ડના પ્રવાસે છે અને તેઓ ગુરુવારે ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડસના સ્ટેડિયમમાં ગયા હતા. સોમવારે આ ઐતિહાસિક ગ્રાઉન્ડ પર ભારતની મેન્સ ટીમ ટેસ્ટ મૅચ હારી ગઈ, પણ હવે આજે આ જ સ્થળે ભારતની મહિલા ટીમની ઈંગ્લૅન્ડની મહિલા ટીમ સામે સિરીઝની બીજી વન-ડે રમાશે. આ અન્ડર-૧૯ ટીમે ટેસ્ટ શ્રેણીમાં ઈંગ્લૅન્ડની અન્ડર-૧૯ ટીમને ૩-૨થી હરાવ્યું છે અને સિરીઝની પહેલી ટેસ્ટ ડ્રૉ કરાવી છે.

# બીસીસીઆઇની એક વર્ષમાં ૯,૭૪૧.૭ કરોડ રૂપિયાની કમાણી

મુંબઈઃ ક્રિકેટના સૌથી શ્રીમંત ભારતીય ક્રિકેટ બોર્ડે ૨૦૨૩-’૨૪ના નાણાકીય વર્ષમાં ૯,૭૪૧.૭ કરોડ રૂપિયાની કમાણી કરી જેમાં ૫૯ ટકા (૫,૭૬૧ કરોડ રૂપિયા)ની આવક આઇપીએલના આયોજનથી થઈ હતી. બોર્ડને ૩૬૧ કરોડ રૂપિયાની કમાણી આઇપીએલ-સિવાયની સિરીઝોના મીડિયા રાઇટ્સ મારફત થઈ હતી. બીસીસીઆઇ પાસે ૩૦,૦૦૦ કરોડ રૂપિયા રિઝર્વમાં છે જેના વ્યાજના દર વર્ષે ૧,૦૦૦ રૂપિયા બોર્ડની તિજોરીમાં આવે છે. ■


# વીક એન્ડ






ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ઈમોજી : લયબદ્ધ લાગણીનાં કેવાં સચોટ છે આ મસ્તીખોર સિમ્બોલજી...!




**હમણાં ૧૭ જુલાઈના દિવસે જગતભરના કરોડો લોકોએ એમનો દેશ એમની ભાષા ભૂલીને ‘વિશ્વ ઈમોજી દિવસ’ હોંશે હોંશે ઊજવ્યો. સંદેશાની ભાષાને સચોટ બનાવતાં હસતાં-રમતાં-ગાતાં-રડતાં આ પ્રતીકોના શું છે લેટેસ્ટ ખબર-અંતર એ આવો, આપણે હળવાશથી એને જાણી લઈએ.**

એનાં પર નજર પડતા જ તમારા હોઠ પર એક સ્મિત રમી જાય.. ચહેરો મરક મરક થઈ જાય સામેવાળી વ્યક્તિ શું કહેવા ઈચ્છે છે એ પળવારમાં તમારા સુધી પહોંચી જાય એવી સુપર સોનિક સ્પીડ ધરાવતાં એ ચિત્રાત્મક પ્રતીક છે ‘ઈમોજી’! જે વાત વ્યક્ત કરતાં આપણને શબ્દો સૂઝે નહીં અથવા તો ઢગલાબંધ શબ્દપ્રયોગ કરવા પડે એ જ વાત- એ જ લાગણી આ ઈમોજી સરળતાથી- સચોટતાથી પેશ કરી શકે છે. એક થમ્બસ અપ- ધબકતું હાર્ટ કે પછી મૂંઝાયેલો પ્રશ્નાર્થ રૂપ ચહેરો કેટલાં બધા શબ્દોનો નિરર્થક વ્યય બચાવે છે. ઈમોજીનાં આવાં પ્રતીક ઈમોજીના આગમન પછી આપણી મેસેજ - સંદેશા લેવા-દેવાની ભાષામાં જાણે ક્રાન્તિકારી ફેરાફાર આવી ગયા છે. સોશિયલ મીડિયાની નેટવર્કિંગ સાઈટ્સ અને ખાસ કરીને ‘વોટ્સ ઍપ’ જેવી ઈન્સ્ટંટ મેસેજિંગ તેમજ ચેટ ઍપ-સર્વિસને કારણે ઈમોજીનો જબરજસ્ત ઉપયોગ વધી જતાં એની લોકપ્રિયતા પણ પ્રચંડ વધી છે. છેલ્લાંમાં છેલ્લાં આ વર્ષ-૨૦૨૫ના



આંકડા ટાંકીએ તો વિશ્વભરમાં રોજના ૬ અબજ ઈમોજીનું આદાનપ્રદાન થાય છે..! જી,હા... આ ૬અબજમાં ‘ફેસબુક’ અને ‘X’ (અગાઉ ‘ટ્વિટર’) અને અન્ય ઓનલાઈન સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ પર સૌથી વધુ વપરાતાં ઈમોજીમાં એક છેઃ હસતાં હસતાં રડતો અને બીજો છે : હાર્ટ સાથેનો ઈમોજી. હાર્ટ -હૃદયવાળો ઈમોજી ‘ઈન્સ્ટાગ્રામ’ પર સૌથી વધુ પોપ્યુલર છે

***આ ઈમોજી પ્રગટ્યાં ક્યાં અને ક્યારે?***

વેલ, આવાં મોજીલાં ઈમોજીના ફ્લેશબેકમાં પણ થોડી લટાર મારીને એ પણ જાણી લઈએ...

હકીકતમાં આ ચિત્રાત્મક સંજ્ઞા-પ્રતીક ઈમોજીનો ઉદ્ભવ સૌથી પહેલા જપાનમાં થયો ૧૯૯૯માં. ‘ઈમોજી’ શબ્દ મૂળ જપાની છે. e એટલે પિક્ચર-ચિત્ર અને moji એટલે કેરેક્ટર-પાત્ર. મૂળ તો એક જપાની મોબાઈલ કંપની ‘ડોકોમો’ના આર્ટિસ્ટ શિગેતાકા કુરિતાએ ૧૭૬ જેટલાં ચહેરાનાં ચિત્રો બનાવ્યાં, જેમાં માનવીય વેદના-સંવેદના જેવાં મનોભાવ ઉમેરાયાં એટલે એ બન્યાં ઈમોજી.


જેમ જગતભરની વિવિધ ભાષાના નવા નવા શબ્દો દર વર્ષે ‘ઓક્સફર્ડ ઈંગ્લિશ ડિક્ષનેરી’માં પ્રવેશે છે એ જ રીતે, નવા ઈમોજી પણ વપરાશમાં ઉમેરાય છે. બે વર્ષ પહેલાં -૨૦૨૩ સુધીમાં કુલ ઈમોજીની સંખ્યા પહોંચી હતી ૩૬૩૩, જે આજે ૨૦૨૫ના આ પ્રથમ ૭ મહિના સુધીમાં નવાં ઈમોજી સાથે એ સંખ્યા પહોંચી છે ૩૭૯૦ સુધી !

બીજી તરફ, જેમ શબ્દકોશમાં નવા શબ્દો ઉમેરાતા જાય તેમ અમુક જૂનાં શબ્દોનો વપરાશ ઘટતો જાય અને લગભગ મૃતપ્રાયઃ બની જાય એવું જ ઈમોજીનું છે. પાંચ વર્ષ અગાઉ જે પોપ્યુલર હતાં એ આજે લગભગ ઝડપથી ભૂલાઈ રહ્યા છે...

આમાં બદલાતી પેઢીની પણ પસંદગી કામ કરતી હોય છે, જેમકે ૧૯૮૧ થી ૧૯૯૬ વચ્ચે જન્મેલા ‘મિલ્લેનિઅલ્સ ’ પેઢીના ગણાય છે. (‘જનરેશન Y ’ ) એમની પછી ૧૯૯૭થી જન્મેલા આજે ‘જનરેશન ઝેડ’ કહેવાય છે એટલે આ પેઢીએ અગાઉ લોકપ્રિય ગણાતાં કેટલાંક Y પેઢીના ઈમોજીને નાતબહાર પણ મૂકી દીધાં છે. ઉદાહરણ તરીકે, ખડખડાટ હસતો અને સાથોસાથ બન્ને આંખથી અશ્રુ ટપકાવતા ઈમોજીને આજની ‘જનરેશન ઝેડ’ ખાસ વાપરતી નથી. એમને આ ઈમોજી સાવ સિલી મૂર્ખ અને મંદબુદ્ધિ લાગે છે..! મજાની વાત કહો કે વિધિની વક્રતા કહો, આ જ ઈમોજી આજે સૌથી વધુ લોકપ્રિય છે!



જો કે, આ બધા વચ્ચે એક ઈમોજી સમાચારમાં બહુ ચમક્યો હતો. એ હતો ઈમોજીનો પીગળતો ચહેરો. આ ‘મેલ્ટિંગ ફેસ ઓફ ઈમોજી’. આ ઈમોજી ફેસના સર્જક છે ‘ગૂગલ’ સાથે સંકળાયેલાં જેનિફર ડેનિયલ અને ‘નેધર્લેન્ડ યુનિવર્સિટી’ના નીલ કોહન. પોતે સર્જેલાં પીગળતા ઈમોજીનું પૃથક્કરણ કરતાં એ બન્ને એક્સપર્ટ કહે છે કે છેલ્લાં ચાર પાંચ વર્ષમાં જગતે કોરોનાની જે મહામારી ભોગવી એની




રણબીર કપૂર- રશ્મિકા મંદાના ‘ફિંગર હાર્ટ’ ઈમોજી સાથે ...

વ્યથાનો સાક્ષી છે આ ‘પીગળતા ફેસવાળો’ ઈમોજી. એના ચહેરા પર ઈમોજીમાં જોવાં મળે એવું અર્થસભર હાસ્ય સાથે ગ્લાનિ પણ છે. માત્ર કોવિડ જ નહીં, આ ‘મેલ્ટિંગ ફેસ’ અત્યારે પ્રદૂષણને લીધે પલટાતી ઋતુએ જે દુર્દશા કરી છે એનો પણ યથાર્થ ચિતાર આપે છે

મનોરંજનના જગતમાં હમણાં કોરિયન ફિલ્મો- વેબ શો અને ત્યાંના BTS બેન્ડ ગાયકોનાં પોપ સોંગ્સ બહુ ઝડપથી લોકપ્રિય બની રહ્યાં છે. BTSના શ્રોતા- ચાહકો BTS માટે પર્પલ કલર હાર્ટ - જાંબલી રંગનું ઈમોજી વાપરે છે...

આ K ફેકટરને લીધે ત્યાંથી ઉદભવેલું ‘ફિંગર હાર્ટ’ ઈમોજી પણ વિખ્યાત થતું જાય છે. ‘ફિંગર હાર્ટ’ ઈમોજી દક્ષિણની ફેમસ હીરોઈન રશ્મિકા મંદાના જાહેરમાં - ખાસ કરીને એરપોર્ટ અને પ્રોગ્રામ્સમાં પોતાના ચાહકો સમક્ષ બહુ વાપરે છે. એની લોકપ્રિયતા જોઈને હવે આપણી બોલિવૂડની અભિનેત્રીઓ પણ આ ઈમોજી વાપરતી થઈ ગઈ છે.!

આમ આવાં મસ્ત મસ્ત મસ્તીખોર ઈમોજીનો વિસ્તાર વધતો જાય છે. બધા જ પ્રકારની માહિતીનો સંગ્રહ માટે જેમ ‘એન્સાઈક્લોપિડિયા’ -જ્ઞાનકોશ હોય તેમ ઈમોજીની લોકપ્રિયતા જોઈને વિશ્વધોરણે ડિજિટલ ‘ઈમોજીપિડિયા’ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં જગતભરના ઈમોજીના ખબર-અંતર હોય છે. આ ‘ઈમોજીપિડિયા’ સોશિયલ મીડિયાનો વ્યાપક સર્વે કરીને દર વર્ષે ‘વર્લ્ડ ઈમોજી અવોર્ડસ’ પણ એનાયત કરે છે.

બાય ધ વે, ‘મોટાભાગના ઈમોજીના ચહેરા પુરુષના જ કેમ છે?’ એવો ગણગણાટ શરૂ થયા પછી આ સ્ત્રી-પુરુષનો ભેદભાવ દૂર કરવા અને ઈમોજીમાંય હવે સ્ત્રીસશક્તીકરણ લાવવા ‘ગૂગલ’ વધુ ને વધુ સ્ત્રીલક્ષી ઈમોજી તૈયાર કરી રહ્યું છે ! ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com



# કેલિકો કેટ ને ટોક્યોનાં નાટકીય થ્રીડી બિલબોર્ડ્સ...






સેન્સરી ઓવરલોડ કોને કહેવાય તેનો ખરો અનુભવ કરવા માટે જાપાનમાં રાત્રે કોઈ ધમધમતા વિસ્તારમાં આંટો મારવો પડે. આમ તો આપણે ભારતીયો પણ કંઈ વધુપડતા રંગો, અવાજો, ભીડથી અજાણ નથી, પણ ભારતની ભીડ ઓર્ગેનિક છે. ટોક્યોની ભીડ તે દેશના ક્રેઝી ટેસ્ટથી આર્ટિફિશિયલી બનાવવામાં આવી છે. ક્યુટ જાપાનીઝ એનિમેશનથી આજે તો આખી દુનિયા પ્રભાવિત છે જ, પણ જાપાનીઝ ડિજિટલ કલાકારો માત્ર પોતાની ખુશી માટે જ અનોખી કોન્સેપ્ટ આર્ટ બનાવ્યા કરે છે. તેનો એકદમ ઇમર્સિવ અનુભવ અમે ટીમ લેબ્સના એક્ઝિબિશનમાં કરી ચૂક્યાં હતાં, અને કદાચ તેનું જ આખું ભવ્ય સ્વરૂપ શિન્જૂકુ અને શિબૂયા જેવા વિસ્તારોનાં કલાત્મક બિલબોર્ડ પર જોવા મળે છે.

રોડની ભારે ભીડ ચીરીને અમે શિન્જૂકુના એ ખ્યાતનામ ચાર રસ્તે, શિન્જૂકુ સ્ટેશનના ઇસ્ટ એન્ડ પર પહોંચ્યાં ત્યારે તે સાચી જગ્યા જ હતી તે કન્ફર્મ




કરવામાં પણ વાર ન લાગી. અમારે માત્ર ભીડ કઈ તરફ કેમેરા તાકીને ઊભી હતી તે જ જોવાનું હતું. ત્યાં શિન્જૂકુની અત્યંત લોકપ્રિય કેલિકો કેટ ગોઠવાયેલી છે. આ બિલાડી ચાર રસ્તે એવી રીતે મૂકવામાં આવી છે કે તેનો બેસ્ટ વ્યુ ક્રોસમાં આવેલા ચોકથી આવે છે. અને લોકોની અવરજવર ભલે ચાલુ હોય, ત્યાંથી પસાર થનારને ગમે તે હાલમાં હોય, તેમને ફોટા પાડનારાં લોકોને તારવવા જ રહ્યાં. મજાની વાત એ છે કે આ કેટ કંઈ માત્ર એક જ પોઝિશનમાં નથી રહેતી. તે દર થોડી થોડી પળે કોઈ ને કોઈ નવાં નાટક કરતી રહે છે. ક્યારેક લેમ્પથી રમે, બારીમાંથી ડોકું કાઢે, સ્ટેશનરી ઢોળે, પાઇપથી ઊતર-ચઢ કરે, એક પળમાં તે બિલાડીને જાણે તમે વર્ષોથી ઓળખતા હોવ તેવી પોતાની લાગવા માંડે. અને છતાંય તેનામાં બિલાડીઓનું એટિટ્યુડ તો ભરપૂર હતું જ.

જાપાનીઝ કલ્ચરમાં આમ પણ બિલાડીઓનું કંઈ અલગ જ મહત્ત્વ છે. જાપાનના હાલના કદાચ સૌથી લોકપ્રિય સાહિત્યકાર હારુકી મુરાકામીની વાર્તાઓમાં માનવ પાત્રો કરતાં બિલાડીઓને વધુ પડતું મહત્ત્વ આપવામાં આવે છે. મુરાકામીને બાકીની દુનિયાના પ્રમાણમાં કેટ્સ બહુ ગમતી હોય તેવું લાગે. મુરાકામીની વાર્તા ‘કાફકા ઓન ધ શોર’માં મુખ્ય પાત્રને બિલાડીઓની ભાષા બોલવાની અને તેમને સમજવાની શક્તિ




મળી જાય છે. ‘આઇ ક્યુ એટીફોર’ના એક હિસ્સામાં તો એક આખું ગામ જ માત્ર બિલાડીઓનું છે. ‘ધ વિન્ડ-અપ ક્રોનિકલ્સ’ની વાર્તા એક ખોવાયેલી બિલાડીની આસપાસ આકાર લે છે. મુરાકામીને કેટ્સ ગમે તેટલી વહાલી હોય પણ જાપાનીઝ લોકોના બિલાડી-પ્રેમની સામે તો મુરાકામીનો બિલાડી-પ્રેમ સાવ નોર્મલ લાગે. જોકે જાપાનીઝ કલ્ચર અને સાહિત્યમાં, ત્યાંનાં બિલબોર્ડ્સ પર જે સંખ્યામાં બિલાડીઓ દેખાય છે, તેટલી ક્યાંય રસ્તામાં દેખાઈ ન હતી. તેના પ્રમાણમાં તો બાલ્કન દેશોમાં વધારે બિલાડીઓ છે. ક્રોએશિયા અને સાયપ્રસમાં જ્યાં પણ જાઓ ત્યાં બિલાડી જાણે સાથે આવતી હોય તેવું લાગતું હતું.

આ કેટનો વીડિયો લઈએ, તેના ફોટા પાડીએ, તેની સાથે ફોટા પાડીએ, લોકો તેના ફોટા પાડતા હોય એવા ફોટા પાડીએ, જે પણ કરો ત્યાં એ દૃશ્ય દુનિયામાં બીજે ક્યાંય જોવા ન મળે તે અનુભૂતિ સ્વીકાર્યે જ છૂટકો. બિલબોર્ડ્સ તો ઘણાં શહેરોમાં હોય છે, પણ જાપાનને તેનાં બિલબોર્ડ્સ ગમતાં હોય તેવું લાગે છે. આ બોર્ડ એ પ્રકારના કર્વવાળાં એલઈડી પર બનાવવામાં આવ્યું છે કે તે બિલાડી ખરેખર બિલ્ડિંગમાંથી ઝાંકી રહી હોય અને એ કદમાં પણ સાચી હોય તેવું લાગતું હતું. આ બિલાડી સવારના સાત વાગ્યાથી રાતના એક વાગ્યા સુધી એક્ટિવ હોય છે. જાપાનીઝ લોકો આ કેલિકો કેટ્સને અત્યંત લકી માને છે. આ કાબરચીતરી બિલાડી કાપડ જેવી લાગતી હોવાથી તેનું નામ કેલિકો પડ્યું છે. કેલિકો મિલના શહેર અમદાવાદમાં ઊછરેલા માણસને એટલી જિજ્ઞાસા તો જરૂર થાય કે આ નામ આવ્યું ક્યાંથી.

ટોક્યોમાં હજી બીજાં ઘણાં બિલબોર્ડ ચર્ચામાં રહે છે. બધાં બિલાડીનાં નથી. કેટલાંક પાન્ડા, પક્ષીઓ, કૂતરાંઓ, દરેક પ્રકારનાં પ્રાણીઓને કવર કરી લેવામાં આવતાં હોય તેવું લાગતું હતું. સાથે ગોડઝિલા જેવાં દંતકથાનાં પ્રાણીઓ પણ આવી જાય. જોકે ગોડઝિલાનું સ્ટેચ્યુ ધાર્યા કરતાં ઘણું નાનકડું અને જરાય પ્રભાવિત ન કરી શકે તેવું નીકળ્યું. તેના ફોટા જોઈને તો લાગતું હતું કે જાણે ઘણું નોંધપાત્ર હશે. જોકે ગોડઝિલા ખુદ એવો મહાકાય હોવાની વાત છે કે તેનું આ સાવ ટચૂકડું શિલ્પ, આટલું નાનું શા માટે છે તે બાબત જોનારાઓને વધુ ચર્ચા કરવાના વિષય આપતી હોય તેવું લાગતું હતું.

અમે તે દિવસ આખો હાકોનેમાં વિતાવીને રાત્રે અહીં સ્ટેશનથી સીધાં આવ્યાં હતાં. એ કેટ પણ અમને જોઈને બગાસાં ખાઈ રહી હતી. અમને કેટ્સ દૂરથી જોવી ગમે છે. જર્મનીમાં વાઇનહાઇમમાં ઘરે આસપાસનાં ઘરોની બિલાડીઓ ઘણીવાર અમારી સાથે દોસ્તી કરવાની ટ્રાય કરતી હોય તેવું લાગતું હોય છે, પણ અમે તેમને ખાસ ભાવ નથી આપતાં. પણ અહીં હજારો યુરો ખર્ચીને આવેલાં અને ત્યાંનાં કલ્ચરને બિલાડીઓ ખૂબ ગમતી હોય તો જોવી તો પડે ને. બરાબર આ શિન્જૂકુની બિલાડીના જ ફોરમેટમાં બનાવેલું શિબૂયા વિસ્તારનું પાન્ડા જોવા પણ લાઈનો લાગે છે. જોકે તે બિલાડી જેટલું લોકપ્રિય નથી અને ક્યારેક તેને શોધવાનું પણ મુશ્કેલ બની જાય છે. જોકે તેમાં પાન્ડાનો કોઈ વાંક નથી. એ તો એકદમ મજાનું છે.

ઇકેબુકુરો વિસ્તારમાં જરા વધુપડતું એટિટ્યુડ બતાવતું આઉલ છે. ઘુવડ આમ તો પોપ કલ્ચરમાં અત્યંત લોકપ્રિય છે, પણ મેશ નામે આ આઉલ જરા ઇન્ટેન્સ છે. હવે ટોક્યો આ વાતને વધુ એક સ્ટેપ આગળ ન લઈ જાય તેવું કઈ રીતે ન બને. ત્યાં નજીકમાં જ આઉલ કાફે પણ છે, ત્યાં ઘણાં રિયલ ઘુવડ આંટા મારતાં હોય છે. એટલું જ નહીં તેમાંનું એક તો એકદમ હેરી પોટરના હેડવીગ જેવું લાગતું હતું. જાપાનનો થ્રીડી પ્રેમ અને પ્રાણી-પ્રેમ અહીં ઓલમોસ્ટ દરેક ખૂણે ઝલકતો હોય તેવું લાગતું હતું. જાપાનને તેમની મનપસંદ ચીજોને વધુ મનોરંજક બનાવતાં આવડે છે. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# જોસેફ સ્ટાલિનઃ એક શક્તિશાળી નેતા કે બદતર બાપ?

## રશિયાના સરમુખત્યાર સ્ટાલિને જર્મનીના હિટલરને સોઈ ઝાટકીને કહી દીધું કે હું મારા દીકરાનો સોદો નહિ કરું!

એક સમયે પાદરી બનીને ધર્મનું કામ કરવા માગતો સ્ટાલિન કોઈક રીતે લેનિનના સંપર્કમાં આવ્યો અને માર્ક્સવાદથી આકર્ષાઈને રાજકારણમાં આવી ગયો. એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી. બીજા વિશ્વયુદ્ધ પછી આ નામ વિશ્વના પાવર પિરામિડની ટોચે બિરાજતુ હતું. ૧૯૨૪થી માંડીને પોતાના મૃત્યુ સુધી સ્ટાલિને રશિયા જેવા વિશાળ દેશ પર એકચક્રી શાસન કર્યું. ઘણા એને ક્રૂર સરમુખત્યાર ગણે છે તો કેટલાકને મતે જોસેફ સ્ટાલિન એટલે સોવિયેત યુનિયનને મહાસત્તા બનાવનાર મહાન નેતા.... હકીકતે સ્ટાલિન આ બંને અંતિમો વચ્ચેના કોઈક બિંદુએ હતો, પણ કેવું હતું સ્ટાલિનનું અંગત જીવન? બાળવયે ગરીબીનો ત્રાસ વધુ હતો કે પછી દારૂડિયા બાપનો, એ કહેવું મુશ્કેલ છે. જ્યારે પોતે બાપ બન્યો ત્યારે એ પોતે ય શિસ્તના નામે સંતાનો સાથે 'ક્રૂરતા આચરનાર બાપ' તરીકે કુખ્યાત થયો. થોડો વાંક સંતાનોનો ય હતો અને થોડો વાંક સંજોગોનો ય ખરો જ. સ્ટાલિનના બે લગ્ન થયા, જે થકી ત્રણ સંતાન જન્મ્યાં. પ્રથમ પત્નીનો પુત્ર યાકોવ તેમજ બીજી પત્ની દ્વારા પુત્ર વસિલી અને પુત્રી સ્વેતલાના હતા.

સ્ટાલિનનું મૂળ નામ હતું લોસેબ. ૧૯૦૭ના જૂન મહિનામાં યુવાન ક્રાંતિકારી લોસેબ એક બેન્ક લૂંટી લે છે. ધરપકડથી બચવા માટે પત્ની અને થોડા મહિના પહેલા જ જન્મેલા બાળકને લઈને ભાગી છૂટવાની નોબત આવી. એ જ વર્ષે પત્ની બીમારીનો ભોગ બનીને મૃત્યુ પામી અને લોસેબે પોતાના આઠ મહિનાના દીકરા યાકોવને સગાઓના ભરોસે મૂકીને પાછું ભાગવું પડ્યું. લોસેબ પછીથી નામ બદલીને 'જોસેફ સ્ટાલિન' તરીકેની ઓળખ ઊભી કરે છે, પણ ચૌદ વર્ષ સુધી પોતાના પુત્ર સાથે મેળાપ થઇ શકતો નથી. દોઢ દાયકાના અંતરાલ બાદ ટીનએજર પુત્ર પિતાના 'નવા' પરિવાર સાથે રહેવા આવે છે ખરો, પણ જોસેફ સાથે યાકોવને બહુ મનમેળ થઇ શકતો નથી. કદાચ બંને પુરુષના સંજોગો જ એવા નહોતા કે કોઈ મજબૂત સંબંધસેતુ બંધાય.


રશિયાના સરમુખત્યાર જોસેફ સ્ટાલિન


પુત્ર યાકોવ


પુત્ર વસિલી – પુત્રી સ્વેતલાના સાથે...

બીજી તરફ જોસેફના જીવનમાં બીજા લગ્ન થકી બીજાં બે સંતાન ઉમેરાઈ ગયાં હતાં. આ નવા વાતાવરણમાં સેટ થવું ટીનએજ યાકોવ માટે કદાચ અમુક હદે શક્ય ન હતું, આ દરમિયાન જોસેફ સ્ટાલિન રશિયન રાજનીતિના શિખરે પહોંચ્યો, પણ દીકરો યાકોવ રશિયન આર્મીમાં લેફ્ટેનન્ટ બનીને રહી ગયો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિટલરના જર્મન સેનાએ એ રશિયા પર આક્રમણ કરી દીધું. એ ભીષણ લડાઈ દરમિયાન સ્ટાલિને પોતાના સૈનિકોને સૂચના આપેલી કે જર્મનોના હાથે પકડાઈ જવા કરતા આત્મહત્યા કરવાનું પસંદ કરજો. તેમ છતાં એક રશિયન સોલ્જર જીવતો પકડાયો એ હતો ખુદ સ્ટાલિનનો દીકરો યાકોવ! યાકોવે જર્મનોના હાથે જીવતા પકડાઈ જવા કરતા મોત વહાલું કેમ ન કરી લીધું એને લઈને સ્ટાલિનને ભારે ખીજ ચડી, કેમકે હવે જર્મનો યાકોવના નામે સોદાબાજી કરી રહ્યા હતા.

રશિયાને ઓફર આપવામાં આવી કે જો રશિયન આર્મી દ્વારા પકડી લેવાયેલા જર્મન ફિલ્ડમાર્શલ ફ્રેડરિક પોલસને માનપૂર્વક છોડી મૂકવામાં આવશે તો રશિયા સ્ટાલિનના દીકરાને પણ માનપૂર્વક પાછો સોંપી દેશે....

હિટલરના મનમાં એમ હતું કે સ્ટાલિન પોતાના દીકરા માટે નમતું જોખશે, પણ સ્ટાલિને તો ઓફરને ઠોકર મારીદીધી. 'યુદ્ધભૂમિમાં લડતો દરેક રશિયન સૈનિક મારો દીકરો છે. રશિયાનો કોઈ સૈનિક મારા દીકરા કરતા સહેજે ય ઊતરતો નથી માટે હું યાકોવને છોડાવવા માટે કોઈ સોદો નહિ કરું!'

હવે આ ઘટનાને તમે કઈ રીતે મૂલવશો? એક બાપની નિષ્ઠુરતા કે પછી એક દેશહિત માટે બાપે કરેલો ત્યાગ?

જર્મન કેમ્પમાં રહેલો યાકોવ રશિયન રેડ આર્મી અને બ્રિટન સહિતના મિત્ર દેશોનો ટીકાકાર બની ગયો. એણે હિટલર અને જર્મનીના વખાણ પણ કર્યા. જર્મનીએ તો યાકોવના નિવેદનો છાપેલા પેમ્ફલેટ પણ રશિયન સૈનિકો સુધી પહોંચતા કરેલા, જેથી રેડ આર્મીનું મોરલ તોડી શકાય, પણ સ્ટાલિન ટસનો મસ ન થયો. આખરે જર્મન કેમ્પમાં જ ૩૬ વર્ષના યાકોવનું શંકાસ્પદ મૃત્યુ થયું.

બીજી પત્ની થકી થયેલાં સંતાનો સાથે શું થયું?

દીકરો વસીલી પહેલેથી જ ઠોઠ નિશાળિયો હતો મિલિટરી સ્કૂલમાંથી જેમતેમ પાસ થઈને એરફોર્સમાં ભરતી થયો. યાકોવની કારકિર્દી બાબતે ઉદાસીન રહેલા પિતા વસિલીનો સિતારો ચમકાવવાના મૂડમાં હતા એટલે એને ધડાધડ પ્રમોશન્સ મળતા ગયા. વસિલી યુદ્ધભૂમિમાં ઊતરે ત્યારે એની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા થતી. આ તરફ પણ લાર્જર ધેન લાઈફ વ્યક્તિત્વ ધરાવતા પિતાનો પુત્ર અંગત જીવનમાં પછડાતો રહ્યો. વસિલીએ ચાર વખત લગ્ન કરી નાખ્યા, છતાં જીવનમાં સ્થિરતા ન આવી. ઉલટાનું એ દારૂડિયો બની ગયો. ૧૯૫૩માં સ્ટાલિનના મૃત્યુ બાદ વસિલીએ નશાની અસર હેઠળ જાહેર આક્ષેપબાજી કરવા માંડી. એનું કહેવું હતું કે સ્ટાલિનને ઝેર આપવામાં આવ્યું હતું. બીજી તરફ, રશિયામાં સ્ટાલિન વિરોધી પવન ફૂંકાવા માંડ્યો હતો અને રશિયાના વડાપ્રધાન નિકીતા ખ્રુશ્ચોવ દેશનું 'ડી- સ્ટાલિનાઈઝેશન' કરવા માગતા હતાં. એવામાં દારૂડિયા વસિલીના બકવાસને કારણે એને જેલ થઈ. આઠ વર્ષ પછી મુક્તિ મળી, પણ દારૂના વ્યસન,વગેરેને કારણે એ માત્ર ૪૧ વર્ષની વયે ગુજરી ગયો.

–અને સ્વેતલાના....સ્ટાલિનની આ દીકરી બાપની બહુ લાડકી હતી. પણ એણે જુવાનીના જોશમાં એક યહૂદી

ફિલ્મમેકર સાથે પ્રેમમાં પડવાનો 'ગુનો' કર્યો. સ્ટાલિને પેલા જુવાનિયાને માથે ભળતાસળતા આરોપો મઢીને એને

જેલભેગો કરી દીધો. બાપ-દીકરી વચ્ચે અંતર વધતું ગયું અને એક તબક્કો એવો આવ્યો કે સ્વેતલાનાએ રશિયાથી ભાગી છુટીને અમેરિકામાં શરણ લીધું. સ્ટાલિનના વારસોમાં એ સૌથી લાંબું આયુષ્ય ભોગવીને ૮૫ વર્ષની વયે મૃત્યુ પામી.

કદાચ એક મહાન ગણાતા નેતા માટે બહુ અઘરું હોય છે 'ફેમિલી મેન' બનવું. જનતા તરીકે આપણે પળવારમાં ગમે એવી વિભૂતિને વખોડી દઈએ છીએ, પણ જરા આજુબાજુના સમાજમાં નજર દોડાવો. સામાન્ય માણસ સાવ સામાન્ય લાગતી સમસ્યાઓ વચ્ચે પણ સંતુલન ગુમાવી બેસતો દેખાશે તો સ્ટાલિનની કક્ષાએ પહોંચ્યા પછી કોઈએ કેટલું ઝઝૂમવું પડ્યું હશે?


કદાચ દરેક વ્યક્તિને પોતપોતાનું સત્ય હોય છે, જેમાં સ્ટાલિન જેવા બાપ અને એનાં સંતાનોનું સત્ય સાવ જુદું - વિરોધાભાસી પણ હોઈ શકે છે! ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્માઈલી લંડનઃ માત્ર મજા માટેની રચના...

આમ તો સ્થાપત્ય ગંભીરતા ધરાવતું ક્ષેત્ર છે. તેમાં માત્ર મજા માટે કોઈ પણ રચના નથી કરાતી. સ્થાપત્યમાં ઉપયોગિતા, મજબૂતાઈ અને દેખાવ, એ ત્રણેયનું મહત્ત્વ છે. ઉપયોગિતા વગરની મજબૂતાઈ કે દેખાવ કામના નથી. દેખાવ વિનાની ઉપયોગીતા કે મજબૂતાઈ પણ વ્યર્થ છે. સ્થાપત્યમાં મજબૂતાઈ તો જરૂરી છે જ, તે ન હોય તો ઉપયોગિતા શક્ય નથી અને દેખાવ માન્ય નથી. છતાં પણ ક્યારેક આ પ્રકારના પ્રયત્ન થતા જોવા મળે છે.



સ્થપતિ એલિસન બ્રૂક્સ દ્વારા ગ્રેટર લંડનમાં નિર્ધારિત કરાયેલ આ એક ઇન્સ્ટોલેશન સ્ટ્રક્ચર છે. સન ૨૦૧૬ માં તૈયાર થયેલ આ રચના ડિઝાઇન ફેસ્ટિવલના એક ભાગ સ્વરૂપ હતી. ૩.૫ મીટર ઊંચી, ૪.૫ મીટર પહોળી અને ૩૪.૦ મીટર લાંબી આ ૧૩૬ ચોમી ક્ષેત્રફળવાળી વળાંકાકાર લંબચોરસ મેગા ટ્યુબ ક્રોસ લેમીનેટેડ લાકડાના પાટીયામાંથી બનાવવામાં આવી છે. આ મકાન બંને દિશામાં ૧૨.૦ મીટર જેટલું ઝૂલતું રહે છે, અર્થાત્ વચમાં ૧૦.૦ જેટલો ગાળો જમીન સાથે ટેકવાયેલો છે. અહીં માળખાકીય રચનામાં જરૂરિયાત પ્રમાણે લોખંડનો ઉપયોગ પણ કરાયો છે. આશરે ૧૦૦ મીટર વ્યાસના વર્તુળના એક ચાપ સમાન આ રચના વિશેષ પ્રકારની પરિસ્થિતિ ઊભી કરે છે, જ્યાં મૂંઝવણ પણ છે અને થોડીક આશ્ચર્ય સહિતના આનંદની અનુભૂતિ પણ છે. અહીં આકારની મજા છે, બાંધકામની સામગ્રી તરીકે લાકડાના ઉપયોગમાં સરળતા છે અને પ્રમાણમાપમાં વ્યક્તિગતતા છે. રાત્રિની કૃત્રિમ પ્રકાશની વ્યવસ્થામાં તેના આકારની અનુભૂતિ વધુ તીવ્રતાથી ઊભરે છે.





માત્ર એક માળની રચનાવાળી આ ટ્યુબમાં વચ્ચે પ્રવેશ અપાયો છે અને ત્યાંથી બંને તરફ ઊંચાઈ પર જઈ શકાય છે. બંને છેડા પર બાલ્કની જેવી રચના કરવામાં આવી છે જ્યાં એને થોડો સમય વિરામ કરી શકાય - ઊભા રહી શકાય. અહીંથી આજુબાજુની પરિસ્થિતિ પર નજર નાખી શકાય. લાંબી દીવાલમાં નિયમિત અંતરે કાણા પડાયા છે જેમાંથી બહાર ડોકિયું કરી શકાય. તેના બંને છેડા એ રીતે અને એટલા ઉપર ઊઠે છે કે તેની નીચેથી અવરજવર શક્ય બને. બસ આ જ રચના, બસ આટલી જ રચના. વળી આ ઇન્સ્ટોલેશન એવા વિસ્તારમાં બનાવ્યું છે કે જ્યાં પરંપરાગત શૈલીનાં મકાનો છે. તેથી આ મકાન અજાણી બહારથી લાવી ગોઠવાઈ દેવાયેલી વસ્તુ તરીકે ત્યાં ઊભી રહી જાય છે.

એમ જણાય છે કે આ રચના આ પ્રકારના લાકડાને વ્યાપારી ધોરણે કેવી રીતે પ્રયોજી શકાય તેનું દ્રષ્ટાંત સ્થાપવા કરાઈ છે. અહીં કોઈ હેતુ નિર્ધારિત નથી, પરંતુ અહીં હંગામી પ્રદર્શની થઈ શકે, નાનો સમૂહ એકત્રિત થઈ શકે, બાળકો વળાકાકાર સપાટી પર ભાગદોડ કરી શકે અને દીવાલમાં પડાયેલા કાણામાંથી બહારના દ્રશ્યને નવી જ રીતે માણી શકાય. અહીં કોઈ રાચરચીલું નથી, અહીં કોઈ વિશેષ ઉપયોગમાં આવે તેવા બારી બારણા નથી, અહીં ઉપયોગિતા પ્રમાણે છતની ઊંચાઈમાં વધઘટ નથી - જે છે તે આ છે. તમે એનો જે રીતનો ઉપયોગ કરી શકો એ પ્રમાણે કરો. સ્થાપત્યમાં આટલી છૂટછાટ કદાચ કોઈએ નથી લીધી.

આ રચના બગીચામાં આવતી 'સી-સો'ની રચના પ્રમાણે છે. એકવાર એમ જણાય કે તે એક બાજુથી નીચે જશે અને બીજી બાજુથી ઊંચકાશે. પણ આમ થતું નથી. મકાન મજબૂત છે. સાંપ્રત સમયમાં જ્યારે સ્થાપત્યમાં કોન્ક્રીટનો મહત્તમ ઉપયોગ જોવા મળે છે ત્યારે લાકડાની આવી વિશેષ પ્રકારની રચના ધ્યાન તો દોરે જ. તેમાં પણ જ્યારે એ મૂંઝવણ ઊભી થાય કે આ છે શેની માટે, ત્યારે વધુ રસ જાગ્રત થાય. રસ જાગ્રત થયા પછી જિજ્ઞાસા ઉદ્ભવે અને વ્યક્તિ અનાયાસે પણ મકાનની મુલાકાત લે. તેમાં પણ જ્યારે એ નક્કી હોય કે આ મુલાકાત માટે વધારે સમય જરૂરી નથી ત્યારે તો મુલાકાતની સંભાવના વધી જ જાય. આ રચનામાં કંઈક આમ જ થઈ રહ્યું હોય તેમ જણાય છે. સાથે સાથે એ પણ સત્ય છે કે, કદાચ બાળકો સિવાય અન્ય વ્યક્તિ આ મકાનની બીજી વારની મુલાકાત માટે તૈયાર ન થાય. વ્યક્તિને બીજી વાર આકર્ષી શકે કે ત્રીજી વાર આકર્ષી શકે તેવું અહીં કશું જ નથી.

મારી દૃષ્ટિએ આ સ્થાપત્યની રચના નથી પરંતુ એવું એક શિલ્પ છે કે જેની અંદર અવરજવર કરી શકાય. જ્યારે અવરજવર કરી શકાય ત્યારે અવરજવર નામની ઉપયોગિતા તો સાથે વણાઈ જ જાય. તેથી હવે આ શિલ્પ ઉપયોગી પણ છે જેને કારણે તેની ગણના સ્થાપત્યમાં થઈ શકે, પરંતુ આ ઉપયોગિતા તો ઉદ્ભવેલી ઉપયોગિતા છે, પૂર્વ નિર્ધારીત ઉપયોગિતા નથી. કોઈપણ વસ્તુ બનાવી દેવામાં આવે તો માનવ સ્વભાવ પ્રમાણે તેનો ઉપયોગ તો થવાનો જ. કોઈપણ બનાવાયેલ વસ્તુ સર્વથા નિરુપયોગી નથી હોતી. મોટી દ્વિધા છે કે આ ઉપયોગમાં લઈ શકાય તેવું શિલ્પ છે કે ઉપયોગને કારણે અસ્તિત્વમાં આવેલું સ્થાપત્ય. સામાન્ય સંજોગોમાં થતું આવ્યું છે તેમ, તેના પ્રમાણમાપ, તેના મૂળભૂત આકાર તથા તેના જે તે પ્રકારના સંભવિત ઉપયોગને કારણે આ પ્રકારની રચનાને સ્થાપત્યની કૃતિ ગણવામાં આવે છે. ■

## વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# પોલીસ સ્ટેશન પર ચોર ત્રાટકે તો...?!




'સાહેબ, આ પ્રેસનોટ જોઇ લો.' કનુ કોન્સ્ટેબલે પોલીસ ઇન્સ્પેક્ટર પ્રતાપને કહ્યું.પોલીસ અને પ્રેસ વચ્ચે છત્રીસનો નહીં પણ બોંતેરનો આંકડો હોય. છાપાવાળા પોલીસના નાકમાં દમ લાવી દે. દેશી દારૂના અડ્ડા, સ્પા- મસાજ પાર્લરની આડમાં લોહીનો વેપાર, ધમધમતા જુગારખાના, લોકઅપમાં તહોમતદારને ન મારવાના બે લાખ રૂપિયા ઝૂડવા, દુષ્કર્મના કેસનાં ભીનું સંકેલાણું, હોમગાર્ડ હાઇવે પર ઉઘરાણું કરતા ઝડપાયા, ખૂનના આરોપીની લોકઅપમાં વીઆઇપી સરભરા, ઇન્સ્પેક્ટરના વહીવટદાર કોન્સ્ટેબલના કારનામાં, વગેરેના સમાચારો ખૂણેખાંચરેથી મેળવે અને ચોપાનિયા કે વર્તમાનપત્રમાં બિન્ધાસ્ત છાપે...

'આ વખતે પ્રેસનોટ દેવાની નથી.' પ્રતાપે કાગળિયું પાછું આપતા નિરાશ થઇને કહ્યું. પ્રેસનોટને પોલીસ ખાતામા પ્રેસ તરીકે ઓળખવામાં આવે છે...

'પણ સર, કેમ પ્રેસ આપવાની નથી?' કનુએ દાળમાં કડછો હલાવતો હોય તેમ સવાલ પૂછ્યો.

'યાર તમે એ લપ મુકોને' પ્રતાપ ચિડાયો.

'સાહેબ, આપણે કેટલી તગડી રેડ પાડી છે. જાનના જોખમે બે હજાર કિલો ચાંદી પકડી છે. બસો કરોડ રૂપિયાની ચાંદી પકડી છે. એના દસ ટકા રકમ આપણને ઇનામ તરીકે મળશે. આપણી વાહવાહી થાય તેવો મોકો છે. તમને અકારણ તતડાવતા આઇજી સાહેબ તો સમાચાર સાંભળીને કોલસો થઇ જશે. ડીજીપી સરની શાબાશી મળશે. નાનો- મોટો મેડલ મળશે. સર્વિસ બુકમાં એન્ટ્રી થશે. આપણા પ્રમોશન- બ્રમોશન પણ થશે.' કનુ મુંગેરીલાલ બની ગયો.

'કનિયા, મૂંગો મરીશ કે ભોડામાં અડબોથ આલું? જા ગલ્લે જઇને ચા કહી આવ અને મારું તમાકુવાળું પાન લઇ આવ.' પ્રતાપે પેલા કોન્સ્ટેબલ કનુને કામ ચીંધી દીધું. પ્રતાપને એક ચિંતા કોરી ખાતી હતી.

પોલીસ ચોકીમાં તો મુદ્દામાલ રૂમ હોય નહીં. મુદ્દા માલ રૂમ હોય તો પણ નરસિંહ મહેતાના ઉતારા જેવા હોય. કોઇ લાત મારે તો બારણું તૂટી જાય.મુદ્દા માલ રૂમમા બધું ઠાંસી ઠાંસીને ભર્યું છે. ચલણી નોટો ઉંદરડા ચાવી જાય છે. દારૂની બોટલ, દેશી દારૂની પોટલીની ગંધથી માથું ચડી જાય છે. ભગતડા ઝાઝા અને વૈકુંઠ નાનું એવી દશા છે.

'કનુ અહીં આવ.' પોલીસ ઇન્સ્પેક્ટર પ્રતાપે એક દિવસ કનુને સામેથી બોલાવ્યો.

'યેસ સર.' કહી કનુએ સલામ ઠોકી.

'કનુ, આ પ્રેસની પચાસ ઝેરોકસ કોપી કરાવી તમામ પત્રકારોને મોકલી આપ. આ પ્રેસ કાલના પેપરમાં છપાવી જોઇએ.' પ્રતાપે કડક સૂચના આપી.

'સર આ શેની છે?' આપણે કોઇ ડંકી રૂટ કે કબૂતરબાજીનો પર્દાફાશ કર્યો છે?' કનુએ પ્રેસ વાંચ્યા વગર પ્રતાપને પ્રશ્ન પૂછયો.

'કનુ, કેટલી ચોપડી ભણેલો છે?' પ્રતાપે સીટી વગાડતા પૂછ્યું.

'સાહેબ, નોન મેટ્રિક પાસ છું.' કનુએ અંચબો પામી જવાબ આપ્યો. સાહેબના મનમાં કંઇક ગડમથલ ચાલે છે એ તે વાત નક્કી છે.

'તો ડોબા ,વાંચી લે. પ્રેસ ગુજરાતીમાં છે. ઉર્દૂમાં નથી.'

કનુ પ્રેસનોટસ પર નજર ફેરવી ગયો.

'વાંચી લીધી?' પ્રતાપે પૂછયું.

'હા સર.'

'કેવી છે? કાલે પેપરમાં આવશેને?

'બોસ, પાંચ લિટર દેશી દારૂ અને વીસ લિટર વોશ પકડવાની નેત્રદીપક કામગીરીમાં પોલીસ વડાનું નેતૃત્વ, રેન્જ આઇજીનું દિમાગ, એસપીનું કૌશલ, ડીવાયએસપીની કુનેહ, પીઆઇની ચપળતા અને તમારું શૌર્ય તો સમજ્યા, પણ પ્રેસમાં ગૃહમંત્રી, મુખ્યમંત્રી અને પીએમ સાહેબનું નામ પણ ઉમેરો તો સોનામાં નહીં તો કથીરમાં સુગંધ ભળે.' કનુએ વ્યાજસ્તુતિ અલંકાર વાપર્યો.

'કેમ કનિયા, બહુ આડો ફાટ્યો છે? તારા કાળા કામોના કાળા ચીઠા મારી પાસે છે. બહુ ટણી કરીશ નહીં. હું તારો બોસ છું.'

'સર, મારા મનમાં એક સવાલ ઊભો થયો છે.' કનુએ મૂંઝવણને વાચા આપી.

'કનુ , તું સવાલ પૂછી લે. નહીંતર તારા પેટમાં દુખ્યા કરશે' પ્રતાપે પરવાનગી આપી.

'જ્યારે આપણે ચાંદી પકડી. ઘરેણાં પકડ્યા, મોબાઇલની દુકાનનાં થયેલ ચોરીનો મુદ્દામાલ પકડ્યો. આપણી પીઠ થાબડવાની તક હતી. ત્યારે તમે મેં લખેલી પ્રેસ છાપામાં આપવાની ના પાડી. આજે પાંચ લિટર દારૂ પકડ્યો એની પ્રસિદ્ધિ કરવા તલપાપડ થયા છો. યેહ કુછ હજમ નહીં હુઆ.' કનુની વાત સોળ આની સાચી હતી.

'કનુ, આપણા જ પોલીસ સ્ટેશનની હાલત તો તારાથી અજાણી નથી. મુદ્દા માલ રૂમમાંથી ગાંજો, દારૂ, કાગળો અને રૂપિયા પગ કરી જાય છે. 'ચોરને ઘરે ચોર પરોણા'વાળી કહેવત સાંભળી હશે. હવે તો કોટવાલની ચોકીમાં ચોર મહેમાન થાય છે. જ્યારે કોર્ટ મુદ્દામાલ રજૂ કરવા કહે ત્યારે આપણી બેઇજ્જતી થાય છે.' પ્રતાપ લાંબુંલચ બોલ્યો.

'એટલે' કનુએ આંખ પહોળી કરીને સવાલ કર્યો.

'આપણે ક્યાંક રેડ કરીએ અને તેની પ્રેસ આપીએ એટલે ચોરચકકાને ખબર પડી જાય કે આપણી પોલીસ ચોકીમાં આંકડે મધ છે. ચોર આપણે ત્યાં ચોરી કરી જાય અને આપણું નાક કપાઇ જાય. એવું ન થાય એટલે હેડકવાર્ટરથી રેડ કરીને પકડેલ સોનું, ચાંદી, રોકડ, દારૂની રકમની માહિતી પ્રેસ ન આપવાનો નિર્ણય લીધો છે.' પ્રતાપે પાના ઓપન કર્યા. ન રહેંગા બાંસ ન રહેંગા બાંસુરી!

કનુ કોન્સ્ટેબલ સબ ઇન્સ્પેક્ટર પ્રતાપને ફાટી આંખે જોઇ રહ્યો.■

સ્પોર્ટ્સમૅન


અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# માર્ગ વિકટ ખરો, પણ વિક્ટરી શક્ય છે

## ટીમ ઈન્ડિયા ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ૧-૨થી પાછળ છે. હવે મૅન્ચેસ્ટરમાં પહેલી વાર તિરંગો લહેરાવીશું અને પછી ઓવલમાં ૧૯૭૧ની ઐતિહાસિક જીતને યાદ કરીને જીતીશું તો ટ્રોફી આપણી!



શુભમન ગિલના સુકાનમાં ભારત વર્તમાન સિરીઝમાં ૧-૨થી પાછળ છે, પરંતુ ૩-૨ની જીત સંભવ છે.



ઍલન નૉટ કૉ. એકનાથ સોલકર બો. શ્રીનિવાસ વેન્કટરાઘવન. ૧૯૭૧ના આ ચમત્કારિક કૅચ બાદ ભારતે ઈંગ્લૅન્ડમાં પહેલી વાર ટેસ્ટ અને પહેલી વાર સિરીઝ જીતી લીધી હતી.

**જીવનમાં** ક્યારેક એવું બનતું હોય છે કે અમુક ચોક્કસ સમયે ખાસ ધરા આપણને અણધારી સફળતા અપાવી જાય છે. આ સક્સેસ નસીબમાં ક્યારે લખાઈ હોય છે એની તો જાણ નથી હોતી, પરંતુ આપણી સંસ્કૃતિમાં ભૂમિનું ખૂબ મહત્ત્વ તો છે જ. ભારતે ટેસ્ટ-ક્રિકેટ રમવાની શરૂઆત ઇંગ્લૅન્ડમાં કરી હતી. ત્યારે ભારતમાં બ્રિટિશરોનું રાજ હતું અને ૧૯૩૨માં ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડસમાં આપણે કર્નલ સી. કે. નાયુડુના સુકાનમાં પહેલી ટેસ્ટ રમ્યા હતા. જોકે ઇંગ્લૅન્ડની ધરતી પર આપણને પહેલો ટેસ્ટ-વિજય છેક ઑગસ્ટ ૧૯૭૧માં (૩૯ વર્ષ બાદ) મળ્યો હતો અને ભૂમિની વાત કરીએ તો એ જીતનો શ્રેય લંડનના કેન્સિંગ્ટન ઓવલ મેદાનને ફાળે જાય છે. આ વખતે પણ ટીમ ઇન્ડિયાને એ સ્થાન સફળતા અપાવી શકે, પણ એ પહેલાં કેટલાક ચમત્કારો થવા જરૂરી છે, કારણકે હાલમાં આપણી ટીમ ૧-૨થી પાછળ છે.

ઓવલનું આ એ જ મેદાન છે જ્યાં ૫૪ વર્ષ પહેલાં અજિત વાડેકરના નેતૃત્વમાં ભારતે રે ઇલિંગવર્થની ટીમને ચાર વિકેટે પરાજિત કરીને સિરીઝ (૧-૦થી) પણ જીતી લીધી હતી. ત્યારની આપણી ટીમના ખેલાડીઓના નામ (ઘણાને યાદ હશે જ) વાંચશો તો રોમાંચિત થઈ જશો એમાં બેમત ન હોઈ શકે. અજિત વાડેકરના સુકાનમાં બ્રિટિશરોને તેમની જ ધરતી પર પરાજિત કરનાર ટીમ ઇન્ડિયામાં સુનીલ ગાવસકર, અશોક માંકડ, દિલીપ સરદેસાઈ, ગુંડપ્પા વિશ્વનાથ, એકનાથ સોલકર, ફરોખ એન્જિનિયર, સૈયદ આબિદ અલી, શ્રીનિવાસ વેન્કટરાઘવન, બિશનસિંહ બેદી અને ભાગવત ચંદ્રશેખરનો સમાવેશ હતો. એ ૧૯૭૧ની સાલ હતી અને બ્રિટિશરોએ આપણી સામે ૭૧ રનની સરસાઈ લીધી હતી. ત્યાર બાદ બ્રિટિશ ટીમ બીજા દાવમાં મોટો સ્કોર કરીને ભારતને પ્રેશરમાં લાવીને હરાવી શકે એમ હતું, પરંતુ પ્રથમ દાવમાં મહાન વિકેટકીપર ઍલન નૉટનો તેમના ૯૦ રનના સ્કોર પર પોતાના જ બૉલમાં કૅચ ઝીલનાર સોલકરે બીજા દાવમાં પણ ઍલન નૉટને નહોતા છોડ્યા. ઍલન નૉટ હજી તો ત્રણ બૉલમાં માંડ એક રન બનાવીને ક્રીઝમાં ઠરીઠામ થયા હતા ત્યાં તો ચોથા બૉલમાં તેમણે પૅવિલિયનમાં પાછા જવું પડ્યું હતું. તેઓ ત્યારે એકનાથ સોલકરના અદ્ભુત કૅચનો શિકાર થઈ ગયા હતા. એસ. વેન્કટરાઘવનના એક બૉલને ઍલન નૉટે ભૂલથી શૉર્ટ લેગ તરફ ધકેલી દીધો હતો જ્યાં ઊભેલા એકનાથ સોલકરે અફલાતૂન ડાઇવિંગ કૅચ પકડ્યો હતો. સોલકરે કૅચ ઝીલ્યા પછી જાણે સાષ્ટાંગ દંડવત કર્યા હતા. ભારતીય ટીમ માટે એ ચમત્કાર જ હતો. ઍલન નૉટની વિકેટ પડ્યા પછી બ્રિટિશ ટીમ ક્યારેય ફરી બેઠી નહોતી થઈ શકી. ભાગવત ચંદ્રશેખરની છ, વેન્કટરાઘવનની બે તથા બેદીની એક વિકેટના પ્રતાપે ભારતે બ્રિટિશરોને ૧૦૧ રનના સ્કોર પર ઑલઆઉટ કરી દીધા હતા. ભારતને ૧૭૩ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો અને વાડેકર (૪૫ રન), સરદેસાઈ (૪૦ રન), વિશ્વનાથ (૩૩ રન) તથા એન્જિનિયર (૨૮ અણનમ)ના યોગદાનોની મદદથી છ વિકેટે ૧૭૪ રન બનાવીને ભારતે ઇંગ્લૅન્ડની ધરતી પર નવો ઇતિહાસ સરજ્યો હતો. ત્યાર બાદ છેક ૫૦ વર્ષે (૨૦૨૧માં) ઓવલમાં વિરાટ કોહલીની કૅપ્ટન્સીમાં ભારતે જૉ રૂટની ટીમ સામે ૧૫૭ રનથી વિજય મેળવ્યો હતો.

બસ, આ બે જીત સિવાય ઓવલમાં ઇંગ્લૅન્ડ સામે ભારતના પાંચ ટેસ્ટમાં પરાજય થયા છે અને સાત ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે.

વર્તમાન શ્રેણીમાં બ્રિટિશરો ૨-૧થી આગળ છે અને બાકીની બેમાંથી એક મૅચ જીતશે તો પહેલી વાર ઍન્ડરસન-તેન્ડુલકરના નામે રમાતી ટ્રોફી પર પોતાનું નામ અંકિત કરાવી શકશે. જોકે તેમને એવું કરતા રોકવા સૌથી પહેલાં તો આપણે બુધવાર, ૨૩મી જુલાઈથી મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડમાં રમાનારી ચોથી ટેસ્ટ જીતવાની છે અને પછી ૩૧મી જુલાઈએ શરૂ થનારી ઓવલની ટેસ્ટ જીતવા પર બધુ ધ્યાન કેન્દ્રીત કરવું પડશે. ૧૯૭૧માં આપણે ઇંગ્લૅન્ડમાં પહેલી ટેસ્ટ ઓવલમાં જીત્યા હતા અને ઇંગ્લૅન્ડ સામે છેલ્લે આ જ સ્થળે ૨૦૨૧ની ટેસ્ટમાં પણ ભારતને વિજય પ્રાપ્ત થયો હતો એટલે એ બે મોટી સફળતાને લક્ષમાં રાખીને (સકારાત્મક અભિગમથી) શુભમન ગિલ ઍન્ડ કંપનીએ આ ઐતિહાસિક મેદાન પર રમવું પડશે. એ પહેલાં, મૅન્ચેસ્ટરની ટેસ્ટ જીતીને સિરીઝને ૨-૨ની બરાબરીમાં લાવવી જરૂરી છે. મૅન્ચેસ્ટરમાં ભારતીયો ક્યારેય ટેસ્ટ નથી જીત્યા એ ઇતિહાસ પણ આપણી વર્તમાન ટીમને નિરાશ કરી દેનારો છે, પરંતુ બદલાવ લાવવાની ક્યારેક તો શરૂઆત કરવી જ પડતી હોય છે અને કોણ જાણે એ ચેન્જ આ વખતે આવી પણ જાય. ચમત્કાર પ્લાનિંગથી નથી થતો. એ ઓચિંતો થઈ જતો હોય છે. જાન હૈ તો જહાન હૈ. મૅન્ચેસ્ટરમાં પહેલી વાર આપણે ટેસ્ટ જીતીને નવો ઇતિહાસ રચવાનો છે અને એ જવાબદારી શુભમન ગિલ અને તેના સાથીઓના શિરે છે.

વર્તમાન સિરીઝની લીડ્સની પ્રથમ અને લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં કરેલી ભૂલ ફરી ન કરવાની પ્રતિજ્ઞા લઈશું અને એજબૅસ્ટનની બીજી ટેસ્ટની જેમ ફરી સુપર પર્ફૉર્મન્સીસ આપીશું તો શ્રેણીની બાકીની બેઉ ટેસ્ટ જીતવી શક્ય છે. અત્યારે આપણે ૧-૨થી પાછળ છીએ. ૩-૨થી વિજય મેળવવા માટેનો માર્ગ વિકટ જરૂર છે, પણ સફળતા સંભવ છે.■

ફોકસ

ધીરજ બસાક
feedback@bombaysamachar.com

# એકતાની મિસાલ: અરુણાચલનો દ્રી ફેસ્ટિવલ







**ભારતના** ઉત્તર પૂર્વમાં સ્થિત અરુણાચલ પ્રદેશની અપાતાની જનજાતિ દ્વારા મનાવવામાં આવેલ દ્રી ફેસ્ટિવલ અથવા દ્રી પર્વ એક લણણીનો તહેવાર છે અને એને લોકો હર્ષોલ્લાસથી ઊજવે છે. હકીકતમાં દ્રી ફેસ્ટિવલ એક કૃષિ પરંપરાનો લણણીનો તહેવાર છે. વાસ્તવમાં જે પાક છે તે સારો ઊતરે તેવી પ્રાર્થના કરવાનો પર્વ છે. આ વર્ષે જુલાઇમાં દ્રી ઉત્સવ મનાવવામાં આવ્યો, પરંતુ આની શરૂઆત જૂન મહિનાથી જ ચાલુ થઈ ગઈ હતી. અરુણાચલ પ્રદેશની અપાતાની સમુદાય આ દિવસે પોતાના પારંપારિક દેવતાઓને પ્રસન્ન કરવા માટે તેમજ સારો વરસાદ, સારો પાક અને લોકોના જીવનમાં સુખ અને શાંતિ આવે તેની પ્રાર્થના કરે છે. તેની સાથે સાથે આ પર્વ ખેતરોને જંતુઓથી બચાવવા માટે, અનાજની સારી ઊપજ સાથે તેને સુરક્ષિત રાખવા માટે, પાક, જનાવરો અને મનુષ્યમાં રોગો ન ફેલાય તથા સમાજમાં શાંતિ જળવાઈ રહે આ બધી જ આકાંશાઓ માટે આ પર્વ મનાવવામાં આવે છે. આ પરથી જણાય છે કે, ઉત્તર પૂર્વનો આદિવાસી સમાજ તેમની લોકમાન્યતાઓ અને લોકજીવન સાથે કેટલા ઉંડાણપૂર્વક જોડાયેલા છે.

આ પર્વની તૈયારીઓ ઓછામાં ઓછા એક મહિના પહેલાથી શરૂ કરવામાં આવે છે અને કોઈ ચોક્કસ જગ્યાએ આ ઉત્સવના કાર્યક્રમો ઘણા દિવસો સુધી ચાલે છે. એટલે કે, આ પર્વ કોઈ ચોક્કસ સમય માટે નથી હોતો, ઘણી વખત આ પર્વના કાર્યક્રમ ઘણા દિવસો સુધી ચાલે છે. આ પર્વમાં ચાર જાતના લોકદેવતાઓને પ્રસન્ન કરવા માટે તેમનું આહ્વાહન અને તેમની પૂજા કરવામાં આવે છે. આમાં પહેલા દેવતા તામૂ છે. આ દેવતા પાકને કીટાણુઓથી બચાવે છે. બીજા દેવતાનું નામ મેતી છે, આ પાકને બીમારીઓથી બચાવે છે. ત્રીજા દેવતા દાનયી છે જે પ્રકાશ અને ઉર્વરતાના પ્રતીક છે એટલે કે, ભગવાન સૂર્ય છે. તથા આ દેવતાઓ સાથે એક દેવી પણ છે જેમનું નામ હર્નિયાંગ એટલે કે, વર્ષા અને જલની દેવી કહેવામાં આવે છે.

દ્રી ઉત્સવ મનાવવા માટે મહિના પહેલાથી અપાતાની જાતિના યુવા અને વૃદધો સહુ સાથે મળીને લાકડા, વાંસ, ફૂલો અને ધ્વજથી તે પૂજાસ્થળને ખૂબ સજાવે છે, જ્યાં બધાં દેવતાઓ અને એક દેવીની પૂજા કરવામાં આવે છે. આ પર્વની પૂરા ગામમાં સામૂહિક તૈયારી કરવામાં આવે છે અને આ પર્વમાં પહેરવા માટે એક વિશેષ પોશાક બનાવવામાં આવે છે. પૂજાના દિવસે સ્થાનીય પૂજારી ચોખાનાં ખેતરોમાં જઈ ત્રણેય દેવતાઓ અને દેવીની પૂજા કરે છે અને પૂજાની સાથે પશુબલિ આપવામાં આવે છે, પરંતુ હવે પ્રતીકાત્મક બલિ આપવામાં આવે છે. આ દિવસે ગામના બધા જ લોકો અપોંગ એટલે કે, ચોખાથી બનાવેલી બિયરની સાથે જાત જાતના પકવાનોનું સેવન કરે છે અને આખો દિવસ નાચી અને ગાઈને આ પર્વ ઉજવે છે.

વાસ્તવમાં આ પર્વ પરસ્પર એકતા અને ભાઈચારાનો સામૂહિક પર્વ છે. આ પર્વની સાથે પાક સૌથી વધારે થાય તેની પ્રાર્થના કરે છે અને તેને ઊજવે છે. આને ઊજવવાની ઘણી રીતો છે જેમકે, નૃત્ય, ગીત સંગીત, રમતનું આયોજન થાય છે, યુવાન છોકરાઓ કુશ્તી દ્વારા પોતાનું શોર્ય બતાવે છે. આમાં જ યુવાન છોકરા અને છોકરીઓ પોતાના માટે યોગ્ય જીવનસાથીની પસંદગી કરે છે. જે યુવાન કુશ્તી, તીરંદાજી અને રસાકસી જેવી પ્રતિયોગિતામાં સારું પ્રદર્શન કરે છે, તેના માટે ઘણી છોકરીઓ તરફથી લગ્નના માંગા આવે છે. આજ કારણોસર યુવકો આ પર્વમાં પોતાનું શૌર્ય બતાવવા માટે મહિનાઓ પહેલાથી જ તૈયારી શરૂં કરે છે જેથી આ અવસર પર યુવકો તેમની પ્રેમિકાને ખુશ કરી શકે અને આ પ્રદર્શન દ્વારા યુવકો પોતાની મનપસંદ પ્રેમિકા કે દુલ્હન મેળવી શકે.

દ્રી ઉત્સવનું સાંસ્કૃતિક અને સામાજિક મહત્ત્વ ખૂબ વધારે છે. તે જ કારણે અપાતાની જનજાતિના લોકો તેમની લોકસંસ્કૃતિને જીવંત રાખે છે. આ પર્વ દ્વારા આખું ગામ એક સામાજિક માળખાનો એક હિસ્સો બની જાય છે. આવી રીતે જ ગામમાં સામાજિક એકતા બની રહે છે જેનાથી ભાઈચારો વધે છે. આ પર્વથી યુવાન ખેડૂત ખેતીના મહત્ત્વને સમજે છે અને ખેતી કરવા માટે પ્રેરિત થાય છે, પરંતુ આજકાલ આ પર્વનું એક અને ખાસ મહત્ત્વ ઊભરીને સામે આવ્યું છે, આ પર્વમાં ભાગરૂપ થવા માટે દેશ-વિદેશથી હજારો પર્યટકો અરુણાપ્રદેશની જીરો વેલીમાં આવે છે અને આ ઉત્સવને માણે છે. આવી રીતે આ પારંપારિક લોક પર્વ આજે અરુણાચલ પ્રદેશની આવકનો પણ એક મહત્ત્વપૂર્ણ સ્રોત છે.

આ પર્વ મૂળભૂત અરુણાચલ પ્રદેશની જીરો ઘાટી અથવા જીરો વેલી તેમજ નીચલા શુબનસિરી જિલ્લાના વિવિધ ભાગોમાં મનાવવામાં આવે છે. બધું જ મળીને દ્રી ઉત્સવ ઉત્તર પૂર્વ ભારતના લોકપર્વમાં એક મહત્ત્વનું સ્થાન રાખે છે અને ભોળા ઉત્તર પૂર્વના નિવાસીઓ ની પ્રકૃતિ, પાક અને પ્રેમ સંબંધોની પરંપરાની જીવંતતા ને દર્શાવે છે. સાથે જ આ પર્વ આસ્થા અને કૃષિના જ્ઞાનનો પણ સંગમ છે. ■

વિશેષ

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

# મલ્ટિનેશનલ કંપનીની જોબ માટે જરૂરી આ EQ શું છે?




**મલ્ટિનેશનલ** કંપનીઓમાં નોકરી મેળવવી હોય તો EQ એટલે કે ઈમોશનલ ઇન્ટેલિજેન્સ ખૂબ અગત્યનું છે. તમને સવાલ થશે કે આખરે આ ઈમોશનલ ઇન્ટેલિજેન્સ એટલું કેમ જરૂરી છે? અને આ EQ શું છે? નિષ્ણાંતો મુજબ કોર્પોરેટ કંપનીમાં કામ કરવા માટે માત્ર ટેક્નિકલ જ્ઞાન જ પૂરતું નથી. લાંબા સમય સુધી સફળતા, નેતૃત્વ ક્ષમતા, ટીમ સહયોગ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે ઈમોશનલ ઇન્ટેલિજેન્સ ખૂબ જરૂરી છે. આજ કારણ છે કે કોર્પોરેટ જગતમાં IQ કરતાં EQ ને મહત્ત્વ આપવામાં આવે છે.

મલ્ટિનેશનલ કંપનીઓમાં કામ કરતાં લોકો માત્ર કોઈ એક દેશનાં નથી હોતાં, તેઓ વિવિધ દેશોમાંથી આવતા હોય છે. એવામાં તેમની સાથે પરસ્પર સહયોગ, સહનશીલતા અને ભાવનાત્મક સમજ વગર સફળ ટીમ બનાવવી શક્ય નથી. એવામાં મલ્ટિનેશનલ કંપનીઓને ટીમ લીડર પણ એવો જોઈએ છે જેનો IQ કરતાં EQ વધુ અગત્યનો હોય છે. જેથી કરીને કર્મચારીઓની વચ્ચે ગેરસમજ ઊભી ન થાય એનું તેને ધ્યાન રાખવાનું હોય છે. તે તમામ કર્મચારીઓ વચ્ચે તાલમેળ બેસાડે છે. આજ કારણ છે કે મલ્ટિનેશનલ કંપનીઓ એવા ગ્લોબલ લીડર પર પસંદગી ઉતારે છે જેનો EQ વધુ સશક્ત હોય.

મલ્ટિનેશનલ કંપનીઓમાં કામનું પ્રેશર વધારે હોય છે, ટાર્ગેટ પૂરા કરવાની સાથે તેમને ક્વોલિટી વર્ક પણ કરવાનું હોય છે. એવામાં તેમને પ્રોત્સાહનની પણ જરૂર હોય છે. એથી ટીમ લીડરની પસંદગી વખતે સારો EQ ધરાવતા વ્યક્તિને પસંદ કરે છે.

આજે સ્ટ્રીક્ટ અને કડક આદેશ આપતા લીડરની કંપનીને જરૂર નથી. કંપનીને એવા લીડરની જરૂર છે જે પોતાના કર્મચારીઓ સાથે સખત વર્તન ન કરતાં શાંતિથી કામ કઢાવે અને માર્ગદર્શન પણ કરે. દરેકને પ્રોત્સાહન આપવાની સાથે તે સ્થિતિમાં સંતુલન પણ જાળવી શકે.

કસ્ટમરને હેન્ડલ કરવા, ક્લાઇન્ટ સાથે સારા સંબંધો બનાવી રાખવા વગેરેમાં IQ કરતાં EQ ને મહત્ત્વ અપાયું છે. વર્તમાનમાં કસ્ટમરની જરૂરતો અને તેમની લાગણીને સમજવા માટે EQ અગત્યની ભૂમિકા ભજવે છે, કેમ કે નારાજગી અને ફરિયાદને સંવેદનશીલતા સાથે હેન્ડલ કરવાની હોય છે. એનાથી જ ગ્રાહકો સાથે લાંબા સમય સુધી સંબંધો ટકી રહે છે. એથી ઈમોશનલ ઇન્ટેલિજેન્સવાળી વ્યક્તિના સ્વભાવ તરફ લોકો આકર્ષિત પણ થાય છે.

આજે દરેક ક્ષેત્રમાં AI નું આગમન થઇ ચુક્યું છે. એથી આવા પરિવર્તનથી ઈમોશનલ ઇન્ટેલિજેન્સ વ્યક્તિ સરળતાથી એને અનુકૂળ થઇ જાય છે. સાથે પોતાની સાથે જોડાયેલા લોકોને પણ તે એમાં ઢાળી દે છે.

કોઈપણ ટીમમાં વાદ -વિવાદ થાય એ સામાન્ય બાબત છે. એવામાં EQ ધરાવતી વ્યક્તિ આવા વિવાદને નિર્માણ થવા નથી દેતી. વિવાદ શરૂ થાય એ પહેલાં જ એનો ઉકેલ લાવી દે છે. એનાથી વર્ક કલ્ચર પણ સકારાત્મક બને છે.

IQ લેવેલ ઉચ્ચ હોવાથી સારી નોકરી મળી શકે છે, પરંતુ પ્રમોશન અને કાયમી સફળતા તો ત્યારે મળી શકે જયારે EQ લેવેલ સારો હોય. ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લે, જેવા EQ ટેસ્ટ આજકાલ પસંદગીનું માધ્યમ બની ગયું છે. સાથે જ કંપનીઓ સાઇકોમેટ્રિક ટેસ્ટનો પણ ઉપયોગ કરે છે.

આ બધા કારણોસર મલ્ટિનેશનલ કંપનીઓમાં નોકરી મેળવવી હોય તો ઈમોશનલ ઇન્ટેલિજેન્સની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. ■

# વેપારીના ઘરમાં ૧૨ લાખની લૂંટ: પાંચ આરોપીને છ વર્ષની કેદ

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં કરિયાણાના વેપારીના ઘરમાં દાગીના અને રોકડ સહિત ૧૨ લાખ રૂપિયાની મતાની લૂંટના કેસમાં કોર્ટે પાંચ આરોપીને છ વર્ષની આકરી કેદ ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ એન.કે. કાળેએ બુધવારે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષે આરોપીઓ સામે લૂંટ સહિતના તમામ આરોપ પુરવાર કર્યા છે.

કોર્ટે ૩૧થી ૪૭ વર્ષની વય જૂથના આરોપીઓ છ વર્ષની સજા ઉપરાંત પ્રત્યેકને ૩,૫૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર વિજય મુંડેએ કોર્ટને કહ્યું હતું કે મોઢા પર રૂમાલ બાંધીને આવેલા આરોપીઓ ભિવંડી વિસ્તારના ભાદવડ ખાતે ૨ ઑગસ્ટ, ૨૦૧૮ના રોજ વેપારીના ઘરમાં ઘૂસ્યા હતા. તેમણે વેપારી અને તેના પરિવારજનોને ધમકાવ્યા હતા અને રોકડ અને દાગીના સહિત ૧૨ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી.

પરિવારજનોને બેડરૂમમાં પૂરીને આરોપીઓ બહારથી દરવાજો બંધ કરીને ફરાર થયા હતા, એમ પણ મુંડેએ જણાવ્યું હતું.

જજે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષે આરોપીઓ સામેના તમામ આરોપ પુરવાર કર્યા છે. આ કેસમાં કુલ ૨૩ સાક્ષીદારોને તપાસવામાં આવ્યા હતા. (પીટીઆઇ)■

## પર્યાવરણપૂરક ગણેશોત્સવ:

# બીએમસીએ મૂર્તિકારોને ૮૫૮ ટન શાડુ માટીની સાથે મૂર્તિ બનાવવા માટે જગ્યા આપી મફતમાં

મુંબઈ: ગણેશોત્સવના તહેવારને પર્યાવરણપૂરક બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ મૂર્તિકારોને મફતમાં ૮૫૮ ટન શાડુ માટીનું મફતમાં વિતરણ કર્યું છે. એટલું જ નહીં પણ વહેલા તે પહેલાના ધોરણે મૂર્તિકારોને મૂર્તિ બનાવવા માટે જગ્યા પણ મફતમાં આપી છે.

પાલિકા પ્રશાસને શનિવાર સાંજ સુધીમાં ૪૭૭ મૂર્તિકારોને ૮૫૮ ટન શાડુ માટીનું વિતરણ કર્યું હતું, જે ગયા વર્ષની સરખામણીમાં વધારે છે. ૨૦૨૪ની સાલમાં ૬૦૦ ટન માટીનું તો ૨૦૨૩ની સાલમાં ૪૦૦ ટન માટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૨૭ ઑગસ્ટથી ગણેશોત્સવનો પ્રારંભ થવાનો છે.

પાલિકાના ઝોન બેના ડેપ્યુટી કમિશનર અને ગણેશોત્સવ તહેવાર માટે પાલિકાના કૉર્ડિનેટરના જણાવ્યા મુજબ મૂર્તિકારો પાસેથી ફેબ્રુઆરીથી અરજીઓ આવવાની ચાલુ થઈ હતી અને હજી પણ આવી રહી છે. ગણેશોત્સવને હવે મહિનો બાકી છે, છતાં શાડુ માટી માટે સતત માગણી કરવામાં આવી રહી છે.

મૂર્તિકારોને માટી આપવાની સાથે જ મૂર્તિ બનાવવા માટે પાલિકાએ તાત્પૂરતા શેડ સાથેની જગ્યા પણ મફતમાં આપી રહી છે પણ તે વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવી રહી છે. એટલે કે વૉર્ડ દીઠ બે અથવા ત્રણ મૂર્તિકારોને જગ્યા મફતમાં આપવામાં આવી છે. પાલિકા માટી અને જગ્યાની સાથે જ મૂર્તિ માટે ઈકો-ફ્રેન્ડલી સફેદ કલર પણ મફતમાં આપી રહી છે. ઈકોફ્રેન્ડલી કલર પાણીમાં રહેલા જળચર પ્રજાતિઓ માટે ઝેરી ન હોવો જોઈએ. તેમાં ભારે મેટલ એટલે કે સીસુ, કેડમિયમ, ક્રોમિયમ અને પારો પણ ન હોવો જોઈએ.

ગણેશોત્સવનો તહેવાર પર્યાવરણપૂરક બની રહે તે માટે પાલિકા દ્વારા જનજાગૃતિ પણ લાવવામાં આવી રહી છે ત્યારે બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના અધ્યક્ષ નરેશ દહિબાવકરે કહ્યું હતું કે પર્યાવરણપૂરક ગણેશોત્સવને અમે પણ સમર્થન આપીએ છીએ પણ મુંબઈમાં માટીમાંથી મૂર્તિ બનાવનારા મૂર્તિકારો બહુ ઓછી સંખ્યામાં છે. પ્લાસ્ટર ઓફ પૅરિસની મૂર્તિ સરખામણીમાં માટીની મૂર્તિ પણ વજનદાર હોય છે, તેથી તે સાર્વજનિક ગણેશોત્સવ માટે માટીની મૂર્તિની સ્થાપના કરવી અને તેને ટ્રોલી પર લાવવી અને વિસર્જન માટે લઈ જવું અઘરું સાબિત થવાનું છે.

બોમ્બે હાઈ કોર્ટે જૂનમાં પ્લાસ્ટ ઓફ પૅરિસની મૂર્તિ બનાવવાના અને તેના વેચાણ પર રહેલા પ્રતિબંધને હટાવી દીધો હતો પણ કુદરતી સ્રોતમાં આ મૂર્તિના વિસર્જન માટે મંજૂરી આપી નહોતી. બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ જોકે સાર્વજનિક ગણેશોત્સવ સમિતીના મોટી ગણપતિમૂર્તિના વિસર્જન માટે રાજ્ય સરકારે યોગ્ય પગલા લેવાની માગણી કરી રહ્યું છે. ■

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ બેસાડવા માટે નેશનલ હાઈવે ગંભીર નથી

મુંબઈ: મુંબઈ-અમદાવાદ હાઈવેના વિસ્તારીકરણનું કામ લગભગ પૂરું થવાની તૈયારીમાં છે. નેશનલ હાઈવે પરથી દરરોજ આઠથી દસ હજારો માલવાહક ટ્રકની સાથે વીસ હજારથી વધુ વાહનો પસાર થાય છે. છતાં અહીં અત્યાધુનિક કહેવાતી ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ બેસાડવાને લઈને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ગંભીર ન હોવાનું કહેવામાં આવે છે.

મુંબઈ-અમદાવાદ હઈવે એ મૂળમાં ચેન્નઈ-દિલ્હી નેશનલ હાઈવે ૪૮ છે. મહામુંબઈમાં તે પુણેની દિશાથી આવીને નવી મુંબઈ (થાણે-બેલાપૂર રોડ) થાણેના ઘોડબંદર રોડ માર્ગે ભાયંદર નજીકની વર્સોવા ખાડી પાસેના ફાઉન્ટન હોટલ ચોકથી વસઈ, વિરાર, પાલઘર, ડહાણુ માર્ગે સુરત, અમદાવાદ અને આગળ દિલ્લી તરફ જાય છે. તેથી જ મુંબઈમાં આ હાઈવેને અમદાવાદ હાઈવે બોલવામાં આવે છે.

ફોર લેનના રહેલા આ હાઈવેને છ લેનનો કરવામાં નેશનલ હાઈવે ઓથોરિટીને અનેક વર્ષો નીકળી ગયા છે. આ દરમ્યાન ચોમાસામાં રસ્તાની હાલત અત્યંત દયનીય થઈ ગઈ હતી અને વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા. જોકે હવે મોટાભાગનું કામ પૂરું થઈ ગયું છે. જોકે અત્યાધુનિક ટ્રાફિક સિસ્ટમનો નિર્ણય રખડી પડયો છે.

વિસ્તારીકરણના સમયે આ હાઈવે પર અત્યાધુનિક ટ્રાફિક સિસ્ટમ એટલે કે એડવાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ (એટીએમએસ) બેસાડવાની યોજના હતી પણ તે સંબધનો પ્રોજેક્ટ અહેવાલ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મુખ્યાલયથી મંજૂર થયો નહોતો. પ્રોજેક્ટ આર્થિક રીતે પરવડતો ન હોવાનું કારણ આગળ કરવામાં આવ્યું હતું.

એટીએમએસ એ સેટેલાઈટ આધારિત સિસ્ટમ છે, જે દેશભરમાં હજી સુધી કયાં પણ બેસાડવામાં આવી નથી અને તેને જ મુંબઈ-અમદાવાદ હાઈવે પર બેસાડવાની યોજના હતી. પણ તેની પાછળ ખર્ચો કેટલો અને કેવી રીતે કરવો તે બાબતે કોઈ સ્પષ્ટતા ન હોવાને કારણે પ્રોજેક્ટને મંજૂર મળી ન હોવાનું માનવામાં આવે છે. ■

# સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં નીકળનારા કાદવ પર પ્રક્રિયા કરીને તેના વેચાણથી બીએમસી કમાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના સાત સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અપગ્રેડ કરવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય દરરોજ ૨,૪૬૪ મિલ્યન લિટર સીવેજ (કાદવ) પર પ્રક્રિયા કરવાનો છે. ટ્રીટમેન્ટ પ્રક્રિયાના ભાગરૂપે દરરોજ ૬૦૦ મેટ્રિક ટન સીવેજ નીકળશે, જેના પર આગળ વધુ પ્રક્રિયા કરવામાં આવશે. આ સીવેજનું રૂપાંતર રી-પ્રૉડક્ટમાં કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા કન્સલ્ટન્ટની નિમણૂક કરવાની છે. આ સલાહકાર યોગ્ય ટેક્નોલોજી અને વ્યૂહરચનાની ભલામણ કરશે જેનાથી પાલિકા ઓછા ખર્ચે આવક રળી શકશે.

મુંબઈની પ્રતિદિનની પાણીની માગણી ૪,૪૬૩ મિલ્યન લિટરની છે, જ્યારે પાલિકા માત્ર ૩,૯૫૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડે છે, જેના પરિણાણે ૫૦૦ એમએલડીની અછત સર્જાય છે. શહેરને પીવાનું પાણી પૂરું પાડતા સાતેય જળાશયોમાં પૂરતો પાણીનો સ્ટોક હોવા છતાં પ્રતિદિન ૩૪ ટકા પાણીનું નુકસાન ગળતર અને ચોરીને કારણે થાય છે. તેથી પાલિકાએ આ અછતને પહોંચી વળવા માટે વરલી, ધારાવી, ઘાટકોપર, ભાંડુપ, બાન્દ્રા, વર્સોવા અને મલાડમાં સાથ અત્યાધુનિક સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને અપગ્રેડ કરી રહી છે, જે ગંદા પાણી પર પ્રક્રિયા કરવાની છે. એક વખત તે ચાલુ થઈ જશે પછી સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧,૨૩૨ એમએલડી પાણીનું પ્રક્રિયા બાદ ઉત્પાદન કરશે. જોકે આ પાણી બિન-પીવાલાયક હશે. તેથી મુંબઈના પીવાલાયક પાણી પુરવઠા પરનો ભાર ઓછો થશે.

જોકે સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા દરરોજ નીકળનારા ૬૦૦ મેટ્રિક ટન કાદવને સ્ટોર કરવો અને તેના પરિવહનની સમસ્યા રહેશે. તેને પહોંચી વળવા માટે પાલિકાએ આ કાદવને માર્કેટેબલ બાય-પ્રૉડક્ટ્સમાં રૂપાંતર કરી શકાય કે નહીં અને તેનો ખર્ચ કેટલો થાય વગેરેનો વિગતવાર અભ્યાસ કરવા માટે ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટ નિમવા માટે ટેન્ડર મગાવ્યા છે. મંગળવારે પાલિકાએ બિડ સબમીટ કરવા પહેલી ઓગસ્ટની ડેડલાઈન સુધીનું ટેન્ડર બહાર પાડ્યું હતું.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાલિકા કાદવ પર પ્રક્રિયા કરવા માટે વધારાનું ભંડોળ ખર્ચી શકે એમ નથી. તેથી પાલિકા એક એવી એજન્સીને જોડવાનો પ્રયાસ કરી રહી છે જે કાદવનું ટ્રાન્સપોર્ટેશન તો કરશે અને તેને વેચાણપાત્ર ઉત્પાદોમાં રૂપાંતરિત પણ કરશે અને આવકનો ભાગ પાલિકા સાથે વહેંચી લેશે. આ યોજનાથી પાલિકાનો કેટિલ એક્સપેન્ડિચર, સંગ્રહ, પરિવહન અને જાળવણીનો ખર્ચ બચાવશે. સાથે જ પાલિકા માટે આવકનો એક નવો સ્રોત પણ ઊભો થશે. પાલિકા ફક્ત જમીનનો ટુકડો પૂરો પાડવાની છે. કન્સલ્ટન્ટ આમોડેલની કમર્શિયલ કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરશે. ઘાટકોપર, ભાંડુપ અને વર્સોવા ખાતેના સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૨૦૨૬ સુધીમાં ચાલુ થવાની અપેક્ષા છે. ■

# મહારાષ્ટ્ર સરકાર સીસીટીવી કેમેરાની જાળવણી માટે એક્શન પ્લાન ઘડશે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્યભરમાં સ્થાપિત સીસીટીવી કેમેરાની જાળવણી અને સમારકામ માટે ટૂંક સમયમાં એક એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવશે. કારણ કે યોગ્ય જાળવણીના અભાવે ઘણા કેમેરા બિનકાર્યક્ષમ થઈ ગયા છે.

રાજ્ય વિધાનસભામાં ભાજપના સભ્ય પ્રશાંત ઠાકુરના સવાલના જવાબમાં, ફડણવીસે સ્વીકાર્યું હતું કે ઘણી જગ્યાએ સીસીટીવી કેમેરાના સંચાલનમાં સમસ્યાઓ જોવા મળી રહી છે.

વિધાનસભ્ય ભાસ્કર જાધવે પણ આ બાબતે પૂરક પ્રશ્ન ઉઠાવ્યો હતો.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, 'રાજ્યના વિવિધ ભાગોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, પરંતુ અપૂરતી જાળવણીને કારણે તે ઘણીવાર કામ કરવાનું બંધ કરી દે છે. આ કેમેરા ક્યાં અને કેવી રીતે સ્થાપિત કરવા અને કેવી રીતે તેની જાળવણી કરવી જોઈએ તે નક્કી કરવા માટે ટૂંક સમયમાં એક વ્યાપક એક્શન પ્લાન બનાવવામાં આવશે. તેમના સમારકામ અને જાળવણી માટે એક જ, એકીકૃત એજન્સી જવાબદાર રહેશે.'

તેમણે એમ પણ કહ્યું હતું કે આ પગલા દ્વારા સમગ્ર મહારાષ્ટ્રમાં સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમમાં લાંબા ગાળાની કાર્યક્ષમતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો હેતુ છે.

મુખ્ય પ્રશ્ન રાયગઢ જિલ્લામાં સ્થાપિત સીસીટીવી કેમેરા અંગે હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે જિલ્લામાં ૩૦૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, જેમાંથી ૭૯ કામ કરતા નથી. ■

# સ્વચ્છતા સર્વેક્ષણમાં મુંબઈ દેશભરમાં ૩૩માં નંબરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ ફરી એક વખત તમામ શહેરોના દેશવ્યાપી 'સ્વચ્છતા સર્વેક્ષણ'માં ઉચ્ચ ક્રમ મેળવવામાં નિષ્ફળ ગયું છે. જોકે શહેરની રેન્કિંગમાં થોડો સુધારો થયો છે. ગયા વર્ષે ૩૭ નંબરે રહેલી મુંબઈ આ વર્ષે ૩૩મા નંબરે આવી છે. ગયા વર્ષની સરખામણીમાં ડોર-ટુ-ડોર કચરો ભેગો કરવામાં અને સૂકા અને ભીના કચરાને અલગ કરવામાં પાલિકા આ વર્ષે નિષ્ફળ રહી હતી. વધુમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ પરના કચરાના નિકાલ અને કચરા પર સાયન્ટીફિકલી રીતે પ્રક્રિયા કરવામાં પણ પાછળ રહી હતી તેની અસર સ્વચ્છતા સર્વેક્ષણમાં જણાઈ હતી. પાલિકાએ ૨૦૩૦ની સાલ સુધીમાં મુંબઈને 'શૂન્ય કચરા શહેર' બનાવવા માટેનો લક્ષ્યાંક રાખ્યો છે. જોકે કચરાના વ્યવસ્થાપનના મુખ્ય ક્ષેત્રે પાલિકા ખાસ પ્રગતી કરી શકી નથી, જેમાં સૂકા અને ભીના કચરાને અલગ કરવામાં ૧૦૦ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં પાલિકા નિષ્ફળ રહી છે. ખાસ કરીને હાઉસિંગ સોસાયટીઓમાં કોરોના મહામારી દરમ્યાન કચરા પર પ્રક્રિયા કરવાના એકમો બંધ થઈ ગયા હતા. ઝૂંપડપટ્ટીમાં પણ સ્વચ્છતા જાળવવામાં પાલિકા નિષ્ફળ ગઈ છે. કચરો ઉત્પન્ન કરવા સામે તેના પર પ્રક્રિયા કરવાના રેશિયોમાં થોડો સુધારો થયો છે. ગયા વર્ષે ૪૯ ટકા હતા તે આ વર્ષે ૬૨ ટકા થોય છે. સૂકો અને ભીનો કચરો અલગ કરવાની ટકાવારી પણ ૩૧ ટકા રહી છે અને ડોર-ટૂ-ડોર કલેકશન પણ માત્ર ૪૦ ટકા છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| હાક | દુકાન |
| હાટ | હિંમત |
| હાનિ | બૂમ |
| હામ | મશ્કરી |
| હાંસી | નુકસાન |

## ઓળખાણ પડી?

સૌથી વધુ ઝડપ ધરાવતા દરિયાઈ પ્રાણીની ઓળખાણ પડી? મજબૂત બાંધો ધરાવતું આ પ્રાણી પ્રતિ કલાક ૧૩૨ કિ.મી.ની ઝડપે જઈ શકે છે.



અ) Dolphin બ) Mako Shark ક) Sail Fish ડ) Black Marlin

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભ | ૨ ડ | ૩ વી | ર | | ૪ બ | ૫ ગ | ભ | ૬ ગ | ૭ ત |
| ૮ ગ | મ | તી | | ૯ સ | | મા | | ૧૦ જ | મ |
| ૧૧ ત | ડ | | ૧૨ સ | મ | જ | ણ | | ૧૩ બ | સ |
| | ૧૪ મ | હા | રા | જ | | | ૧૫ અ | | |
| ૧૬ હ | | | ૧૭ ફી | દા | | ૧૮ અ | ભ | ર | ૧૯ ખા |
| ૨૦ સ્વ | ૨૧ રા | ૨૨ જ | | ૨૩ ર | ૨૪ ચો | | રા | | ટ |
| | ૨૫ ત | ણ | ૨૬ ખા | | ૨૭ સ | ૨૮ રા | ઇ | | સ |
| ૨૯ સા | વ | | ૩૦ ક | ૩૧ લ | ર | વ | | ૩૨ દ | વા |
| | ૩૩ ર | ૩૪ જા | | ખ | | | ૩૫ કો | | દિ |
| ૩૬ ફ | ત | ન | દે | વા | ળિ | યો | | ૩૭ હૈ | યા |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | | | | ૯ | |
| | | ૧૦ | | | | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | | | | ૧૪ | | ૧૫ | | |
| | | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | | | | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | | | ૨૫ | | ૨૫/અ | | |
| ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ | |
| | | ૨૯ | | | | | ૩૦ | | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

### આડી ચાવી

૧. કલાકારી કરનાર (૩)
૩. ભોળા માણસોને --- ભટકાઈ જાય (૬)
૭. એક ઉપર પાંચ મીંડાં (૨)
૮. 'ઘૂમવું'નું આજ્ઞાર્થ (૨)
૯. વીતી ગયેલું (૨)
૧૦. બેસવાની જગા, ઢબ, ખાતું (૩)
૧૧. જૈનોનો પવિત્ર મંત્ર (૪)
૧૩. મારફાડ, તોફાન, ધિંગાણું (૪)
૧૫. તમારી વાતમાં---છે. (૨)
૧૬. ગોટાળો, સમસ્યા, ગરબડ (૨)
૧૭. --- ઉકેલવું એટલે કામ પતાવવું (૩)
૨૧. પ્રકાર, પદ્ધતિ, શૈલી (૨)
૨૨. --- ઓઢાડી સન્માન કરો (૨)
૨૩. ધાબળી, નાનું આસન (૩)
૨૫/અ. બી કાઢી લીધેલો કપાસ (૧)
૨૬. ઓછપ (૨)
૨૭. ખોટો આરોપ મૂકનારું (૪)
૨૮. દીકરા (૨)
૨૯. બોજ, વજન, જવાબદારી (૨)
૩૦. કંટાળો આપનાર (૩)
૩૧. સારું શાસન (૪)
૩૨. મહાવિનાશ (૪)

### ઊભી ચાવી

૧. કલાને આકારનાર (૪)
૨. --- પડવું એટલે નિરાંત લાગવી (૨)
૩. જવું તે (૩)
૪. બિલકુલ, છેક, નર્યું (૩)
૫. બગીચાનું જતન (૪)
૬. --- ઘાલવું એટલે પીડા વળગાડવી (૩)
૮. વગર કહે પ્રવેશવું તે (૫)
૧૦. અષાઢ (૩)
૧૨. ચહેરો (૩)
૧૪. કપાળ (૨)
૧૮. માથું અને ધડને જોડતો ભાગ (૨)
૧૯. વરણાગિયો-લહેરી જવાન (૫)
૨૦. કાચા પાકા, અર્ધદગ્ધ (૫)
૨૪. દેખાવ પૂરતું, અવેજી (૨)
૨૫. બખોલમાં બખોલ (૪)
૨૭. --- સરી કે વૈદ વેરી (૩)
૨૮. કામધંધા વગરનો (૩)
૨૯. સૂકાં લાકડાંની ગઠરી (૨)
૩૦. --- રાખવી એટલે આબરૂ જાળવવી (૨)

## ગુજરાત મોરી મોરી રે

'કિમ્બલ રેવન્સવૂડ', 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો' અને 'કલ્પતરુ' જેવી નવલકથાના સર્જકનું નામ જણાવો.

અ) વિઠ્ઠલ પંડ્યા બ) ચંદ્રકાન્ત બક્ષી
ક) મધુ રાય ડ) અશ્વિની ભટ્ટ

## જાણવા જેવું

વેપાર એટલે માલની આપલેનો વ્યવહાર, રોજગાર, ઉદ્યમ. વેપાર દેશમાં અંદરોઅંદર તેમ જ દેશની બહારનો હોય છે. અંદરના વેપારને આંતરિક વેપાર અને બહારના વેપારને બાહ્ય વેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે. બે દેશો વચ્ચેના બાહ્ય વેપારને દ્વિદેશી વેપાર અને ઘણા દેશો સાથેના બાહ્ય વેપારને અનેક દેશી વેપાર કહે છે.

## સુડોકુ-૯૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૬ | ૮ | | | ૩ | ૫ | |
| | | | ૬ | | | ૮ | | ૭ |
| | ૮ | ૯ | | | | | ૬ | ૨ |
| | ૨ | | | ૯ | | ૧ | | |
| ૭ | ૧ | | | ૫ | | | ૮ | ૪ |
| | | ૮ | | ૭ | | | ૨ | |
| ૮ | ૩ | | | | | ૨ | ૧ | |
| ૧ | | ૫ | | | ૨ | | | |
| | ૪ | ૨ | | | ૧ | ૫ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૮ | ૬ | ૧ | ૫ | ૩ | ૪ | ૭ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ | ૫ | ૧ | ૨ |
| ૯ | ૨ | ૭ | ૫ | ૬ | ૩ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૮ | ૩ | ૭ | ૪ | ૧ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૯ | ૮ | ૭ | ૬ | ૩ |
| ૭ | ૧ | ૯ | ૮ | ૫ | ૨ | ૬ | ૩ | ૪ |
| ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૪ | ૨ | ૭ | ૯ |
| ૩ | ૪ | ૨ | ૯ | ૭ | ૬ | ૧ | ૫ | ૮ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપણા દેશનું કયું શહેર ઇન્ફર્મેશન ટેકનોલોજી હબ તરીકે પ્રખ્યાત છે? આ શહેર 'સિલિકોન વેલી ઓફ ઈન્ડિયા' તરીકે ખ્યાતિ ધરાવે છે.

અ) ત્રિવેન્દ્રમ બ) અમૃતસર
ક) પુણે ડ) બેંગ્લોર

## નોંધી રાખો

સવારે ઉગતા સૂરજથી નવા દિવસનો પ્રારંભ થાય છે અને જોયેલા સપનાને હકીકતમાં ફેરવવાની વધુ એક તક ઊભી થાય છે.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૮, ૧૭, ૨૭, ૩૮, ૫૦.... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૫૦ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૨ બ) ૫૯
ક) ૬૩ ડ) ૬૮

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગફલત | બેદરકારી |
| મસલત | વાટાઘાટ |
| બરકત | સમૃદ્ધિ |
| સવલત | સગવડ |
| વસિયત | વારસો |

ગુજરાત મોરી મોરી રે: શૈલેષ દવે

ઓળખાણ પડી: યુએસએ

માઈન્ડ ગેમ: ૫૨૭

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: અલીગઢ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨)ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) હર્ષા મહેતા (૮) ખુશરૂ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) તાહેર ઔરંગાબાદવાલા (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૫) લજિતા ખોના (૧૬) ભારતી પ્રકાશ કટકિયા (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મહેશ દોશી (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) મહેશ સંઘવી (૨૩) નુતન વિપીન શાહ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અરવિંદ કામદાર (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અલકા વાણી (૩૦) ભાવના કર્વે (૩૧) કિશોર સંઘરાજકા (૩૨) મીનળ કાપડિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) ડાયના સંતોકે (૩૫) અંબરીષ ઓઝા (૩૬) પુષ્પા ખોના (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતિન જયંતિલાલ બજરિયા (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) પ્રવીણ વોરા (૪૯) વિણા સંપટ (૫૦) દેવેન્દ્ર સંપટ (૫૧) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૨) જયવંત પદમશી ચિખલ (૫૩) દીપ્તી માતલિયા (૫૪) હરિહર ભટ્ટ (૫૫) કમલ માતલિયા (૫૬) હિમાની શાહ

# નિફટી ૨૫,૦૦૦ની નીચે સરકી ગયો, બૅન્ક શૅરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધતા બેન્ચમાર્કમાં ૫૦૧ પોઇન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એક્સિસ બેન્કના નબળા પરિણામને કારણે બેન્ક શેરોમાં વધેલી વેચવાલીના દબાણ, વિદેશી ફંડોની સતત વધતી વેચવાલી અને વિશ્વબજારના મિશ્ર હવામાન વચ્ચે શેરબજારમાં નરમાઇનો માહોલ રહ્યો હતો. સેન્સેક્સ ૫૦૧.૫૧ પોઇન્ટ અથવા તો ૦૩.૬૧ ટકાના ઘટાડા સાથે ૮૧,૭૫૭.૭૩ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. દિવસ દરમિયાન તે ૬૫૧.૧૧ પોઇન્ટના ઘટાડા સાથે ૮૧,૬૦૮.૧૩ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. એનએસઇનો નિફટી ૧૪૩.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૫૭ ટકાના ઘટાડા સાથે ૨૪,૯૬૮.૪૦ પોઇન્ટની સપાટીએ સ્થિર રહ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં ૫.૨૪ ટકાના કડાકા સાથે એક્સિસ બેન્ક ટોપ લુઝર બન્યો હતો. તેની પાછળ એચડીએફસી બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક અને સ્ટેટ બેન્કના શેરમાં પણ પીછેહઠ જોવા મળી હતી. આને પરિણામે બેન્કેક્સ ઇન્ડેક્સ ૧.૩૩ ટકાના કડાકા સાથે ૬૨,૭૪૧.૬૫ની સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા અન્ય શેરોની યાદીમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, ટાઇટન અને ઇટર્નનલનો સમાવેશ હતો. જોકે, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, આઇસીઆઇસીઆઇ બેન્ક, એચસીએલ ટેક અને ઇન્ફોસિસે સૌથી વધનારા શેરોની યાદીમાં સ્થાન મેળવ્યું હતું.

બજારના વિશ્લેષકોના મતે એક્સિસ બેન્કના પરિણામ અપેક્ષાથી ઊણાં આવ્યા હોવાને કારણે સેન્ટિમેન્ટ ખરડાયું હતું અને બેન્ક શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધ્યું હતું. આઇટી શેરોમાં પહેલેથી નરમાઇ હતી. અમેરિકા સાથેની ટ્રેડ ડીલ ભારત માટે નુકસાનકારક રહેવાની આશંકા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ફરી શરૂ થયેલી વેચવાલી અને કોર્પોરેટ સેકટરના અત્યાર સુધીના ત્રિમાસિક નાણાકીય પરિણામો એકંદરે નબળા રહ્યાં થવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

એક્સિસ બેન્કના નબળા પરિણામને પગલે તેના શેરમાં સાત ટકાનો કડાકો બોલાયો હતો. બેન્કે જૂન ક્વાર્ટરમાં ત્રણ ટકાના ઘટાડા સાથે રૂ. ૬૨૪૩.૭૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વિપ્રોએ પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં વાર્ષિક તુલનાએ ૧૧ ટકાના વધારા સાથે રૂ. ૩૩૩૦ કરોડનો ચોખ્ખો નફો દર્શાવ્યા બાદ તેના શેરમાં સવારે ચારેક ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. વેદાંત ગ્રુપની કંપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડે જૂન ત્રિમાસિક ગાળા માટે ૪.૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૨,૨૩૪ કરોડનો ચોખ્ખો નફો નંધાવ્યો છે. પ્રથમ ક્વાર્ટરના નબળા પરિણામે સીએટના શેર ગબડ્યા હતા.

ભારતની અગ્રણી વ્યાવસાયિક ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપની, ઈકો રિસાયક્લિંગ લિમિટેડે ઈ-વેસ્ટ અને લિથિયમ આયન બેટરી રિસાયક્લિંગની ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરવા સાથે એકંદર ઇ-વેસ્ટ પ્રોસેસિંગ ક્ષમતાઓમાં વધારો કર્યો છે, ઇકોરેકોની કુલ ક્ષમતા હવે ૩૧,૨૦૦ મેટ્રિક ટન પર એનમ (એમટીપીએ) સુધી પહોંચી ગઈ છે. આઇઓબીનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૭૬ ટકા વધીને રૂ. ૧૧૧૧ કરોડ નોંધાયો છે. પશ્ચિમ ભારતમાં પગપેસારો વધારવા માટે ઇન્ડેલ મનીએ મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાં વિસ્તરણ કરવાની યોજના બનાવી છે.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ શરૂ થઇ છે. જીએનજી ઇલેક્ટ્રોનિક્સનો રૂ. ૪૦૦ કરોડનો બુકબિલ્ડિંગ આઇપીઓ ૨૩ જુલાઈના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ જુલાઈએ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ જુલાઈએ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૩૦ જુલાઈએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૨૫થી રૂ. ૨૩૭ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઈઝ ૬૩ શેર છે.

ઇન્ડિક્યુબ સ્પેસિસનો રૂ. ૭૦૦ કરોડનો બુકબિલ્ડિંગ આઇપીઓ ૨૩ જુલાઈના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ જુલાઈના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૮ જુલાઈના રોજ અને શરેનું બીએસઈ, એનએસઈ પર લિસ્ટિંગ ૩૦ જુલાઈના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૨૫થી રૂ. ૨૩૭ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઈઝ ૬૩ શેર છે.

ઇપીસી અને લોજિસ્ટિક સેવા સાથે સંકળાયેલી સેવી ઇન્ફ્રા એન્ડ લોજિસ્ટિક લિમિટેડનો રૂ. ૬૯.૯૮ કરોડનો બુકબિલ્ડિંગ




આઇપીઓ ૨૧ જુલાઈના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૩ જુલાઈના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૪થી રૂ. ૧૨૦ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૧,૨૦૦ છે. શેરની ફાળવણી ૨૪ જુલાઈના રોજ અને એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ ૨૮ જુલાઈના રોજ થશે. આર્સેલર મિતલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયાએ ગુજરાતમાં હઝીરા ખાતે નવી કન્ટીન્યુઅસ ગેલ્વેનાઇઝીંગ લાઇન કાર્યરત કરી છે, જે ઓટોમોટીવ સેકટર માટે સૌથી વધુ મજબૂતી ધરાવતા સ્ટીલનું ઉત્પાદન કરશે. કંપની રૂ. ૬૦,૦૦૦ કરોડની વિસ્તરણ યોજના ધરાવે છે.

રિલાયન્સ રિટેલે કન્ઝ્યુમર ડ્યુરેબલ બ્રાન્ડ કેલ્વિનેટર લગભગ રૂ. ૧૬૦ કરોડમાં હસ્તગત કરી છે. ટાટા ઇલેક્ટ્રિક્લસે જર્મનીની રોબર્ટ બોશ જીએમબીએચ સાથે ઇલેક્ટ્રોનિક્સ, સેમી કન્ટકટર પ્રોડકશન માટે યુતિ કરી છે. જીઓ બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ કંપનીને સેબીની ચાર મ્યુચ્યુઅલ ફંડ જારી કરવાની મંજૂરી મળી છે. આઇટીસી હોટલનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૫૩ ટકા વધીને રૂ. ૧૩૩.૭૧ કરોડ રહ્યો છે. બેન્ક ઓફ મહારાષ્ટ્રનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૨૩ ટકા વધીને રૂ. ૧૫૯૩ કરોડ નોંધાયો હતો. વીવર્ક ઇન્ડિયાને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. આઇપ્રુ એએમસી અને પ્રોપર્ટી શેરે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

આઇટીઆઇ મ્યુચ્યુઅલ ફંડના સીઆઇઓ લૌકિક બાગવેએ જણાવ્યું હતું કે વિવિધ જીઓપોલિટિકલ જોખમોની વચ્ચે ભારતીય શેરબજાર તુલનાત્મક રીતે અડીખમ છે અને ફૂગાવાના દરથી માંડીને આર્થિક વિકાસદર સહિતના ડેટા જોતા કહી શકાય તે ભારતીય અર્થતંત્રની સ્થિતિ ઘણી સારી છે. અત્યારે બજારની સ્થિતિ ઘણી પ્રવાહી છે અને તેમાં મોટા બાઉન્સ બેકની શક્યતા જણાતી નથી, એ જ રીતે મોટા કડાકાની આશંકા પણ નથી. આઇટીઆઇ મ્યુચ્યુઅલ ફંડના સંચાલન હેઠળની અસકયામત (એયુએમ) રૂ. ૧૦,૮૦૦ કરોડ છે.

બજારના સાધનો જણાવ્યું હતું કે, ખાસ કરીને ટેકનોલોજી અને બેંકિંગ ક્ષેત્રમાં પ્રથણ ક્વાર્ટરની કમાણીમાં મંદીના સંકેત મળવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યું હોવાથી ભારતીય ઇક્વિટી બેન્ચમાર્કમાં પીછેહઠ જોવા મળી છે. યુએસ-ભારત વેપાર સોદા અંગેની અનિશ્ચિતતા, લાર્જ કેપ શેરોના ઊંચા મૂલ્યાંકન અને એફઆઇઆઇના આઉટફલોને કારણે બજારના ખેલાડીઓએ મોટા લેણથી અળગા રહેવાનું પસંદ કર્યું હતું. જોકે, કોઈપણ સકારાત્મક પરિબળ બજારના સેન્ટિમેન્ટને તેજીમય બનાવી શકે છે.

અમેરિકન પ્રેસિડેન્ટ જે રીતે ભારત પર ટેરિફ નાંખવાની, ટેરિફ વધારવાની અને અમેરિકાની પ્રોડક્ટને એકસેસ આપવાની વાતો કરે છે, ધમકીઓ આપે છે અને ભારતને દબાવી નાંખ્યું હોય એવા કથનો કરે છે તે જોતાં આગામી સત્રોમાં નરમાઇના ઝોંક સાથે અફડાતફડીનો દોર શરૂ થવાની ધારણાં છે. ટ્રમ્પ ભારત, ઇન્ડિયાને ઇન્ડોનેશિયા સાથે સરખાવી એના જેવી ટ્રેડ ડીલ ઇચ્છે છે, જ્યાં અમેરિકન ઉત્પાદનો માટે શૂન્ય ટેરિફ રેટ છે અને ઇન્ડોનેશિયા પર ૧૯ ટકા અને તેનાથી ઊંચો ટેરિફ વેરો છે.

શેરબજારમાં ગુરુવારના સત્રમાં માર્કેટ કેપમાં રૂ. ૨.૫૪ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. શુક્રવારના સત્રમાં મેટલ, ફોકસ્ડ આઈટી અને સર્વિસીસ ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ, બેન્કેક્સ અને ઈન્ડસ્ટ્રીઅલ્સ ઇન્ડેક્સમાં સૌથી વધારે ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૨,૨૫૯.૨૪ના બંધથી ૫૦૧.૫૧ પોઈન્ટ્સ (૦.૬૧ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૨,૧૯૩.૬૨ ખૂલીને ઊંચામાં ૮૨,૩૩૪.૭૫ સુધી અને નીચામાં ૮,૬૦૮.૧૩ સુધી જઈને અંતે ૮૧,૭૫૭.૭૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૦.૮૭ લાખ કરોડથી ઘટીને રૂ. ૪૫૮.૩૩ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ મેટલ ૦.૪૩ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૦૫ ટકા અને સર્વિસીસ ૦.૨ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે કેપિટલ ગુડ્સ ૧.૫ ટકા, બેન્કેક્સ૧.૩૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯ ટકા, પાવર ૦.૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮૪ ટકા, યુટિલિટીઝ ૦.૭૧ ટકા અને હેલ્થકેર ૦.૬૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સની સાત સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૩ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૪ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૮ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૧ ટકા વધ્યો હતો .

એકસચેન્જમાં ૪,૨૦૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૫૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૯૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૩ સ્ટોક્સને ઉપલી જ્યારે ૯ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં બજાજ ફાઈનાન્સ ૧.૯૪ ટકા, ટાટા સ્ટીલ ૧.૬૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૨ ટકા, એચસીએલ ટેક ૦.૩૨ ટકા, ઈન્ફોસિસ ટેક્નોલોજી ૦.૨૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૨૦ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૧૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે એક્સિસ બેન્ક ૫.૨૪ ટકા, બીઈએલ ૨.૩૪ ટકા, ભારતી એરટેલ ૧.૪૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૪૭ ટકા, કોટક બેન્ક ૧.૪૪ ટેક મહિન્દ્ર ૦.૯૬ ટકા, ઈટર્નલ ૦.૯૨ ટકા, પાવર ગ્રીડ ૦.૮૮ ટકા અને ટ્રેન્ટ ૦.૮૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૧૩.૮૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૮૭ સોદામાં ૧,૩૦૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૫,૬૭,૧૧૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૫૯,૨૫,૭૯૦.૮૧ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં આરંભિક ૧૫ પૈસાનો સુધારો ધોવાઈને ચાર પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં આરંભિક તબક્કામાં ૧૫ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઉછાળો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૬૯૪.૩૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૬.૧૬ના મથાળે બંધ રહ્યો હતો.

બજારના સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૧૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૯૯ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૨૩ અને ઉપરમાં ૮૫.૯૭ની રેન્જમાં અથડાઈને અંતે ચાર પૈસા ઘટીને ૮૬.૧૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૨૦ પૈસાનું ધોવાણ થયું હતું. આજે એકંદરે બજારમાં વિદેશી રોકાણકારોની ડૉલરમાં વેચવાલી રહી હતી, પરંતુ ગબડતા રૂપિયાને અટકાવવા માટે રિઝર્વ બૅન્કની વેચવાલી નીકળે તે પૂર્વે આયાતકારોની ભારે માત્રામાં ડૉલરમાં લેવાલી નીકળી હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે જ્યાં સુધી અમેરિકા સાથે ટ્રેડ ડીલને અંતિમ ઑપ આપવામાં નહીં આવે ત્યાં સુધી રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળશે અને જો ડીલ ન થઈ તો રૂપિયો ૮૭ સુધી ઘટે તેવી શક્યતા પણ નકારી ન શકાય. તેમ જ આગામી સોમવારે રૂપિયાની રેન્જ ૮૫.૯૦થી ૮૬.૪૦ની જોવા મળી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૭ ટકા વધીને બેરલદીઠ ૭૦.૩૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૦૧.૫૧ પૉઈન્ટનો અને ૧૪૩.૦૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૩૬ ટકા ઘટીને ૯૮.૩૮ આસપાસ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

## વિશ્વ બજાર પાછળ શુદ્ધ સોનું ₹ ૭૯૦ ઉછળીને ફરી ₹ ૯૮,૦૦૦ની પાર, ચાંદીમાં ₹ ૧૭૦૦ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને ભૂરાજકીય ચિંતા સપાટી પર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદામાં અને ચાંદીમાં તેજીનું વલણ રહ્યું હોવાના નિર્દેશ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮૭થી ૭૯૦નો ચમકારો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ ફરી ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ આજે ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૧૭૦૦ની તેજી આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નીકળેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૦૦ના ઉછાળા સાથે રૂ. ૧,૧૨,૭૦૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ડૉલર સામે રૂપિયો નબળો પડતાં આયાત પડતર વધી આવતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.



૭૮૭ વધીને રૂ. ૯૭,૮૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯૦ વધીને રૂ. ૯૮,૨૪૩ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની રાબેતા મુજબ માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા નરમાઈના વલણ ઉપરાંત યુક્રેન પર કરવામાં આવી રહેલા હુમલાઓને ધ્યાનમાં લેતા રશિયા પર લાદવામાં આવેલાં નિયંત્રણો અંગેના ૧૮માં પૅકેજને યુરોપિયન યુનિયને મંજૂર કર્યા હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં સોના-ચાંદી સહિત કિંમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટેની લેવાલી નીકળતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૫૦.૮૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩૫૬.૭૦ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકાના વધીને ઔંસદીઠ ૩૮.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં જોવા મળેલા અમેરિકાના આર્થિક ડેટાઓ અર્થતંત્રને ટેકો આપે તેવા રહ્યા છે. તેમ છતાં પરિસ્થિતિ એટલી સાનુકૂળ નથી કે ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અખત્યાર કરે, એમ ઓએએનડીએના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે ગત જૂન મહિનામાં અમેરિકાના રિટેલ વેચાણમાં ૦.૬ ટકા વૃદ્ધિ જોવા મળી હતી.

જ્યારે આગલા મે મહિનામાં ૦.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં ગત ૧૨મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે અમેરિકામાં બેરોજગારી ભથ્થું મેળવનારાની અરજીની સંખ્યામાં પણ અપેક્ષા કરતાં વધુ ૭૦૦૦ના ઘટાડા સાથે ૨.૨૧ લાખના સ્તરે રહી હતી. જોકે, રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં બેરોજગારોની સંખ્યા ૨.૩૫ લાખના સ્તરે રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.

આમ એકંદરે અમેરિકાના આર્થિક ડેટામાં જોવા મળી રહેલી સ્થિરતા ફેડરલ રિઝર્વને વ્યાજદર જાળવી રાખવા માટે ટેકો આપી રહી હોવાનું બીએમઆઈનાં વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ફેડરલ રિઝર્વ આ વર્ષના અંત આસપાસ વ્યાજદરમાં કપાત કરશે અને ત્યાર બાદ સોનામાં તેજીનું વલણ જોવા મળશે. જોકે, હાલના તબક્કે રોકાણકારોની નજર અમેરિકાની તેના વેપારી ભાગીદાર દેશો સાથેની ટ્રેડ ડીલની વાટાઘાટો પર સ્થિરિ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## આયાતી-દેશી તેલમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૪૦ સેન્ટનો ઉછાળો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૦૬ રિંગિટની તેજી આવી હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આયાતી તેલમાં અને મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે દેશી તેલમાં આગેકૂચ જળવાઈ રહી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમા ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૨૫, આરબીડી પામોલિન, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે બજારમાં તેજીનું વલણ રહ્યું હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો ગોઠવાયાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦થી ૧૨૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦થી ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૫થી ૧૪૨૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦થી ૧૨૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫થી ૧૨૩૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫ તથા રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૩૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટ મથકે ૨૨૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ ૧૦૦૦થી ૧૧૭૫માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૬૩૫ના મથાળે રહ્યા હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦ની પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં વેચવાલીનું વધુ દબાણ, રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૩૨માં થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર માગને ટેકે ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## ટીન અને કોપર વાયરબારની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓમાં બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫નો અને રૂ. ૧૩નો સુધારો આવ્યો હતો. તેમ જ કોપર વાયરબાર તથા ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી છ સુધીનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં પાંખાં કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળી હતી. તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગનો ટેકો મળતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૨૯૦૬, રૂ. ૧૩ વધીને રૂ. ૯૦૬ અને રૂ. છ વધીને રૂ. ૧૩૨૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૨૬૩ અને રૂ. ૬૦૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૪૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૫૫, રૂ. ૨૫૫ અને રૂ. ૧૮૪ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૩૩, રૂ. ૮૨૧ અને રૂ. ૭૫૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


રાજકોટ જિલ્લાનાં જળાશયોમાં નવા નીરની આવક શરૂ થઈ છે, જિલ્લાના ૨૭ ડેમોમાં ૫૩.૯૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીધામને રાષ્ટ્રીય સ્તરે ૨૧૪મું, રાજ્ય સ્તરે ૯૯મુ સ્થાન મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: 'સ્વચ્છ ભારત' મિશન હેઠળ ભારતના શહેરોને સાફ-સુથરું રાખવા પાછળ થઇ રહેલા કરોડો રૂપિયાના ખર્ચ વચ્ચે વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા તજેતરમાં પૂર્ણ થયેલા સ્વચ્છતા સર્વેક્ષણના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં સરહદી કચ્છના ઔદ્યોગિક પાટનગર અને તાજેતરમાં મહાનગરપાલિકા બનેલા ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરોને સાફ-સુથરું રાખવામાં વહીવટી તંત્ર સદંતર ઊણું ઊતર્યું છે. સફાઈના નામે દર મહિને એક કરોડથી વધુ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે, છતાં સ્વચ્છતામાં રાષ્ટ્રીય કક્ષાએ આ પંચરંગી શહેરનો ૮૨૦માંથી ૨૧૪મો અને ગુજરાતમાં છેક ૯૯મો ક્રમ આવ્યો હતો, જે અત્યંત શરમજનક કહી શકાય.

આ સ્વચ્છતા સર્વેક્ષણમાં ૫૦ હજારથી લઈને ૩ લાખની વસ્તીમાં કચ્છના ગાંધીધામનો દેશમાં ૨૧૪મો અને રાજ્યમાં ૯૯મો ક્રમ આવ્યો છે, જેમાં ડોર-ટુ-ડોર કચરા એકત્રીકરણ, સૂકો-ભીનો કચરો, વેસ્ટ પ્રોસાસિંગ એટલે કે કચરાનું ખાતર બનાવવાની પ્રક્રિયા સહિતની બાબતોને આવરી લેવામાં આવી છે. આ સ્વચ્છ સર્વેક્ષણમાં ગાંધીધામને એક પણ સ્ટાર મળ્યો ન હતું, પરંતુ મહાનગરપાલિકાના જવાબદારો ગત સર્વેક્ષણ કરતાં સ્થિતિમાં સુધારો આવ્યો હોવાનો દાવો કરી રહ્યા છે, પરંતુ જમીન ઉપર આ દાવો સદંતર પોકળ સાબિત થઈ રહ્યો હોવાના આક્ષેપો અહીંના નગરજનો કરી રહ્યા છે. નગરપાલિકા દર વખતે સફાઈ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, તેમ છતાં સ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. મહાનગરપાલિકાના સમયગાળામાં આવું ન થાય તે માટે ૧૭ કરોડના ખર્ચે બે ઝોનમાં સફાઈની કામગીરીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. હવે ખરેખર ધરાતલ ઉપર સફાઈ કામગીરી થાય તો જ સ્વચ્છ ભારત મિશનનું વિઝન સાર્થક થઈ શકે તેમ છે. ■

# ભાવનગર શહેરો સ્વચ્છતા સર્વેક્ષણમાં રાજ્યમાં ચોથા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સ્વચ્છતા સર્વેક્ષણના નેશનલ રેન્કિંગમાં ભાવનગરે જમ્પ લગાવી નેશનલ લેવલે ૧૪મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. અને રાજ્ય કક્ષાએ ચોથું સ્થાન મેળવ્યું છે. આ વખતે જાહેર કરવામાં આવેલ સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાવનગરે જૂનાગઢ-જામનગરને પછાડી ચોથો નંબર મેળવ્યો હતો.

ભારત સરકાર દ્વારા આયોજિત સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪નું પરિણામ દિલ્હી ખાતે જાહેર થયું અને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. ભાવનગર કોર્પોરેશન દ્વારા સ્વચ્છ સર્વેક્ષણમાં ભાવનગરનો ક્રમાંક આગળ લાવવા માટે ટેમ્પલ બેલ, સ્વીપર મશીન, રાત્રિ સફાઈ, નદીનાળાની સફાઈ, જાહેર શૌચાલય સ્વચ્છ રહે તે તમામ પ્રકારની કામગીરી માટે કરોડો રૂપિયા દર વર્ષે ખર્ચ કરતા હતા. તેમ છતાં ભાવનગર કોર્પોરેશનને ગત વર્ષે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩ માં વસ્તી મુજબની કેટેગરીમાં નેશનલ રેન્કિંગમાં ૧૩૭મો અને રાજ્ય કક્ષાએ ૯મો ક્રમ આવ્યો હતો. જે અગાઉના વર્ષો કરતા ખૂબ જ નબળું પરિણામ હતું. તેમજ ગાર્બેજ ફ્રી સીટી રેટિંગમાં પણ કોઈ સ્ટાર રેટિંગ જ મળ્યું ન હતું. અત્યાર સુધીમાં ગાર્બેજ ફ્રી સીટી રેટિંગમાં વર્ષ ૨૦૨૨ માં સૌથી વધુ એક સ્ટાર રેટિંગ મળ્યું હતું. અને ૨૦૨૧માં સ્વચ્છ સર્વેક્ષણમાં વધુમાં વધુ ૧૯મો નેશનલ રેન્ક મળ્યો હતો.

પરંતુ આશ્ચર્ય સાથે આ વર્ષે ભાવનગર કોર્પોરેશને માન્યમાં ન આવે તેટલો સ્વચ્છ સર્વેક્ષણમાં કૂદકો માર્યો છે. ત્રણથી દસ લાખની વસ્તીની કેટેગરીમાં અમદાવાદ, રાજકોટ અને વડોદરા બાદ ગુજરાત રાજ્ય કક્ષાએ ભાવનગરે ચોથો રેન્ક મેળવ્યો છે. અને નેશનલ લેવલે ૧૪ મો રેન્ક પ્રાપ્ત થવા સાથે ગાર્બેજ ફ્રી સિટી રેટિંગમાં જે ગત વર્ષે ૦ રેટિંગ હતું તે ત્રણ સ્ટાર રેટિંગ મેળવ્યું છે.

તદુપરાંત ભાવનગર કોર્પોરેશને આ વર્ષે ઓડીએફ સર્ટિફિકેટ અંતર્ગત મહત્તમ મળવાપાત્ર વોટર પ્લસ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું હતું. જે અત્યાર સુધીના તમામ સ્વચ્છ સર્વેક્ષણોમાં ભાવનગર કોર્પોરેશને મેળવેલા સર્ટિફિકેટમાં સૌથી ઊંચું સર્ટિફિકેટ છે. ■

# ભચાઉમાં ઝારખંડના યુવકની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં યુપી-બિહારની જેમ ગેંગવોર, હુમલા, સરાજાહેર હત્યા જેવા બનાવો રોજબરોજ બનવા એ એક આમ બાબત બની ચુકી છે તેવામાં ભચાઉ મધ્યે બાથરૂમના દરવાજાને જાણી જોઈને ખુલ્લો રાખીને શૌચ ક્રિયા કરવા મુદ્દે ઉશ્કેરાયેલા બે સહોદરોએ માથાં પર ધોકા ફટકારી દેતાં ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમ્યાન મોત થતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો.

બનાવ સંદર્ભે ઝારખંડના ચંદન રામજી ચૌધરીએ પોલીસને જણાવ્યું હતું કે, તેનો મોટો ભાઈ પપ્પુ ચૌધરી ઝારખંડથી મજૂરીકામ કરવા ગત ૨૬મી જૂનના રોજ ભચાઉ ખાતે અસલમ કુંભાર પાસે આવ્યો હતો. અસલમે તેને કામે રાખેલો અને રહેવા માટે વાદીનગરમાં ઓરડીની વ્યવસ્થા કરી આપી હતી. ગત ૮મી જૂલાઈની રાત્રે પપ્પુ બાથરૂમનો દરવાજો ખુલ્લો રાખીને શૌચક્રિયા કરતો હોઈ બાજુમાં રહેતા હિતેશ પર્વતસિંહ બારીયા અને તેના ભાઈ રાકેશે પપ્પુ જોડે ઝઘડો કરીને તેને ધોકાથી ઢોરમાર માર્યો હતો.

આ હુમલામાં પપ્પુ, વિકાસ અને હિતેશ બારીયાને ઈજાઓ થતાં તેમને સરકારી હોસ્પિટલ બાદ ગાંધીધામની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પપ્પુ રામજી ચૌધરીની તબિયત વધારે લથડતાં તેને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. અહીં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ પોલીસે બંને હત્યારા ભાઈઓ સામે હત્યાની કલમો તળે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. ■

# ૧૩ વર્ષની બાળાને ઊંઘની ગોળીઓ ખવડાવી દુષ્કર્મનો પ્રયાસ કરનાર 'કાકા'ને ૧૦ વર્ષની સખ્ત કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પોતાના સગા નાના ભાઈની ૧૩ વર્ષની બાળાને ઊંઘની ગોળીઓ ખવડાવી, દુષ્કર્મ આચરવાનો હીન પ્રયાસ કરવાના ચકચારી ગુનામાં ભુજની સેશન્સ કોર્ટે શેરખાન મામદ નોતિયાર (રહે. ભુજ)ને ૧૦ વર્ષની સખ્ત કેદ સાથે ૨૮૦૦૦ના દંડની સજા ફટકારી હતી.

આજના આધુનિક સમાજ માટે શરમજનક એવો આ બનાવ ગત ૦૫-૦૮-૨૦૨૪ના રોજ બનવા પામ્યો હતો. ભોગ બનનારી બાળકી અને તેનો ભાઈ પિતા, દાદી અને મોટા બાપુ એટલે કે કાકા સાથે રહેતા હતા. છૂટાછેડા લઇ લીધેલી તેણીની માતા બે નાની બહેનો સાથે ભુજમાં બીજા પુરુષ જોડે ઘર માંડેલું છે.

એકવાર બાળાને તાવ સાથે માથામાં દુખાવો થતો હોઈ, આરોપી મોટા બાપુએ તેને ચાર ગોળીઓ આપી, એકસાથે ગળી લેવા જણાવ્યું હતું. તેની વાત પર વિશ્વાસ રાખીને દવાની ગોળીઓ ગળી લીધા બાદ, ભોગ બનનારી બાળાને ઘેન ચડવા લાગ્યું હતું.

અર્ધ બેભાન જેવી હાલતમાં રહેલી બાળાને 'તારી મમ્મીના ઘેર મુકી આવું' એમ કહીને બાળાને પોતાના છકડામાં બેસાડીને બહાર નીકળી ગયો હતો. ત્યારબાદ બાવળની ઝાડીઓમાં લઇ, તેણીને નિર્વસ્ત્ર કરવાનું શરૂ કરી દેતાં ફફડી ગયેલી બાળાએ તેનો પ્રતિકાર કરતાં ગભરાઈ ગયેલા મોટા બાપુએ તેને ફરી છકડામાં બેસાડી, મમ્મીના ઘર બહાર ઉતારીને પરત ચાલ્યો ગયો હતો. અર્ધ બેભાન પુત્રીને ત્વરિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર મેળવીને સ્વસ્થ થયેલી બાળકીએ સમગ્ર હકીકત જણાવતાં વાલીએ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં તપાસના અંતે અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસ સ્પેશિયલ કોર્ટમાં ચાલી જતાં ૧૦ દસ્તાવેજી પુરાવા, છ સાક્ષી તપાસીને ૩૫ વર્ષના આરોપીને જુદી જુદી કલમોમાં જજ જે. એ ઠક્કરે તકસીરવાન ઠેરવીને ૧૦ વર્ષની સખત કેદ તથા ૨૮ હજારનો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે, તો વધુ કેદનો હુકમ કર્યો છે. આ ઉપરાંત ભોગ બનનારને રૂા. ૫,૨૫,૦૦૦નું વળતર ચૂકવવા માટે ડી.એલ.એસ.એ.ને ભલામણ કરવા તેમ જ ભોગ બનનારને જીવન તથા શિક્ષણ સારી રીતે પુનઃ સ્થાપિત થાય તે માટેની કાળજી સી.ડબલ્યુ.સી. તથા ડી.સી.પી.યુ. લે તેવો હુકમ કર્યો હતો. ■

# અંજારમાં સોસાયટીના ચોકીદારની કરપીણ હત્યા પ્રકરણે બે તસ્કરોને આઠ વર્ષની સખ્ત કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર શહેર મધ્યે આવેલા એક રહેણાંક વિસ્તારમાં ઘુસેલા તસ્કરો દ્વારા એક ઘરમાં ચોરી કરી, ચોકીદાર ઉપર છરી વડે હુમલો કરી કરપીણ હત્યા નિપજાવી દેવાના જે-તે સમયે ચકચારી બનેલા પ્રકરણમાં બે આરોપીઓને આઠ વર્ષના કારાવાસની સજાનો ચુકાદો અત્રેની નામદાર અદાલત દ્વારા આપવામાં આવ્યો હતો.

આ કેસની વિગતો મુજબ, અંજાર તાલુકા પંચાયત કચેરી નજીક આવેલી ગોલ્ડન સેન્ડ સોસાયટીમાં ગત ૧૩-૮-૨૦૧૯ના રોજ આ ઘટના ઘટી હતી. અહીં ચોકીદારી કરતા ખોડા લાખા રબારી હાજર હતા એ દરમ્યાન, આરોપી રમેશ દામજી ઉર્ફે દેવજી મહેશ્વરી અને નાનજી ઉર્ફે નાનતો ઉર્ફે નાનકો બાબુ કોળીએ એક ઘરમાં ચોરીને અંજામ આપીને ભાગવાની ફિરાકમાં હતા. તેમને જોઈ ગયેલા ચોકીદારે પડકારતાં બંને જણે ખોડા રબારી પર છરી વડે જીવલેણ હુમલો કરી દેતાં ગંભીર રીતે ઘાયલ ચોકીદારનું બનાવસ્થળે જ મોત થયું હતું.

હત્યાની ઘટના સંદર્ભે ગત તા.૧૪-૮-૨૦૧૯ના રોજ પુષ્કર બાબુ પટેલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી, અને ગણતરીના કલાકોમાં પોલીસે બંને હત્યારાઓને ઝડપી લીધા હતા. અંજારની અધિક ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં આ કેસ ચાલી ગયો હતો જ્યાં ફરિયાદ પક્ષ દ્વારા ૨૭ સાહેદ અને ૩૦ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં બંને પક્ષની દલીલો સાંભળી, આધાર-પુરાવા, સાહેદો ચકાસી ન્યાયાધીશ કે. કે.શુક્લએ બંનેને તક્સીરવાન ઠેરવ્યા હતા. આ સમગ્ર કેસ અંડર ટ્રાયલ ચાલ્યો હતો. આરોપીઓને જુદી જુદી કલમો તળે આઠ વર્ષની સાદી કેદની સજા અને જુદી જુદી કલમો તળે કુલ રૂા.૫૨,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો અને દંડની રકમ ન ભરે, તો વધુ કેદનો આદેશ કરાયો હતો. ■

# ભાવનગરમાં હિટ એન્ડ રન મામલે કારચાલક પોલીસ પુત્રની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના કાળિયાબીડમાં શક્તિમાના મંદિર પાસે બેકાબુ કારે પાંચ લોકોને અડફેટે લીધાં હતા. આ બનાવમાં બે લોકોના મોત નિપજ્યા હતા. હિટ એન્ડ રનના આ બનાવ અંગે પોલીસે આરોપી પોલીસ પુત્રની અટકાયત કરી હતી.

હિટ એન્ડ રનના આ બનાવની વિગત એવી છે કે ભાવનગર શહેરના કાળિયાબીડમાં શક્તિમાના મંદિર પાસે ગઈ કાલે સાંજે બેકાબુ થયેલી જીજે-૧૪-એપી-૯૬૧૪ નંબરની કારે કુલ પાંચ લોકોને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં ભાર્ગવભાઈ ભરતભાઈ ભટ્ટી (ઉં.વ.૩૩, રહે.અક્ષરપાર્ક,કાળિયાબીડ) અને ચંપાબેન પરશોત્તમભાઈ વાસાણી (ઉં.વ.૬૫, રહે.કાળિયાબીડ)ને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે સર ટી.હોસ્પિટલ ખાતે ખસેડયાં હતાં. જ્યાં સારવાર દરમિયાન બંનેનું મોત નિપજ્યું હતું.

જ્યારે અન્ય ત્રણ લોકોને ઈજાઓ પહોંચી હતી. જેમને સર ટી. અને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવથી હાજર રહેલા લોકોમાં નાસ ભાગ સાથે ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

આ બનાવમાં કાર ચલાવનાર હર્ષરાજસિંહ અનિરુદ્ધસિંહ ગોહિલ ઉં.વ.૨૦ ની પોલીસે અટકાયત કરી છે.

જે ભાવનગર એલસીબી પોલીસમાં ફરજ બજાવતા અનિરુદ્ધસિંહ વજુભા ગોહિલનો પુત્ર હોવાનું જાણવા મળેલ છે. પોલીસે તેના વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરના ભૂતેશ્વર ગામે નોનવેજ હોટલ ચલાવતા યુવાનનું ખૂન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં ઘોઘા તાબેના ભૂતેશ્વર ગામે યુવાનની કરપીણ હત્યા નો બનાવ બનવા પામ્યો હતો. ખૂનના આ બનાવની પ્રાપ્ત થતી માહિતી ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ભૂતેશ્વર ગામે બિચ્છુ નામની નોનવેજની હોટેલ ધરાવતા યુવાન પિયુષ મંગાભાઈ કંટારીયા ઉં.વ.૩૪ પર બે શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો.

લોહીયાર હાલતે ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલ યુવાનને ૧૦૮ મારફતે ઘોઘા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયો હતો જ્યાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.

હત્યાનો બનાવ બનતા ડીવાયએસપી, એલસીબી, એસઓજી અને ઘોઘા પોલીસ સહિતનો મસમોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતક યુવાનની લાશને પી.એમ. માટે ખસેડી પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગે મૃતકની પુત્રી પરિતાબેન પિયુષભાઈ કંટારીયાએ સુનિલ ઘેલાભાઈ કંટારીયા અને હાર્દિક બટુકભાઈ કંટારીયા નામના બે શખ્સો વિરુદ્ધ પોતાના પિતાની હત્યા કરવા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આરોપીઓ તેની હોટલમાં જમવા આવ્યા હતા ત્યારે ઝઘડો થતાં તેની દાઝ રાખી હુમલો કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલવા પામ્યું હતું. ■

# ભાવનગરમાંથી પાંચ શખસોની તસ્કર ટોળકી ઝડપાઈ, સાત ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની એલસીબી પોલીસે રૂ.૧.૩૨ લાખ મુદ્દામાલ સાથે પાંચ શખસોની તસ્કર ટોળકીને ઝડપી લીધી હતી અને સાત ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચના સ્ટાફે બાતમીને આધારે શહેરના ભરતનગર રીંગ રોડ પાસે આવેલ નાયરા પેટ્રોલ પંપવાળા ખાંચામાં આવેલ સોમ પાર્ક સોસાયટી પછી આવેલ વાડીની જાહેર જગ્યામાં બાવળની કાંટ નીચે પાંચ શખસોને ઝડપી લીધા હતા.


(તસવીર - વિપુલ હિરાણી, ભાવનગર)

આ શખ્સોની પૂછપરછ દરમિયાન તેઓ એ છેલ્લા ત્રણેક વર્ષના સમયગાળા સાત ઘર ફોડ ચોરી કરી હોવાનો ખુલવા પામ્યું હતું. જેમાં શિહોરના નેસડા-ઘાંઘળી રોડ ઉપર આવેલ ફેકટરી (શાંતી કાસ્ટીંગ, જયરાજ કેમીકલ) તથા સ્કૂલમાં (રાજહંસ), શિહોર ગામમાં ભાવનગર-રાજકોટ હાઇવે ઉપર આવેલ એક દુકાન (સમીર પ્રોવિઝન સ્ટોર), ભાવનગર, કોળીયાક ગામમાં રોડ ઉપર આવેલી જય કટલેરીની દુકાન , સીદસર ગામ પાસે આવેલ એક મોટી કોલેજ (જ્ઞાનમંજરી કોલેજ), સીદસર ગામ પાસે આવેલ મોટી કોલેજમાં ચોરી કરેલ તેની સામેના ભાગે આવેલ એક મોટી નિશાળમાં (નૈમીષારણ્ય) , સીદસર, હિલપાર્ક ચોકડી પાસે આવેલ એક મોટી સ્કુલમાં (ઓજ સ્કુલ), ભાવનગર-અમદાવાદ હાઇ-વે ઉપર માઢીયા ગામ પાસે આવેલ બે કારખાનામાં (નીક એન્ટરપ્રાઇઝ, ખુશ્બુ મેટાલીક), ભાવનગર, સીદસર રોડ, ટોપ થ્રી પાછળ, ડી માર્ટવાળા રોડ ઉપર નજીકમાં એક આવેલ ચંદ્રપ્રકાશ સોસાયટી માં બંધ મકાનમાં તથા નજીકમાં આવેલ એક કન્યા છાત્રાલાય (આહીર કન્યા છાત્રાલય)માં તથા કાળીયાબીડ વિસ્તારમાં બોરતળાવના કાંઠે આવેલ એક સ્કૂલ (સરદાર પટેલ સ્કૂલ)માં રાત્રીના સમયે ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. ■

# જૂનાગઢના ઝાંઝરડામાં ખેડૂતો ટીપી સ્કીમનો વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના ઝાંઝરડા વિસ્તારમાં ટીપી નંબર ૭ સ્કીમ અંગે યોજાયેલી ઓનર્સ મીટિંગમાં ખેડૂતોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. મીટિંગનું સ્થળ ૮-૯ કિલોમીટર દૂર રાખવામાં આવતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો. મહેર સમાજમાં યોજાયેલી આ મીટિંગમાં ૧૫૦થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે, તેમની માગણી હતી કે મીટિંગ ટીપી વિસ્તારની નજીક રાખવામાં આવે, જેથી અધિકારીઓ સાથે સીધો સંવાદ થઈ શકે.

લેખિત રજૂઆત છતાં આ માગણી સ્વીકારવામાં આવી નથી. ભારતીય કિસાન સંઘના સૂત્રોએ જણાવ્યું કે, મીટિંગમાં અવાજ પૂરતો સંભળાતો ન હોવાથી ખેડૂતોના પ્રશ્નો યોગ્ય રીતે રજૂ થઈ શક્યા નથી. તેમણે મીટિંગ રદ કરવાની માગણી કરી હતી. જુડાના સૂત્રોએ જણાવ્યું કે,, મીટિંગ રદ કરી શકાય નહીં. તેમણે જણાવ્યું કે, ગુજરાત સરકાર ૨૦૨૫ને શહેર વિકાસ વર્ષ તરીકે ઉજવી રહી છે. જાન્યુઆરી ૨૦૨૫માં જાહેર કરાયેલી આ ટીપી સ્કીમ અંતર્ગત ખેડૂતોને સ્કીમની પ્રક્રિયા સમજાવવામાં આવી રહી છે. ખેડૂતોને તેમના પ્રશ્નો અને રજૂઆતો માટે ૩૦ દિવસની મુદત આપી છે. ■

# અમરેલીમાં બૅંકમાં નોકરી કરતી યુવતીએ ૨૮ લાખની લોન ન ભરી શકતાં આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલીના ખાંભામાં દેવું થઈ જતાં યુવતીએ દવાની ટીકડીઓ ખાઈને આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી હતી. યુવતીએ આત્મહત્યા પહેલાં પોતાનાં માતા-પિતાને સંબોધીને સ્યૂસાઇડ નોટ લખી હતી.

જેમાં તેણે પોતાના પર ૨૮ લાખનું દેવું થઇ ગયું હોવાનું જણાવ્યું હતું. હાલ પોલીસે સ્યૂસાઇડ નોટના આધારે આગળની તપાસ હાથ ધરી હતી.

ઘટના અંગે મળતી માહિતી મુજબ ખાંભા તાલુકાના ભાડ ગામની ૨૫ વર્ષીય ભૂમિકા હરેશભાઇ સોરઠિયા ખાંભામાં ખાનગી ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરતી હતી. તેણે ઓફિસમાં જ અનાજમાં નાખવાની દવાની ટીકડીઓ ખાઇ લીધી હતી. તેની તબિયત લથડતાં પ્રથમ ખાંભા અને બાદમાં રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

યુવતીએ સ્યુસાઈડ નોટમાં લખ્યું કે, મમ્મી-પાપા, હું સ્યૂસાઇડ કરું છું. મને તમારાથી કોઈ વાંધો નથી. મારા પર ૨૮ લાખ રૂપિયાનું દેવું થયું છે, એટલે હું કરું છું... આ દેવું સહન નથી થતું, એટલે આ પગલું ભરું છું. હું બસ તમારા માટે એક સારી જિંદગીનું પ્લાનિંગ કરતી હતી, પણ બધું ઊંધું થઇ ગયું, મારા પર દેવું થઇ ગયું છે. મને માફ કરી દેજો, મારા લીધે તમે હેરાન થશો. મમ્મી... મારી છેલ્લી ઇચ્છા છે કે મારી બોડી ઘરે આવે ત્યારે એકવાર મને ગળે લગાડી લેજો. પોલીસે સ્યૂસાઈડ નોટના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અમરેલી ગૌચરમાં ખડકેલી પવનચક્કી હટાવવા ટીમ પહોંચતા વીજપુરવઠો ચાલુ કરી દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બાબરા તાલુકાના સૂકવડા ગામે ગ્રામ પંચાયતની મંજૂરી વગર ગૌચર જમીનમાં વીજ પોલ ખડકી દેતાં પંચાયતે હટાવી લેવા નોટિસો આપી હતી. આમ છતાં કંપનીએ અદાલતનો આશરો લઈ પોતાનું સ્ટેન્ડ યથાવત રાખવા પ્રયાસ કર્યો હતો. આ વિવાદ મુદ્દે નીચલી અને સેસન્સ કોર્ટે દબાણને અયોગ્ય ઠરાવતા પંચાયત સતાવાળાઓ પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશન કરવા જતાં કંપનીએ લાઈનમાં વીજ પ્રવાહ ચાલુ કરી દેતાં ડિમોલિશન અટકી પડયું હતું.

સુકવડા ગ્રામ પંચાયત તરફે રોકાયેલા વકીલ દ્વારા જણાવ્યા મુજબ સમર્થ વિંડ પાર્ક પ્રા.લી નામક પવનચક્કી કંપની દ્વારા બાબરા તાલુકાના સુકવળા ગામની ગૌચર જમીન સર્વે નંબર ૨૧૦ પૈકીમાં વીજ પોલ ઊભા કરી અને દબાણ કરેલું ગ્રામપંચાયત કચેરીના ધ્યાને આવેલ હતું જેથી વિધિવત નોટીસો બાદ મામલો બાબરા મેજી.ની કોર્ટમાં પહોચ્યો હતો. જેમાં બંને પક્ષોની દલીલો બાદ પવનચક્કી કંપની દ્વારા ગૌચર દબાણ કર્યાનું ફલિત થયું હતું. જે બાદ કંપની દ્વારા પોતાની અપીલ જીલ્લા સેસન્સ કોર્ટમાં દાખલ કરેલી જ્યાં પણ નીચલી કોર્ટ દ્વારા થયેલો હુકમ યથાવત રહેલો હતો.

બાદ ગ્રામપંચાયત દ્વારા ગૌચર દબાણ હટાવવા પોલીસ પ્રોટેક્શન સાથે કામગીરી કરવા સ્થળ ઉપર ગયેલા ત્યારે પવનચક્કી કંપની દ્વારા વીજપોલનું ડિમોલેશન ટાળવા માટે વીજ પાવર શરૂ રાખતા ગ્રામપંચાયત વર્તુળે જીલ્લા તાલુકાના અધિકારીનો સંપર્ક સાધેલો પરંતુ યોગ્ય સહકાર નહીં મળતા ડિમોલિશન પ્રક્રિયા અટકી પડી હતી. ■

# ભાવનગર મ્યુનિસિપલ કમિશનરે વાઘાવાડી રોડની કામગીરીનું નિરીક્ષણ કર્યું

અમદાવાદ: ભાવનગર શહેરમાં તાજેતરના ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓને નુકસાન થયું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું. ભાવનગર મ્યુનિસિપલ કમિશનર એન.કે. મીનાએ વાઘાવાડી રોડ પર ચાલી રહેલા સમારકામનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે હોટ મિક્સ મટિરિયલથી થઈ રહેલી રોડ રીપેરીંગની કામગીરી જોઈ હતી. કમિશનરે આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની સૂચના આપી હતી. મહાનગરપાલિકા વિસ્તારમાં અનેક સ્થળોએ રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આમાં વાઘાવાડી રોડ, જ્વેલર્સ સર્કલ, લીલી સર્કલ, રામ મંત્ર મંદિર રોડ, શિવજી સર્કલ અને વાદીલા નાળાથી અક્ષરપાર્ક સુધીના રસ્તાનો સમાવેશ થાય છે. ■